Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Shaikh, Nasrin M., 2004, પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણોના અભ્યાસ, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/17

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

ડોક્ટર ઓફ ફિલોસોફી (શિક્ષણ)ની ઉપાધિ માટેની જરૂરિયાતોની
પૂર્તિ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજૂ કરેલો

***મહાનિબંધ***

# પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણોનો અભ્યાસ

# A Study of Primary Teachers' Attitudes Towards Minimum Levels of Learning

✦
✦✦✦

✦ પ્રયોજક ✦

**નસરીન એમ. શેખ**

એમ.એ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (૧૯૭૫)
એમ.એડ્. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (૧૯૯૧)

✦✦✦
✦

✦ માર્ગદર્શક ✦

**ડૉ. જી. જી. નકુમ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
અનુસ્નાતક શિક્ષણ કેન્દ્ર
શ્રીમતી એમ. એમ. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન,
વઢવાણ શહેર

નવેમ્બર – ૨૦૦૪

**STATEMENT UNDER UNIVERSITY Ph.D. RULES**
**ORDI. Ph.D. 7**

I here by declare that,

(a) the research work embodied in this thesis on ***"A Study of Primary Teachers' Attitudes towards minimum levels of Learning"*** submitted for Ph.D. degree has not been submitted for any other degree of this or any other University on any previous occasion.

(b) to the best of my knowledge no work of this type has been reported on the above subject, since I have discovered new relation of facts, this work can be considered to be contributory to the advancement of knowledge on Psychology and Education; and

(c) all the work presented in the thesis is original and wherever references have been made to the work of others it has been clearly indicated as such and the sources of information included in the bibliography.

**Counter Signed by**
**The Guiding Teacher**

Date :

**Signature of the**
**Research Student**

Date :

# Certificate of Approval

This thesis, directed and supervised by the candidate's guide, has been accepted by the Department of Education, Saurashtra University, Rajkot in the fulfilment of the requirements for the degree of -

**Doctor of Philosophy**
**(EDUCATION)**

Title : "A Study of Primary Teachers' Attitudes Towards Minimum Levels of Learning"

Candidate : Nasrin M. Shaikh

(Dr. G. G. Nakum)
Guide

(Dr. B. L. Popat)
Professor-in-charge

Date :

Date:

# ઋણ સ્વીકાર

સંશોધન એ સહિયારું કાર્ય છે. અનેક વ્યક્તિઓના સહિયારા સહકારની ફલશ્રૃતિ એટલે સંશોધન. વ્યક્તિના એકલવાયા સાહસથી આ કાર્ય પૂર્ણ થતું નથી. આ સંશોધનના સમગ્ર સમય દરમિયાન મારા સંશોધન કાર્યને વધુ સુસજ્જિત બનાવવા માટે જેઓએ ખૂબ જ આત્મીયતાથી અને વાત્સલ્ય ભાવથી મારી ક્ષતિઓને દૂર કરી છે અને સારા કાર્યને બિરદાવ્યુ છે એવા સૌ કોઈ માર્ગદર્શકોનો હું અંતઃકરણપૂર્વક ઋણ સ્વીકારતા સંતોષની લાગણી અનુભવું છું.

સંશોધન કાર્યના પ્રત્યેક તબક્કે વિષય અંગેની ઊંડી સૂઝ, પ્રેરણા, સહાનુભૂતિ અને સતત સચોટ માર્ગદર્શન આપનાર મારા પરમ આદરણીય માર્ગદર્શક જી. જી. નકુમ સાહેબનો અંતઃકરણપૂર્વક ઋણ સ્વીકારતા હું ધન્યતા અનુભવું છું. માનનીય નકુમસાહેબે પોતાની અનુકૂળતા–પ્રતિકૂળતા, સમય–કસમયનો વિચાર કર્યા વગર મનેસતત હિંમત, પ્રેરણા, પ્રોત્સાહન અને ભાતૃભાવે સહૃદયતાપૂર્ણ યોગ્ય દિશામાં વાળી છે એ બદલ હું હંમેશા તેઓશ્રીની ઋણી રહીશ.

સંશોધન કાર્યમાં ડગલે અને પગલે સૌરાષ્ટ્રના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના આચાર્યો, વ્યાખ્યાતાઓ, અધ્યાપન મંદિરના અધ્યાપકો, પ્રાથમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો, કેળવણી નિરીક્ષકોએ કસોટી સંરચના વખતે વિધાનો એકત્રિત કરવામાં તથા વિધાનો તપાસી વિધાનોની પસંદગી કરી આપનાર તજ્જ્ઞશ્રી મોતીભાઈ પટેલ, ઉચાટ સાહેબ, ભોગાયતા સાહેબ, રમેશભાઈ કોઠારી, દેવડા દીપુબા, પ્રવીણભાઈ ડાભી તથા સુરેન્દ્રનગર બી.એડ્. કોલેજના પ્રાચાર્યા અને વ્યાખ્યાતાઓએ મને યોગ્ય દિશાસૂચન કરી લાગણીથી સહકાર આપ્યો તે બદલ હું તેઓની આભારી છું.

આ સંશોધન કાર્ય જેઓશ્રીની પ્રેરણા, પ્રોત્સાહન અને આશ્વાસન વગર પૂર્ણ જ ન થયું હોત એવા વિકાસ વિદ્યાલય સંસ્થાના પ્રેરણામૂર્તિ મંત્રીશ્રી પૂજય અરૂણાબહેન દેસાઈ અને શ્રીમતી સદગુણાબહેન સી. યુ. શાહ અધ્યાપન મંદિરના માનનીય આચાર્યશ્રી ચંદ્રમૌલિ વી. જોશી સાહેબના સહકાર, માર્ગદર્શન અને હિંમત વગર આ કાર્ય પૂર્ણ કરવું અશક્ય હતું. મને સતત પ્રેરણા, હિંમત અને હૂંફ આપનાર આ બન્ને પાત્રોનો ઋણ સ્વીકારતા હું સંતોષ અને હળવાશની લાગણી અનુભવું છું.

મારા આ સંશોધનનું કાર્યક્ષેત્ર સૌરાષ્ટ્રના સાતેય જિલ્લાઓ હોઈ આ સાતેય જિલ્લાઓના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના પ્રાચાર્યો, વ્યાખ્યાતાઓ, તજ્જ્ઞો, પ્રાથમિક શાળાઓના આચાર્યોની હું ખૂબ ખૂબ આભારી છું. પ્રસ્તુત સંશોધનની પાયાની ઈંટ સમાન સૌરાષ્ટ્ર વિસ્તારના પ્રાથમિક શિક્ષકોએ મને આ અભ્યાસ કરવામાં સહકાર આપ્યો તે બદલ હું હૃદયપૂર્વક આભાર માનું છું.

પ્રસ્તુત સંશોધનમાં મને સતત પ્રોત્સાહન પૂરું પાડનાર એમ. એમ. શાહ બી. એડ્. કોલેજના પ્રાચાર્યશ્રી બિન્દુબહેન પોપટ તથા વ્યાખ્યાતાશ્રીઓના સહકાર બદલ હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

આ સંશોધન કાર્ય પૂર્ણ કરવામાં મને હૃદયથી સહકાર આપનાર મારી મોટી બહેનો, મારા સ્વજનો તથા મારા મિત્રવૃંદની હું ખૂબ ખૂબ ઋણી છું.

વડીલોના આશીર્વાદ અને ઈશ્વરકૃપાથી મારું આ સંશોધન કાર્ય પૂર્ણ કરતાં હું સંતોષ અનુભવું છું.

સુરેન્દ્રનગર

નવેમ્બર–૨૦૦૪ **નસરીન એમ. શેખ**

# અનુક્રમણિકા

પૃષ્ઠ ક્રમાંક

❖ નામાભિધાન પૃષ્ઠ

❖ ઋણ સ્વીકાર

**પ્રકરણ – ૧** ૦૦૧–૦૨૨
**સમસ્યા કથન અને શબ્દોની વ્યાખ્યા**

૧.૧ પ્રસ્તાવના
૧.૨ સમસ્યાકથન
૧.૩ ચલોની ઓળખ
૧.૪ અભ્યાસના હેતુઓ
૧.૫ અભ્યાસની ઉત્કલ્પનાઓ
૧.૬ અભ્યાસનું મહત્ત્વ
૧.૭ અભ્યાસની મર્યાદાઓ
૧.૮ પારિભાષિક શબ્દોની વ્યાખ્યા
૧.૯ હવે પછીનાં પ્રકરણોની રૂપરેખા

**પ્રકરણ – ૨** ૦૨૩–૦૫૮
**સંદર્ભ સાહિત્યની સમીક્ષા**

૨.૧ પ્રસ્તાવના
૨.૨ સંદર્ભ સાહિત્યનું મહત્ત્વ
૨.૩ સમીક્ષાના હેતુઓ
૨.૪ સમીક્ષા માટેના પ્રશ્નો
૨.૫ સંબંધિત સાહિત્યની સંખ્યા

૨.૬ સમીક્ષા માટે વિશ્લેષણની રીત
૨.૭ લઘુતમ અધ્યયન કક્ષા વિશે થયેલાં સંશોધનોની લાક્ષણિકતાઓનું વિશ્લેષણ અને અર્થઘટન.
૨.૮ પ્રસ્તુત અભ્યાસની વિશેષતાઓ.

**પ્રકરણ – ૩** **૦૫૯–૦૯૪**
**સંશોધન યોજના અને તેની આધારશિલાઓ**

૩.૧ વિષયનો ઉદ્‌ગમ
૩.૨ વ્યાપ વિશ્વની વ્યાખ્યાઓ
૩.૩ પ્રાપ્ત માહિતી અંગેની સ્પષ્ટતા
૩.૪ નમૂના પસંદગીની રીત
૩.૫ સંશોધન ઉપકરણ
૩.૬ માહિતી પ્રાપ્તિ માટેની પ્રવિધિઓ
૩.૭ માહિતી પૃથક્કરણ પ્રવિધિ

**પ્રકરણ – ૪** **૦૯૫–૧૩૨**
**ઉપકરણની સંરચના**

૪.૧ પ્રસ્તાવના
૪.૨ લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં ઘટકોની પસંદગી
➢ ઘટકોની સામાન્ય યાદી
➢ પસંદિત થયેલાં ઘટકોની યાદી
➢ ઘટકોની પસંદગીની પ્રક્રિયા
૪.૩ વિધાનોનું એકત્રીકરણ
૪.૪ વિધાનોનું સંકલન
૪.૫ વિધાનોના સંકલન પરથી વિધાનોની તારવણી
૪.૬ વિધાનોની નિષ્ણાતો દ્વારા ચકાસણી
૪.૭ વલણ માપદંડનું પૂર્વપ્રાથમિક સ્વરૂપ
૪.૮ કલમ પૃથક્કરણની રીત

૪.૯ વલણ માપદંડનું પ્રાથમિક સ્વરૂપ

૪.૧૦ વલણ માપદંડના અંતિમ સ્વરૂપ માટેનાં વિધાનોની પસંદગી

૪.૧૧ વલણ માપદંડનું અંતિમ સ્વરૂપ ગુણાંકન યોજના

૪.૧૨ વલણ માપદંડની વિશ્વસનીયતા

૪.૧૩ વલણ માપદંડની યથાર્થતા

૪.૧૪ વલણ માપદંડની માર્ગદર્શિકા

**પ્રકરણ – ૫** **૧૩૩–૧૬૮**

**માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

૫.૧ ભૂમિકા

૫.૨ અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓ

૫.૩ પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

૫.૪ શહેરી અને અર્ધશહેરી વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

૫.૫ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૬ અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણાંકો.

૫.૭ કુમાર અને કન્યા શાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૮ કુમાર અને મિશ્ર શાળામાં કામ કરતાં પ્રાથમિક શાળાના શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૯ કન્યા અને મિશ્ર શાળામાં કામ કરતાં પ્રાથમિક શાળાનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૦ સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૧ સવર્ણ અને એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૨ સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૩ સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૪ એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૫ એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૬ એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૭ પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૮ શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૯ શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૦ નોકરી અને ખેતી કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયત કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૧ નોકરી અને અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયત કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૨ ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૩ શિક્ષક અને બિનશિક્ષક પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૪ શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૫ પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૬ પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૭ બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૮ પાંચ વર્ષથી ઓછા અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૯ પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૩૦ પાંચથી દશ વર્ષનો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૩૧ નિયમસરનો પગાર લેતા અને નિયમ કરતા ઓછો પગાર લેતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૩૨ લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતાં અને લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

**પ્રકરણ – ૬** **૧૬૯–૧૮૯**
**સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભલામણો**

૬.૧ સારાંશ
૬.૨ તારણો
૬.૩ ફલિતાર્થો
૬.૪ ભલામણો

❖ **સંદર્ભ સૂચિ** **૧૯૦–૧૯૫**

❖ **પરિશિષ્ટો** **૧૯૬–૨૫૨**

# સારણી સૂચિ


| સારણી ક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૨.૧ | એમ.એલ.એલ. અંગે થયેલાં સંશોધનો | ૩૧ |
| ૨.૨ | એમ.એલ.એલ. કક્ષાએ થયેલાં સંશોધનોનું વિશ્લેષણ | ૩૩ |
| ૩.૧ | સમગ્ર વ્યાપવિશ્વમાં આવેલ જિલ્લા અને વિસ્તારવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકો | ૬૨ |
| ૩.૨ | સમગ્ર વ્યાપવિશ્વમાં આવેલ જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકો | ૬૪ |
| ૩.૩ | સમગ્ર વ્યાપવિશ્વમાં આવેલ વિસ્તારવાર શિક્ષકો | ૬૫ |
| ૩.૪ | નમૂનામાં સમાવિષ્ટ જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકો | ૬૭ |
| ૩.૫ | નમૂનામાં સમાવિષ્ટ વિસ્તારવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકો | ૬૮ |
| ૩.૬ | નમૂનામાં સમાવિષ્ટ અમરેલી જિલ્લાના વિસ્તારવાર શિક્ષકો | ૬૯ |
| ૩.૭ | નમૂનામાં સમાવિષ્ટ જામનગર જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકો | ૭૦ |
| ૩.૮ | નમૂનામાં સમાવિષ્ટ જૂનાગઢ જિલ્લાના વિસ્તારવાર શિક્ષકો | ૭૧ |
| ૩.૯ | નમૂનામાં સમાવિષ્ટ પોરબંદર જિલ્લાના વિસ્તારવાર શિક્ષકો | ૭૨ |
| ૩.૧૦ | નમૂનામાં સમાવિષ્ટ ભાવનગર જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકો | ૭૩ |
| ૩.૧૧ | નમૂનામાં સમાવિષ્ટ રાજકોટ જિલ્લાના વિસ્તારવાર શિક્ષકો | ૭૪ |
| ૩.૧૨ | નમૂનામાં સમાવિષ્ટ સુરેન્દ્રનગર જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકો | ૭૫ |
| ૩.૧૩ | નમૂનામાં સમાવિષ્ટ શાળાના પ્રકાર પ્રમાણે પુરુષ અને સ્ત્રી શિક્ષકો | ૭૬ |
| ૩.૧૪ | નમૂનામાં સમાવિષ્ટ કુટુંબના પ્રકાર પ્રમાણે પુરુષ અને સ્ત્રી શિક્ષકો | ૭૭ |
| ૩.૧૫ | નમૂનામાં સમાવિષ્ટ સામાજિક જૂથ પ્રમાણે પુરુષ અને સ્ત્રી શિક્ષકો | ૭૮ |
| ૩.૧૬ | નમૂનામાં સમાવિષ્ટ વૈવાહિક સ્થિતિ પ્રમાણે પુરુષ અને સ્ત્રી શિક્ષકો | ૮૦ |
| ૩.૧૭ | નમૂનામાં સમાવિષ્ટ પિતાના અભ્યાસ પ્રમાણે શિક્ષકો | ૮૧ |

| સારણી ક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૩.૧૮ | નમૂનામાં સમાવિષ્ટ માતાના અભ્યાસ પ્રમાણે શિક્ષકો | ૮૨ |
| ૩.૧૯ | નમૂનામાં સમાવિષ્ટ પિતાના વ્યવસાય પ્રમાણે શિક્ષકો | ૮૩ |
| ૩.૨૦ | નમૂનામાં સમાવિષ્ટ શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાન શિક્ષકો | ૮૪ |
| ૩.૨૧ | નમૂનામાં સમાવિષ્ટ શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાન શિક્ષકો | ૮૫ |
| ૩.૨૨ | નમૂનામાં સમાવિષ્ટ શૈક્ષણિક લાયકાત પ્રમાણે શિક્ષકો | ૮૬ |
| ૩.૨૩ | નમૂનામાં સમાવિષ્ટ શૈક્ષણિક અનુભવ પ્રમાણે શિક્ષકો | ૮૭ |
| ૩.૨૪ | નમૂનામાં સમાવિષ્ટ પગારના ધોરણ પ્રમાણે શિક્ષકો | ૮૮ |
| ૩.૨૫ | નમૂનામાં સમાવિષ્ટ તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા અને ના બજાવતા શિક્ષકો | ૮૯ |
| ૪.૧ | વિવિધ વ્યક્તિઓની લીધેલી મુલાકાત. | ૧૦૨ |
| ૪.૨ | વિવિધ સ્ત્રોતમાંથી મેળવેલ વિધાનોની સંખ્યા. | ૧૦૩ |
| ૪.૩ | વિધાનોની ઘટકવાર સંખ્યા | ૧૦૪ |
| ૪.૪ | ઘટકવાર પસંદિત વિધાનોની સંખ્યા. | ૧૦૭ |
| ૪.૫ | પૂર્વ પ્રાથમિક સ્વરૂપ માટે પસંદિત વિધાનોની સંખ્યા. | ૧૦૮ |
| ૪.૬ | વલણ માપદંડની પૂર્વ પ્રાથમિક સ્વરૂપની અજમાયશ. | ૧૧૦ |
| ૪.૭ | પૂર્વ પ્રાથમિક સ્વરૂપનાં વિધાનોના 'ટી' મૂલ્યો. | ૧૧૩ |
| ૪.૮ | વિધાનોનું વર્ગીકરણ. | ૧૧૪ |
| ૪.૯ | વિધાનવાર ટી–મૂલ્યો તથા સ્વીકાર કે અસ્વીકાર | ૧૧૫ |
| ૪.૧૦ | વલણ માપદંડના પ્રાથમિક સ્વરૂપની અજમાયશ. | ૧૧૮ |
| ૪.૧૧ | પ્રાથમિક અજમાયશ : વિધાનોનાં ટી–મૂલ્યો | ૧૧૯ |
| ૪.૧૨ | ઊતરતા ક્રમમાં ગોઠવેલા વિધાનોનાં ટી–મૂલ્યો | ૧૨૨ |
| ૪.૧૩ | અંતિમ સ્વરૂપ માટે પસંદિત વિધાનોનાં ટી–મૂલ્યો | ૧૨૫ |

| સારણી ક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૪.૧૪ | કસોટી પુન : કસોટી પ્રાપ્તાંક | ૧૨૮ |
| ૪.૧૫ | કસોટી અર્ધવિચ્છેદ પદ્ધતિ પ્રાપ્તાંક | ૧૨૯ |
| ૪.૧૬ | ડો. ચંદ્રમૌલિ વલણમાપદંડ સાથેના પ્રયોજક વલણમાપદંડના પ્રાપ્તાંકો. | ૧૩૧ |
| ૪.૧૭ | નિમાવત અભિપ્રાયવલિ અને પ્રયોજક વલણમાપદંડના પ્રાપ્તાંકો | ૧૩૨ |
| ૫.૧ | પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૩૮ |
| ૫.૨ | શહેરી અને અર્ધ શહેરી વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૩૯ |
| ૫.૩ | શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૦ |
| ૫.૪ | અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૧ |
| ૫.૫ | કુમાર અને કન્યાશાળામાં કામ કરતા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૨ |
| ૫.૬ | કુમાર અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૩ |
| ૫.૭ | કન્યા અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૪ |
| ૫.૮ | સયુંક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી મૂલ્ય. | ૧૪૫ |
| ૫.૯ | સવર્ણ અને એસ.સી. પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૬ |

| સારણી ક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૫.૧૦ | સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૭ |
| ૫.૧૧ | સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૮ |
| ૫.૧૨ | એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિના શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૪૯ |
| ૫.૧૩ | એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણવિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૫૦ |
| ૫.૧૪ | એસ.ટી અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૫૧ |
| ૫.૧૫ | પરિણીત એન અપરિણીત પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૫૨ |
| ૫.૧૬ | શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૫૩ |
| ૫.૧૭ | શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૫૪ |
| ૫.૧૮ | નોકરી કરતાં અને ખેતી કરતા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૫૫ |

| સારણી ક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૫.૧૯ | નોકરી કરતા અને અન્ય વ્યવસાય કરતા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૫૬ |
| ૫.૨૦ | ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૫૭ |
| ૫.૨૧ | શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૫૮ |
| ૫.૨૨ | શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાન એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૫૯ |
| ૫.૨૩ | પી.ટી.સી. તરીકેની અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર | ૧૬૦ |
| ૫.૨૪ | પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો. | ૧૬૧ |
| ૫.૨૫ | બી.એડ્. તરીકેની અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી પ્રમાણ વિચલન સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૬૨ |
| ૫.૨૬ | પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૬૩ |

| સારણી ક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૫.૨૭ | પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૬૪ |
| ૫.૨૮ | પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૬૫ |
| ડ૫.૨૯ | નિયમસરનો પગાર લેતાં અને નિયમ કરતાં ઓછો પગાર લેતા શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરારીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૬૬ |
| ૫.૩૦ | લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા અને તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર. | ૧૬૭ |

# પરિશિષ્ટ સૂચિ


| પરિશિષ્ટ ક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ઘટકોની પસંદગી માટે પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલ અનુભવી વ્યક્તિઓના નામોની યાદી | ૧૯૭ |
| ૨ | લઘુતમ અધ્યયન કક્ષાના ઘટકોની પસંદગી કરવા માટે તજ્જ્ઞશ્રીઓને વિનંતી પત્ર | ૧૯૮ |
| ૩ | વિધાનોની ચકાસણી કરી આપનાર નિષ્ણાતોના નામની યાદી | ૧૯૯ |
| ૪ | વિધાનોની યાદી | ૨૦૧ |
| ૫ | વલણમાપદંડનું પૂર્વ પ્રાથમિક સ્વરૂપ | ૨૨૩ |
| ૬ | વલણમાપદંડનું પ્રાથમિક સ્વરૂપ | ૨૨૯ |
| ૭ | વલણમાપદંડનું અંતિમ સ્વરૂપ | ૨૩૪ |
| ૮ | ડૉ. ચંદ્રમૌલિ જોષી – વલણમાપદંડ કસોટી | ૨૩૯ |
| ૯ | નિમાવત – અભિપ્રાયાવલિ | ૨૪૧ |
| ૧૦ | વલણમાપદંડ માર્ગદર્શિકા | ૨૪૭ |

# પ્રકરણ - ૧
# સમસ્યા કથન અને શબ્દોની વ્યાખ્યા


૧.૧ પ્રસ્તાવના

૧.૨ સમસ્યા કથન

૧.૩ ચલોની ઓળખ

૧.૪ અભ્યાસના હેતુઓ

૧.૫ અભ્યાસની ઉત્કલ્પનાઓ

૧.૬ અભ્યાસનું મહત્ત્વ

૧.૭ અભ્યાસની મર્યાદાઓ

૧.૮ પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

૧.૯ હવે પછીનાં પ્રકરણોની રૂપરેખા

# પ્રકરણ - ૧
# સમસ્યા કથન અને શબ્દોની વ્યાખ્યા

## ૧.૧ પ્રસ્તાવના :

સમાજના અસ્તિત્વનું મહત્ત્વનું અને પ્રેરક બળ પરિવર્તન છે. પરિવર્તન વિના સમાજનું અસ્તિત્વ શકય નથી. પરિવર્તનની આ પ્રક્રિયા દ્વારા જ સમાજ પ્રગતિ કરી શકે છે. જ્ઞાન અને વિજ્ઞાનના વિકાસને કારણે જ સમાજ આટલી ઝડપે આગળ વધી રહ્યો છે. સમાજની આ ઝડપી પ્રગતિની પ્રક્રિયામાં સૌથી વિશેષ સમર્થ અને પ્રેરક પરિબળ હોય તો તે છે સમાજનું શિક્ષણ.

સમજાય તેવી બાબત છે કે છેલ્લા થોડાક દશકાઓમાં થયેલા ઝડપી વૈશ્વીકરણનાં પગલે સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિમાં થયેલ બદલાવથી વિશ્વસ્તરે દેશની અગ્રિમતાઓ, શૈક્ષણિક પાસાંઓ અને સ્પર્ધાત્મક વલણોમાં અનેક નવાં પાસાંઓનો પ્રવેશ થયો છે. નૂતન વિકાસના પરિણામે આવેલા પડકારોએ ઘણાં દેશોને તેમની શૈક્ષણિક પરિસ્થિતિઓને નવીનતાસભર બનાવી તેમાં સુધારા લાવવા માટે કટિબદ્ધ થવા પ્રેર્યા છે, કે જેથી તે દેશો પોતાની પ્રજાની ભવિષ્યની જરૂરિયાતોને સંતોષી શકે તેમજ પ્રજાને નૂતન પ્રવાહો સાથે તાલમેલ સાધવા સક્ષમ બનાવી શકે.

શિક્ષણના ઈતિહાસ પર નજર નાંખતા સમયાન્તરે શિક્ષણમાં થયેલા ફેરફારો ધ્યાનમાં આવ્યા વગર રહેતા નથી. આઝાદી પછી પ્રાથમિક શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો. ભારતના સંવિધાનમાં ૬ થી ૧૪ વર્ષની વયજૂથમાં આવતાં તમામ બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ મળે તેવું માર્ગદર્શન સિદ્ધાન્તોમાં સૂચવવામાં આવેલ પરંતુ કમનસીબે આપણે આ લક્ષ્ય સુધી પહોંચી શકયાં નથી. ઉપરાંત, પ્રાથમિક શિક્ષણ દરમિયાન બાળકો માટે જરૂરી પાયાનાં કૌશલ્યની દેખાતી અલ્પવિકસિત ઉણપ એ નબળી ગુણવત્તાવાળા શિક્ષણની સાબિતી છે. આમ, ભારતના બંધારણની કલમ મુજબ પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ બનાવવા માટેના ઘણાં પ્રયત્નો થયા છતાં શિક્ષણનો હેતુ સિદ્ધ થઈ શકયો નહીં. ઈ.સ.૧૯૭૯–૮૦ માં ભારત સરકારના

માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ ખાતા દ્વારા પ્રાથમિક શિક્ષણમાં ઊભી થયેલી સમસ્યાઓના ઉકેલ માટે સમગ્ર રાજ્યમાં શ્રેણી વિટીન ઘટક યોજના મૂકવામાં આવી છતાં તેનાં મીઠાં ફળ આપણે માણી શકયા નહીં. પરિણામે ઈ.સ. ૧૯૮૬ માં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કરવામાં આવ્યો, જેનાથી શિક્ષણનો વ્યાપ વધ્યો પરંતુ, ગુણવત્તા વધી નહીં. નબળી ગુણવત્તાવાળું શિક્ષણ એ આપણાં દેશના વિકાસ આડે આવતું એક અગત્યનું અવરોધક પરિબળ બની ગયું. આમ, શિક્ષણનું વિસ્તરણ વધતું ગયું પણ સાથે સાથે અસમાન ગુણવત્તા અને શિક્ષણના સ્તરની સમાનતાની સમસ્યા ઊભી થઈ. આ સંદર્ભમાં બીજા ઘણા બધા વિકાસાત્મક દેશોની સાથે જ ભારતમાં પણ લઘુતમ અધ્યયન કક્ષા (એમ.એલ.એલ.) અભિગમ અમલમાં આવ્યો.

માનવી પળે પળે શીખતો રહે છે. કારણ કે માનવી સ્વભાવે જ અધ્યયનશીલ પ્રાણી છે. ૨૧મી સદીમાં "સૌના માટે શિક્ષણ" તો જોઈશે જ પણ તે "સૌના માટે ગુણવત્તા વાળું શિક્ષણ" હોવું તે અગત્યની બાબત છે. વિશેષ, સૌના માટે ઊંચી ગુણવત્તાવાળા શિક્ષણની વાત કરવાની છે. દેશનો સમગ્ર અર્થમાં વિકાસ સાધવા માટે ભારતના ભાવિ નાગરિકો એવા આપણાં બાળકોના પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણાના અભિયાન દ્વારા સમગ્ર પ્રાથમિક શાળાની વ્યવસ્થાની સુધારણા, વિશેષ હેતુપૂર્વકની અધ્યયન–અધ્યાપન પ્રવૃત્તિ, આનંદપ્રદ બાળકેન્દ્રી અને ઉત્તમ ગુણોવાળું પ્રાથમિક શિક્ષણ, પ્રત્યેક બાળકની વયકક્ષા, રસ, રુચિ અને વલણોના સંદર્ભમાં વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખીને આગળ વધવાની જરૂર છે. આ માટે ડૉ. યશપાલના માર્ગદર્શન નીચે, 'યશપાલ કમિશન' 'ભાર વગરનું ભણતર'નો ખ્યાલ આવ્યો. ગુજરાતના ઋષિ ડૉ. રવિન્દ્ર દવેના અધ્યક્ષપણા નીચે એક સમિતિની રચના કરવામાં આવી અને આ સમિતિએ પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટેનો એક નવો અભિગમ લઘુતમ અધ્યયન કક્ષા સૂચવ્યો અને ઈ.સ. ૧૯૯૫થી સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણમાં ધોરણ ૧ થી ૭ માં આ અભિગમ અમલમાં આવ્યો.

લઘુતમ અધ્યયન કક્ષાએ કોઈ નવી શિક્ષણ પદ્ધતિ નથી. પરંતુ એક નવો અભિગમ છે. આ અભિગમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણની ગુણવત્તા સુધારણાનો છે. ગુણવત્તા સુધારણાના કાર્યક્રમની કેટલીક વિશિષ્ટતાઓ છે, જેમાં વર્ગનાં બધાં જ બાળકો પાયાનું

લઘુતમ શિક્ષણ પારંગતતાની કક્ષાએ મેળવે. શીખવાને બદલે શીખવાની પ્રક્રિયા શીખે. નવું જ્ઞાન જાતે મેળવે, સમજપૂર્વકનું શિક્ષણ, વયકક્ષાને અનુરૂપ, ભાર વગરનું સતત મૂલ્યાંકન અને ઉપચારાત્મક શિક્ષણ દ્વારા અપેક્ષિત પરિણામોનો સમાવેશ થાય છે. આના માટે અંગ્રેજી શબ્દ Minimum Levels of Learning (M.L.L.) છે જેનો અર્થ થાય છેઃ

- ❖ Minimum : મિનિમમ એટલે અલ્પતમ, લઘુતમ ઓછામાં ઓછી વગેરે.
- ❖ Level : લેવલ એટલે કક્ષા કે સ્તર વગેરે.
- ❖ Learning : લર્નિંગ એટલે અધ્યયન અભ્યાસ

લઘુતમ અધ્યયન કક્ષાને સૂત્રાત્મક રીતે નીચે મુજબ લખી શકાયઃ

- ❖ એમ.એલ.એલ. = ગુણવત્તા + સમાનતા
- ❖ ગુણવત્તા = ક્ષમતા + પારંગતતા

અહીં ક્ષમતા અને પારંગતતા ગુણવત્તા સૂચક શબ્દો છે. બંધારણમાં દર્શાવ્યા મુજબ લઘુતમ અધ્યયન અભિગમમાં પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ મેળવવાની તક સમાન રીતે પૂરી પાડવી જોઈએ. આ અભિગમમાં ત્રણ શબ્દો મહત્ત્વના છે.

૧. ક્ષમતા

૨. પારંગતતા

૩. સમાનતા

વર્ગના બધાં જ બાળકો નક્કી કરેલ ક્ષમતાઓ પારંગતતાની કક્ષાએ સિદ્ધ કરે એટલે સમજ પૂર્વકનું શિક્ષણ મેળવે – એ આ અભિગમની મહત્ત્વની બાબત છે. કાચું જ્ઞાન પાકું થયા પછી નવું જ્ઞાન – વર્ગમાં દરેક બાળકની ગુણવત્તા વધે તો જ વર્ગની ગુણવત્તા વધે, દરેક વર્ગની ગુણવત્તા વધે તો જ શાળાની ગુણવત્તા વધે અને દરેક શાળાની ગુણવત્તા વધે તો જ સમગ્ર દેશની ગુણવત્તા વધે છે. આમ પાયાનું શિક્ષણ મજબૂત બને એ આ અભિગમનું મુખ્ય લક્ષ્ય છે.

આ અભિગમના અમલીકરણ સાથે તેને ફળદાયી બનાવવા માટે કેટલીક યોજનાઓ પણ અમલમાં મૂકવામાં આવી – જેમકે મધ્યાહન ભોજન યોજના, મફત પાઠયપુસ્તક વિતરણ યોજના, ગણવેશ અને શિષ્યવૃત્તિ યોજના, ઓપરેશન બ્લેક બોર્ડ

યોજના, અંતર્ગત પ્રત્યેક શાળાને રૂપિયા પચાસ હજારની મર્યાદામાં ક્રમિક રીતે શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવાની યોજના, શાળા પ્રવેશોત્સવ દ્વારા ગામનાં પ્રવેશપાત્ર તમામ બાળકોને એકી સાથે પ્રવેશ આપવાનો કાર્યક્રમ અને શાળામાં દાખલ થયા બાદ શરૂઆતના ત્રણ મહિના માટે તરંગ ઉલ્લસ કાર્યક્રમ, અંતર્ગત બાળરમતો, બાળગીતો, બાળવાર્તા જેવી રંજનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવી વગેરે મહત્ત્વની યોજનાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ અભિગમની સફળતાના મુખ્ય આધાર સમા પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપી આ ન્યૂનતમ સ્તર અભિગમથી માહિતગાર કરી, સમજ આપી શિક્ષકોને આ કાર્યમાં ભગીરથ પ્રયત્ન કરવામાં પ્રોત્સાહિત કરવાનું આયોજન છે.

આમ સર્વને સમાન ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપી શિક્ષણનું સાર્વત્રીકરણ કરવામાં પ્રાથમિક શિક્ષક એક નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. વાસ્તવમાં શાળામાં શિક્ષણની ઉચ્ચ કાર્યક્ષમતા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં શિક્ષક અગત્યનું પરિબળ છે.

## ૧.૨ સમસ્યા કથન :

દેશના સર્વાંગી વિકાસનું પ્રેરક પરિબળ છે શિક્ષણની પ્રક્રિયા. શિક્ષણની આ પ્રક્રિયાના મૂળમાં પડેલી છે શિક્ષણની પ્રતિભા. રાષ્ટ્ર કે સમાજની પ્રગતિમાં શિક્ષક જ અગ્ર ભાગ ભજવી શકે છે.

ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમને સફળ બનાવવાની ચાવી પ્રાથમિક શિક્ષકના હાથમાં છે. ગુણવત્તા સુધાર કાર્યક્રમમાં શિક્ષક અસરકારક અને નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. પ્રાથમિક શિક્ષણની પ્રક્રિયામાં જવાબદાર અને બાળકો સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા એવા પ્રાથમિક શિક્ષકો ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ અંગે કેવું વલણ ધરાવે છે તે જાણવું અત્યન્ત આવશ્કય છે. કારણ કે વ્યક્તિગત વર્તનમાં વલણ અગત્યનો ભાગ ભજવે છે તેથી કોઈ પણ વિષયમાં કે કાર્યમાં વ્યક્તિએ મેળવેલ સિદ્ધિ તે વિષય કે કાર્ય પરત્વેના તેના વલણને અનુરૂપ હોય છે. વલણ મુજબની પ્રવૃત્તિ વ્યક્તિના તનાવને ઓછો કરે છે અને કાર્યમાં સિદ્ધિ મેળવવામાં અગત્યનો ભાગ ભજવે છે.

પ્રસ્તુત સંશોધનના પ્રયોજક અધ્યાપન મંદિરમાં અધ્યાપિકા છે. આમ, તે પ્રાથમિક શિક્ષકો સાથે સંકળાયેલા છે. માટે તે લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યે પ્રાથમિક શિક્ષકો કેવું

વલણ ધરાવે છે તે જાણવાના હેતુથી પીએચ.ડી. કક્ષાએ સંશોધન કરવા માટે પોતાના વિષયને આ રીતે શબ્દબદ્ધ કર્યો છે.

**"પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ"**

## ૧.૩ ચલોની ઓળખ :

સંશોધન સમસ્યામાં આવરાયેલાં ચલોને ઓળખવાં અને તેમને વ્યવહારિક વ્યાખ્યાતિત કરવા એ સંશોધન પ્રક્રિયાનું અગત્યનું સોપાન છે. આ માટે ચલો અને તેના પ્રકારોની સમજ મેળવવી આવશ્યક છે. પ્રસ્તુત સંશોધનમાં ચલો આ પ્રમાણે હતા.

૧. સ્વતંત્ર ચલ

૨. પરતંત્ર ચલ

➢ **સ્વતંત્ર ચલ :**

સ્વતંત્ર ચલ એવો ઘટક છે જેને સંશોધન અવલોકન હેઠળની ઘટના પરનો તેનો સંબંધ નક્કી કરવા માટે તેને પસંદ કરે છે, લાગુ પાડે છે કે માપે છે. આ એવું ચલ છે જેને સંશોધક કોઈ અન્ય ચલમાં ફેરફાર લાવવા માટે લાગુ પાડે છે કે તેમાં ફેરફાર કરે છે. પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબનાં ચલોને પ્રયોજકે સ્વતંત્ર ચલ તરીકે ગણ્યાં હતાં.

૧. *જાતીયતા :*
   - ➢ પુરુષ
   - ➢ સ્ત્રી

૨. *વિસ્તાર :*
   - ➢ શહેરી
   - ➢ અર્ધ શહેરી
   - ➢ ગ્રામીણ

૩. *શાળાનો પ્રકાર :*
   - ➢ કુમાર
   - ➢ કન્યા
   - ➢ મિશ્ર

૪. *કુટુંબનો પ્રકાર :*

- ➢ સંયુક્ત
- ➢ વિભક્ત

૫. *સામાજિક જૂથ :*

- ➢ સવર્ણ
- ➢ એસ.સી.
- ➢ એસ.ટી.
- ➢ બક્ષીપંચ

૬. *વૈવાહિક સ્થિતિ :*

- ➢ પરિણીત
- ➢ અપરિણીત

૭. *માતા પિતાનો અભ્યાસ :*

- ➢ શિક્ષિત
- ➢ અશિક્ષિત

૮. *પિતાનો વ્યવસાય :*

- ➢ નોકરી
- ➢ ખેતી
- ➢ અન્ય

૯. *પિતા શિક્ષક છે ? :*

- ➢ હા
- ➢ ના

*માતા શિક્ષક છે ? :*

- ➢ હા
- ➢ ના

*૧૦. શૈક્ષણિક લાયકાત :*

- ➢ પી.ટી.સી.
- ➢ બી.એડ્.
- ➢ અન્ય

*૧૧. શૈક્ષણિક અનુભવ :*

- ➢ પાંચ વર્ષથી ઓછો
- ➢ પાંચથી દશ વર્ષ
- ➢ દશ વર્ષથી વધુ

*૧૨. પગારનું ધોરણ :*

- ➢ નિયમસર
- ➢ નિયમથી ઓછું

*૧૩. એમ.એલ.એલ. તજ્જ્ઞ તરીકે કામ કરો છો ? :*

- ➢ હા
- ➢ ના

➢ **પરતંત્ર ચલ :**

લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો.

## ૧.૪ અભ્યાસના હેતુઓ :

કોઈપણ સંશોધન કાર્ય હાથ ધરતાં પહેલાં સંશોધકે તે કાર્યના હેતુઓ નક્કી કરવા જોઈએ. હેતુઓ નક્કી કરવાથી એ દિશામાં યોગ્ય ગતિએ કાર્યને આગળ ધપાવી શકાય છે અને હાથ ધરેલું સંશોધન કાર્ય સારી રીતે પૂર્ણ થઈ શકે તેમજ ફળદાયી બને છે. આ સંશોધન કાર્ય માટે સંશોધકે જે હેતુઓ નક્કી કર્યા હતાં તે આ પ્રમાણે છે.

૧. સૌરાષ્ટ્ર વિસ્તારની પ્રાથમિક શાળાઓનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો જાણવા માટે ગુજરાતી ભાષામાં વલણમાપદંડની રચના કરી તેનું પ્રમાણીકરણ કરવું.

૨. સૌરાષ્ટ્ર વિસ્તારના પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૩. શહેરી અને અર્ધશહેરી વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૪. શહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૫. અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૬. કુમાર પ્રાથમિક શાળા અને કન્યા પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૭. કુમાર પ્રાથમિક શાળા અને મિશ્ર પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રૃત્યેનાં વલણોનાં અભ્યાસ કરવો.

૮. કન્યા પ્રાથમિક શાળા અને મિશ્ર પ્રાથમિક શાળાઓમાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૯. સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૦. સવર્ણ અને એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો તપાસવા.

૧૧. સવર્ણ અને એસ.ટી જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૧૨. સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૩. એસ.સી અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો તપાસવા.

૧૪. એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૧૫. એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૬. પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૭. શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૮. શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૯. નોકરી અને ખેતી કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૦. નોકરી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૧. ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૨. શિક્ષક અને બિન શિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૩. શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૪. પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શક્ષિકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૫. પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૬. બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૭. પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૮. પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૯. પાંચથી દશ વર્ષનો અને દશથી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૩૦. નિયમસરનો પગાર લેતા અને નિયમ કરતાં ઓછો પગાર લેતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૩૧. લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા અને લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

## ૧.૫ અભ્યાસની ઉત્કલ્પનાઓ :

જીવનની દરેક સમસ્યાના ઉકેલ માટે માનવી ઉત્કલ્પનાઓ બાંધે છે અને આવી પડેલ સમસ્યાને કઈ રીતે હલ કરવી તેનો બુદ્ધિ પૂર્વક વિચાર કરી તે માટેના પ્રયત્નો કરે

છે. ઉત્કલ્પનાઓ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખો છે. એક રીતે જોતાં ઉત્કલ્પનાઓ સમસ્યાના ઉકેલ માટેની ચાવી છે. સંશોધનમાં પણ સમસ્યાને અનુરૂપ ઉત્કલ્પનાઓ બાંધવી પડે છે કારણ કે તેથી સંશોધકને કાર્ય કરવાનો માર્ગ સૂઝે છે.

સંશોધકે પોતાના અભ્યાસ કાર્ય માટે જે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી તે આ પ્રમાણે છે.

૧. પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨. શહેરી અને અર્ધ શહેરી વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૩. શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૪. અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૫. કુમાર અને કન્યા પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૬. કુમાર અને મિશ્ર પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૭. કન્યા અને મિશ્ર પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૮. સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૯. સવર્ણ અને એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૦. સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૧. સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૨. એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૩. એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૪. એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૫. પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૬. શિક્ષિત અને અશિક્ષિત માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૭. શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૮. નોકરી અને ખેતી કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૯. નોકરી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૦. ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૧. શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૨. શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૩. પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૪. પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૫. બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૬. પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૭. પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૮. પાંચથી દશ વર્ષનો અને દશ વર્ષથી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૯. નિયમસરનો પગાર લેતાં અને નિયમ કરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૩૦. લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતાં અને લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૧.૬ અભ્યાસનું મહત્ત્વ :

કોઈપણ બાબત પરત્વેનું મહત્ત્વ જ કાર્યદિશા નક્કી કરી શકે છે. દરેક સંશોધન પોતાની રીતે મહત્ત્વ ધરાવતું હોય છે. આ એક પ્રકારનું શૈક્ષણિક સંશોધન છે તેથી તેનું મહત્ત્વ આ પ્રમાણે વિચારી શકાય.

૧. આ એક વ્યવહારું સંશોધન છે. તેના તારણો લઘુતમ અધ્યયન કક્ષા અભિગમને આગળ ધપાવવામાં ઉપયોગી થશે.

૨. અહીં વિસ્તાર તરીકે સૌરાષ્ટ્ર વિસ્તાર પસંદ કરેલો હોવાથી સૌરાષ્ટ્ર વિસ્તારની સરકાર માન્ય જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓના શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો જાણી શકાશે.

૩. નિદર્શનમાં સમાવિષ્ટ પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણો પર તેઓની જાતીયતા, વિસ્તાર, શાળાનો પ્રકાર, કુટુંબનો પ્રકાર, સામાજિક જૂથ, વૈવાહિક સ્થિતિ, માતા–પિતાનો અભ્યાસ, પિતાનો વ્યવસાય, શિક્ષક અને બિનશિક્ષક માતા–પિતાના સંતાનો શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક કાર્યનો અનુભવ અને પગારના ધોરણની તેમજ તજ્જ્ઞ તરીકેના કાર્યની શી અસર થાય છે તે જાણી શકાશે.

૪. આ ક્ષેત્રે અભ્યાસ કરનારા ભાવિ સંશોધકોને આ સંશોધન એક સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગી થશે.

૫. આ અભ્યાસના અંતે સૌરાષ્ટ્ર વિસ્તારની પરિસ્થિતિ સંદર્ભે ગુજરાતી ભાષામાં તૈયાર થયેલો પ્રમાણિત વલણમાપદંડ પ્રાપ્ત થશે.

૬. પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો જાણવાનો પ્રયાસ થયો છે જેના દ્વારા લઘુતમ અધ્યયન કક્ષાને સફળતાની દિશામાં આગળ લઈ જઈ શકાશે.

૭. આ વલણમાપદંડની રચના લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞોના અભિપ્રાયો અને માર્ગદર્શન મેળવીને તૈયાર કરવામાં આવી છે તેથી ભાવિ સંશોધકો માટે એક શૈક્ષણિક ઉપકરણ તરીકે ઉપયોગી થશે.

૮. પ્રાથમિક શિક્ષણની અસરકારતા વધારવા માટે આ વલણમાપદંડ ઉપયોગી નીવડશે.

## ૧.૭ અભ્યાસની મર્યાદાઓ :

કોઈપણ એક સંશોધન સર્વાંગ સંપૂર્ણ બની શકે નહીં. સંશોધનની ક્ષેત્ર મર્યાદાઓ પ્રયોજકનાં કાર્યને મર્યાદિત કરીને તેને જરૂરી વણાંક આપે છે. અભ્યાસનું ક્ષેત્ર સંશોધન યોજના મુજબ સિમિત બનાવવામાં નાનપ નથી. પ્રસ્તુત સંશોધન એક વ્યક્તિ દ્વારા થતું સંશોધન છે. તેથી પ્રયોજકે નીચે મુજબની મર્યાદાઓ રાખી છે.

૧. પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સાત જિલ્લાઓ – અમરેલી, જામનગર, જૂનાગઢ, પોરબંદર, ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં આવેલી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરતા શિક્ષકોનો જ સમાવેશ કરવામાં આવ્યો હોવાથી તેના પરિણામો અન્ય વિસ્તારના શિક્ષકોને લાગુ પાડી શકાશે નહીં.

૨. પ્રસ્તુત સંશોધનમાં લઘુતમ અધ્યયન કક્ષાનાં માત્ર આઠ જ ઘટકો – ક્ષમતાકેન્દ્રી શિક્ષણ, ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમની વિશેષતાઓ, ક્ષમતાકેન્દ્રી પાઠય પુસ્તકો, ક્ષમતાકેન્દ્રી અધ્યયન – અધ્યાયન પ્રક્રિયા, ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન સામગ્રી, ક્ષમતાકેન્દ્રી મૂલ્યાંકન, ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમનું નિરીક્ષણ, સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરિણામે લઘુતમ અધ્યયન કક્ષાના દરેક ઘટકના સંદર્ભમાં માહિતી પ્રાપ્ત થઈ શકે નહીં.

૩. પ્રસ્તુત અભ્યાસમાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો પર અસર કરતાં વિવિધ પરિબળો પૈકી અહીં માત્ર જાતીયતા, વિસ્તાર, શાળાનો પ્રકાર, કુટુંબનો પ્રકાર, સામાજિક જૂથ, વૈવાહિક સ્થિતિ, માતા–પિતાનો અભ્યાસ, પિતાનો વ્યવસાય, શિક્ષક અને બિનશિક્ષક માતા–પિતાના સંતાનો, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક કાર્યનો અનુભવ, પગારનું ધોરણ અને તજ્જ્ઞ તરીકેના કાર્ય જેવા ચલોની લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણ પર થતી અસરનો જ અભ્યાસ કરવામાં આવ્યો છે.

૪. આ અભ્યાસમાં માત્ર ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

૫. પ્રસ્તુત સંશોધનમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૧ દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારના જિલ્લાની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરતા શિક્ષકોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

૬. પ્રસ્તુત સંશોધન માટેની માહિતી એકત્રિત કરવા માટે માત્ર મુલાકાત, પ્રશ્નાવલિ, વલણમાપન કસોટીનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

૭. પ્રસ્તુત સંશોધનના પરિણામો પ્રાથમિક શાળાઓમાં નોકરી કરનાર ખાનગી શાળાઓના શિક્ષકોનો લાગુ પાડી શકાશે નહીં.

## ૧.૮ પારિભાષિક શબ્દોની વ્યાખ્યા :

પ્રસ્તુત સંશોધનના શીર્ષકમા અને અહેવાલમાં વપરાયેલા કેટલાક શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ આ પ્રમાણે કરવામાં આવેલી છે.

*૧. પ્રાથમિક શિક્ષકો :*

પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭ માં શિક્ષણ કાર્ય કરતાં શિક્ષકો.

*૨. લઘુતમ અધ્યયન કક્ષા :*

માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ડૉ. રવિન્દ્રભાઈ દવેના અધ્યક્ષપણા નીચે રચાયેલી સમિતિ દ્વારા ઈ.સ. ૧૯૯૦ માં પ્રાથમિક શિક્ષણની દરેક શ્રેણી માટે નવા અભ્યાસક્રમની તૈયાર કરાયેલી ક્ષમતાઓના સ્વરૂપમાં ઈ.સ. ૧૯૯૫થી ક્રમશઃ ધોરણ ૧ થી ૭ માટે કાર્યાન્વિત કરાયેલો લઘુતમ અધ્યયન કક્ષા નામે જાણીતો થયેલો અભિગમ.

*૩. લઘુતમ :*

'લઘુતમ' શબ્દ વર્ગમાં દરેક બાળકને ઓછામાં ઓછું અનિવાર્ય પણે આટલું તો આવડતું જ હોવું જોઈએ એવી અપેક્ષા પર ભાર મૂકે છે.

*૪. અધ્યયન :*

અધ્યયન એટલે શિક્ષણ દ્વારા વ્યક્તિના વર્તનમાં થતું અપેક્ષિત પરિવર્તન.

*૫. કક્ષા :*

કક્ષા એટલે સ્તર જે તે વિષયની નિર્ધારિત ક્ષમતાઓમાં દરેક વિદ્યાર્થી ઓછામાં ઓછી ૫૦% સિદ્ધિ મેળવે જ એવી અપેક્ષા ધ્યાનમાં રાખવામાં આવે તો તે ૩૫% કરતાં ઊંચું સ્તર ગણાય. ગુણવત્તાનું ધોરણ સુધારીને લગભગ વર્ગના દરેક વિદ્યાર્થી નિર્ધારિત ક્ષમતાઓમાં ૮૦ થી ૧૦૦ ટકા સિદ્ધિ પારંગતતાની કક્ષા કહેવાય.

*૬. વલણ :*

પ્રયોજકે તૈયાર કરેલ લઘુતમ અધ્યયન કક્ષા 'વલણમાપદંડ' કસોટીમાં પ્રાથમિક શિક્ષકોએ મેળવેલા પ્રાપ્તાંકો.

*૭. જાતીયતા :*

પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતા પુરુષ અને સ્ત્રી શિક્ષકો.

*૮. વિસ્તાર :*

**• શહેરી વિસ્તાર :**

જિલ્લા મથકમાં આવેલી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળઓમાં શિક્ષણકાર્ય કરતાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો.

**• અર્ધ શહેરી વિસ્તાર :**

તાલુકા મથકમાં આવેલી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરતા પુરુષ અને સ્ત્રી શિક્ષકો.

**• ગ્રામીણ વિસ્તાર :**

જિલ્લા મથક અને તાલુકા મથક સિવાયના વિસ્તારમાં આવેલી ગ્રામીણ પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતા પુરુષ અને સ્ત્રી શિક્ષકો.

*૯. શાળાનો પ્રકાર :*

**• કુમાર શાળાઓ :**

પંચાયત સંચાલિત પ્રાથમિક શાળઓ કે જેમાં માત્ર કુમારોને જ શિક્ષણ આપવામાં આવે છે.

**• કન્યા શાળાઓ :**

પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ કે જ્યાં માત્ર કન્યાઓને જ શિક્ષણ આપવામાં આવે છે.

**• મિશ્ર શાળાઓ :**

પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ કે જ્યાં કુમાર અને કન્યાઓને સાથે શિક્ષણ આપવામાં આવે છે.

*૧૦. કુટુંબનો પ્રકાર :*

**• સંયુક્ત કુટુંબ :**

જે કુટુંબમાં માતા–પિતા તથા બાળકો, દાદા, દાદી કે કાકા – કાકી સાથે રહેતાં હોય તેવા કુટુંબો.

**• વિભક્ત કુટુંબ :**

જે કુટુંબમાં ફક્ત માતા – પિતા તથા બાળકો જ રહેતા હોય તેવાં કુટુંબો.

*૧૧. સામાજિક જૂથ :*

**● સવર્ણ :**

ગુજરાત સરકારે માન્ય કરેલ પછાત વર્ગની યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા સવર્ણ શિક્ષકો.

**● એસ.સી. :**

ગુજરાત સરકારે માન્ય કરેલ એસ.સી.ની યાદીમાં સમાવિષ્ટ પામતા હોય તેવાં શિક્ષકો.

**● એસ.ટી. :**

ગુજરાત સરકારે માન્ય કરેલ એસ.ટી.ની યાદીમાં સમાવિષ્ટ થતા હોય તેવા શિક્ષકો.

**● બક્ષીપંચ :**

ગુજરાત સરકારે માન્ય કરેલ બક્ષીપંચની યાદીમાં સમાવિષ્ટ પામતા અને ઉન્નત વર્ગમાં જેનો સમાવેશ થતો ન હોય તેવા પ્રાથમિક શિક્ષકો.

*૧૨. વૈવાહિક સ્થિતિ :*

**● પરિણીત :**

લગ્ન કરી વૈવાહિક જીવન જીવતાં પ્રાથમિક શિક્ષકો.

**● અપરિણીત :**

લગ્ન કર્યા વગર અવૈવાહિક જીવન જીવતાં પ્રાથમિક શિક્ષકો.

*૧૩. શિક્ષિત માતા–પિતા :*

જે માતા–પિતાઓ વાંચી લખી શકે તેટલો કે તેનાથી વધારે અભ્યાસ ધરાવતાં હોય તેવાં પાત્રો.

*૧૪. અશિક્ષિત માતા – પિતા :*

જે માતા પિતાઓ વાંચી લખી શકતાં નથી તેવાં પાત્રો.

*૧૫. નોકરી કરતા પિતા :*

સરકારી કે બિન સરકારી ખાતામાં કામ કરી દર મહિને નિશ્ચિત વેતન મેળવતા પિતાઓ.

*૧૬. ખેતી કરતા પિતા :*

ખેતી કરી ખેડૂત તરીકેનું જીવન જીવતા પિતાઓ.

*૧૭. અન્ય કાર્ય કરતા પિતા :*

નાના મોટા પ્રકારનો સ્વતંત્ર ધંધો કરી કે રોજમદાર તરીકે કામ કરી વેતન મેળવતા પિતાઓ.

*૧૮. શિક્ષક માતા – પિતા :*

સરકારી કે બિનસરકારી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કે મહાવિદ્યાલયોમાં શિક્ષક તરીકે નોકરી કરતા શિક્ષકો.

*૧૯. પી.ટી.સી. :*

જેઓ બે વર્ષની પ્રાથમિક શિક્ષક તરીકેની તાલીમ લઈને પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે.

*૨૦. બી.એડ્. :*

જેઓ સ્નાતકની પદવી લઈને માધ્યમિક શિક્ષક તરીકેની એક વર્ષની તાલીમ લઈ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે.

*૨૧. અન્ય :*

જેઓ સી.પી.એડ્, એ.ટી.ડી. અને ટી.ટી.એન.સી. ની પરીક્ષાઓ પાસ કરી પ્રાથમિક શાળાઓમાં નોકરી કરે છે.

*૨૨. અનુભવ :*

સરકાર માન્ય જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય કરી શિક્ષક તરીકેનો પાંચ વર્ષથી ઓછો, દશ વર્ષ સુધીનો કે દશ વર્ષથી વધારેનો અનુભવ ધરાવતાં શિક્ષકો.

૨૩. *પગારનું ધોરણ :*

પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરી સરકારી ધોરણ મુજબ નિયમસરનો કે નિયમ કરતા ઓછો પગાર મેળવતાં પ્રાથમિક શિક્ષકો.

૨૪. *એમ.એલ.એલ.ના તજ્જ્ઞો :*

લઘુતમ અધ્યયન કક્ષા અભિગમ વિષયક વ્યવહારૂ માર્ગદર્શન આપનાર વિશેષજ્ઞ તે સંબંધી પ્રશિક્ષણ આપનાર પ્રાથમિક શિક્ષકો જેઓ જી.સી.આર.ટી. તથા ડી.આઈ.ઈ.ટી. સાથે જોડાઈને આ કાર્યક્રમમાં સહયોગ આપી રહ્યાં છે તેવાં પ્રાથમિક શિક્ષકોને તજ્જ્ઞ તરીકે ગણવવામાં આવ્યા છે.

## ૧.૯ હવે પછીના પ્રકરણોની રૂપરેખા :

- *પ્રકરણ – **એક***માં સમગ્ર અભ્યાસ કાર્યની પ્રાસ્તાવિક માહિતી આપવામાં આવી છે. અન્ય પ્રકરણની માહિતી આ પ્રમાણે છે.
- *પ્રકરણ – **બે***માં પ્રસ્તુત અભ્યાસ સાથે સંબંધિત ભૂતકાલીન સંશોધન સાહિત્યની સમીક્ષા રજૂ કરવામાં આવી છે.
- *પ્રકરણ – **ત્રણ***માં સંશોધનની આધારશિલા તથા યોજના રજૂ કરવામાં આવેલ છે. જેમાં વ્યાપવિશ્વની વ્યાખ્યા, નમૂના પસંદગીની રીત, ઉપકરણની પસંદગી તથા માહિતી પૃથક્કરણ માટે પસંદ કરેલ પ્રવિધિની માહિતી આપવામાં આવેલી છે.
- *પ્રકરણ – **ચાર***માં ઉપકરણની સંરચના, વિશ્વસનીયતા તથા તેની યથાર્થતા અંગેની માહિતી આપેલ છે.
- *પ્રકરણ – **પાંચ***માં ઉત્કલ્પનાઓના સંદર્ભમાં કરવામાં આવેલું માહિતીનું પૃથક્કરણ તથા તેના આધારે કરવામાં આવેલ અર્થઘટનની માહિતી રજૂ કરવામાં આવેલ છે.
- *પ્રકરણ – **છ***માં સંશોધનનો સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભાવિ સંશોધન અંગે કેટલીક ભલામણો આપેલ છે.

..✍

# પ્રકરણ - ૨
# સંદર્ભ સાહિત્યની સમીક્ષા


૨.૧ પ્રસ્તાવના

૨.૨ સંદર્ભ સાહિત્યનું મહત્ત્વ

૨.૩ સમીક્ષાના હેતુઓ

૨.૪ સમીક્ષા માટેના પ્રશ્નો

૨.૫ સંબંધિત સાહિત્યની સંખ્યા

૨.૬ સમીક્ષા માટે વિશ્લેષણની રીત

૨.૭ લઘુતમ અધ્યયન કક્ષા વિશે થયેલા સંશોધનોની લાક્ષણિકતાઓનું વિશ્લેષણ અને અર્થઘટન

૨.૮ પ્રસ્તુત અભ્યાસની વિશેષતાઓ

# પ્રકરણ - ૨
# સંદર્ભ સાહિત્યની સમીક્ષા

## ૨.૧ પ્રસ્તાવના :

ભૂતકાળમાં થયેલાં સંશોધનોનો અભ્યાસ વર્તમાન અને ભવિષ્ય માટે દૃષ્ટિ પ્રદાન કરે છે અને સાંપ્રત અભ્યાસને વધુ સમૃદ્ધ બનાવે છે. કોઈપણ સંશોધકે સંશોધન કાર્ય હાથ ધરતાં પહેલાં પોતાની સમસ્યાને અનુરૂપ પૂર્વે થયેલા સંશોધનોનો અભ્યાસ કરવો જરૂરી છે. સંદર્ભ સાહિત્યના અભ્યાસથી સંશોધક પોતાના પસંદ કરેલા ક્ષેત્રને સમજી શકે છે. જે ક્ષેત્રમાં સંશોધન કરવાનું હોય તે બાબત ઊંડાણ પૂર્વક સંશોધક માહિતગાર બને તો જ તે પોતાના અભ્યાસને ન્યાય આપી શકે. સંદર્ભ સાહિત્યના અભ્યાસથી કયા પ્રકારના કેટલાં સંશોધનો થયાં છે, આ સંશોધનોના વ્યાપ વિશ્વ, નમૂનાની પસંદગી, ઉપયોગમાં લીધેલાં ઉપકરણો, માહિતીનું એકત્રીકરણ, પૃથક્કરણ, અર્થઘટનો, સંશોધનની લાક્ષણિકતાઓ, પરિણામો અને તારણો અંગેની ઉપયોગી માહિતી સંશોધકને મળી રહે છે. સંદર્ભ સાહિત્યના અભ્યાસનું મહત્ત્વ સમજાવતા જયોર્જ જે મોર્લે[૧] કહે છે કે :

"The review of the reference literature is essential for the development of the problem and to the derivation of an effective approach to solution."

સંશોધન અભ્યાસ સાથે સંકળાયેલા સંદર્ભો જેવા કે જ્ઞાનકોશ, પુસ્તકો, પત્રિકાઓ, અહેવાલો, પ્રકાશિત અને અપ્રકાશિત શોધ નિબંધોનો અભ્યાસ સંશોધનની સૈદ્ધાન્તિક ભૂમિકા સ્પષ્ટ કરે છે. સંશોધકે પોતાના અભ્યાસ અન્વયે વિવિધ ઉપકરણોનો ઉપયોગ કર્યો હોય છે, એની સાર્થકતા સમજાય છે અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પ્રાપ્ત થાય છે.

---

[૧] George J. Morle : ***The Science of Educational Research***, Uresia Pub. House, Delhi, p. 332.

માણસ જ એક એવું પ્રાણી છે કે જે સદીઓનાં સચવાયેલા જ્ઞાનનો ઉપયોગ કરી જાણે છે. એટલું જ નહીં પરંતુ એમાં વિકાસ પણ કરી શકે છે ખાસ કરીને સંશોધનના પરિપેક્ષ્યમાં આ ભૂમિકા નોંધપાત્ર બને છે.

સી.વી. ગુડ[૨] નાં મંતવ્ય પ્રમાણે :

"The keys to the Vast Starchouse of published literature may open doors to sources of significant problems and explanatory hypothesis and provide helpful orientation for definition of the problem background for selection of procedure and comparative data for interpretation of results. In order to be areative and original one must read extensively and critically as a stimulue to thinking."

સંશોધક હંમેશા પોતાના રસના વિષયના અનુસંધાનમાં ક્ષેત્ર પસંદ કરે છે આવા પંસદ કરેલા ક્ષેત્ર વિશે સંશોધકને સંબંધિત ક્ષેત્ર વિશે સંખ્યાત્મક અને ગુણાત્મક સાહિત્ય મળી રહે છે કે જેના પાયા ઉપર પોતાનુ સંશોધન કયું દિશા સૂચન કરે છે તેનો સંશોધકને ખ્યાલ આવે છે. આ સંદર્ભમાં જહોન ડબલ્યુ બેસ્ટ[૩] નોંધે છેઃ

"વ્યાવહારિક દૃષ્ટિએ સમગ્ર માનવજ્ઞાન પુસ્તકો અને પુસ્તકાલયોમાં પ્રાપ્ત કરી શકાય છે. અન્ય જીવો પ્રત્યેક પેઢીથી નવો પ્રારંભ કરે છે માનવ સમજ સ્વાનુભવી સુરક્ષિત રાખી જ્ઞાનના પ્રવાહમાં નિરંતર ઉમેરો કરે એવાં બધાં જ ક્ષેત્રોના વિકાસ કારણભૂત બને છે." આ પ્રકારનો અભ્યાસ સંશોધક માટે દીવાદાંડી રૂપ બને છે અને આગળનો માર્ગ કંડારી આપે છે. સંબંધિત સાહિત્યના અભ્યાસનો સંપર્ક રાખવો એને માટે ઘણો ઉપયોગી પુરવાર થાય છે. પારસનાથ રાય[૪] આ સંબંધમાં નોંધે છેઃ

---

[૨] C. V. Good : ***Research in Education***, Macmillan, 1959.

[૩] J. W. Best : ***Research in Education***, Prentice House, 1959, p.30

[૪] પારસનાથ રાય : ***અનુસંધાન પરિચય***, લક્ષ્મીનારાયણ અગ્રવાલ, આગ્રા, ૧૯૮૧, પૃ. ૧૦૩.

"સંબંધિત સાહિત્યનો અભ્યાસ ભાવિ કાર્યની આધાર શિલા બને છે. સંબંધિત સાહિત્યના સર્વેક્ષણ દ્વારા જો પાયો દઢ ન બનાવીએ તો કાર્ય પ્રભાવહીન અને મહત્ત્વ ધરાવનારું બનતું નથી."

## ૨.૨ સંદર્ભ સાહિત્યનું મહત્ત્વ :

માનવી પૂર્વાનુભવોના આધારે વર્તમાનમાં પ્રગતિ કરતો હોય છે. મોટાભાગના જ્ઞાનનું સંક્રમણ પુસ્તકો દ્વારા જ થાય છે. પુસ્તકોમાં નોંધાયેલું, સંગૃહિત થયેલું જ્ઞાન દીવાદાંડી રૂપ બને છે. જ્ઞાનનો વારસો મેળવવો સંશોધક માટે જરૂરી હોઈ સંશોધકે સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરવો જરૂરી છે. સંદર્ભ સાહિત્યની સમીક્ષાની આવશ્યકતા જી.જે. મૌલીએ[૫] આ રીતે વ્યક્ત કરી છેઃ

"Man is the only animal that does not have to begin a new in every generation but can take advantage of the knowledge which has accumulated through the centuries. This fact is of particular importance in research which operates as a continuous function of every closer approximation to the truth. The investigator, can he sure that his problem does not exist in a vacuum and that considerable work has already been done on problems, which are directly related to his proposed investigation."

સાંપ્રત સમયમાં દરેક ક્ષેત્રમાં જ્ઞાનનો વિસ્ફોટ થયો છે એમાં શૈક્ષણિક સંશોધનનું ક્ષેત્ર પણ સમાવિષ્ટ થયા વિના રહેતું નથી. સંબંધિત અભ્યાસને આનુસંગિક અભ્યાસો કયા કયા છે ? કઈ કઈ પદ્ધતિઓ અપનાવી છે ? જે તે ક્ષેત્રમાં એનું શું આગવું પ્રદાન છે.? આવી બાબતોની ચકાસણીથી સંબંધિત સાહિત્યની અગત્ય વધી જાય છે.

---

[૫] G. J. Mouly : ***The Science of Educational Research***, (New Delhi, Eurasia Publishing House Pvt. Ltd., 1977), p. 111

સંબંધિત સાહિત્યની અભ્યાસની અગત્ય આર.એ. શર્મા[૬] નીચેની રીતે વિશ્લેષિત કરે છે.

૧. સંશોધન કાર્યની યોજના બનાવવા માટે પ્રારંભિક અવલોકનો સંશોધનકર્તા માટે સૈદ્ધાન્તિક ભૂમિકા પૂરી પાડે છે. અને ભિન્ન ભિન્ન સિદ્ધાન્તો અને ધારણાઓ સમજવામાં ઉપયોગી બને છે.

૨. સંશોધનકર્તા માટે એ આવશ્યક છે કે પોતાની સમસ્યા સંબંધિત અન્ય દ્વારા થયેલ સંબંધિત સાહિત્યથી પૂરેપૂરા માહિતગાર થાય.

૩. સંશોધનના ક્ષેત્રમાં કેટલું અને કેવા પ્રકારનું કાર્ય થયુ છે તેની જાણકારી પ્રાપ્ત થાય છે.

૪. હાથ ધરવામાં આવેલ સંશોધન અભ્યાસ માટે કેવા પ્રકારની પ્રવિધિ ઉપયોગી બનશે અને કેવા પ્રકારના ઉપકરણો અસરકારક બનશે એ માહિતી પૂરી પાડે છે.

૫. સંબંધિત સાહિત્ય સાથે સંકળાયેલ વિચાર, વ્યાખ્યાઓ અને પરિકલ્પનાઓ પ્રદાન કરે છે. જે નવી સમસ્યાઓની પસંદગી માટે ઉપયોગી બની શકે છે.

૬. આંકડાશાસ્ત્રીય પ્રયોગો માટેનું માર્ગદર્શન આપે છે.

૭. પસંદિત અભ્યાસનું પારિભાષિકરણ, ધારણા અને સીમાંકન માટે માર્ગદર્શક રૂપ બને છે.

૮. પ્રાપ્ત નિષ્કર્ષોના વિશ્લેષણ માટે સૂઝ પેદા કરે છે અને સમર્થન માટે આધાર પ્રદાન કરે છે.

૯. સંશોધનકર્તાના જ્ઞાન, કુશળતા અને તેની સ્પષ્ટતાનો ખ્યાલ આપે છે.

૧૦. સંશોધનની યોગ્ય સૂઝ, અભ્યાસ વિશેની રૂપરેખા, એમાં જણાતી ત્રુટિઓ વિશે જાગૃતિ પ્રદાન કરે છે.

---

[૬] આર. એ. શર્મા : ***શિક્ષા અનુસંધાન***, લાયકા બુક ડીપો, મેરઠ, ૧૯૮૬ પૃ.૭૧.

સંશોધક જે સમસ્યા હાથ પર લે છે તેની ભૂમિકા સમજવામાં સાહિત્યના અધ્યનની અગત્ય ઘણી વધી જાય છે. સંશોધનની દૃષ્ટિ વિકસે છે અને સ્પષ્ટ પ્રકાશ સાંપડે છે એટલું જ નહીં, પરંતુ આના વિશેના હેતુઓ પણ સ્પષ્ટ પણે દેખાય છે. બી.ડબલ્યુ ટેકમેન[૭] આવા સાહિત્યની અગત્ય વિશેના હેતુઓ નોંધતા આ પ્રમાણે કહે છે :

૧. સંશોધક જે સંશોધન હાથ પર લે છે તેના અગત્યના ચલોની ખોજ થઈ શકે છે.
૨. જરૂરિયાતોના સંદર્ભમાં કઈ કાર્યદિશા સૂચવે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.
૩. દૂરગામી અભ્યાસનું અનુસંધાન કરી આપે છે.
૪. હાથ ધરાયેલ અભ્યાસ વિશે પ્રસ્તુત સંબંધ અભ્યાસની યોગ્યતા અને અર્થ સમજાવે છે.

સાંપ્રત પરિસ્થિતિ સાથે કદમ મિલવવા માટે સંશોધકે પોતે હાથ ધરેલ સંશોધનની અગત્ય સમજવી જરૂરી છે. કેટલીક વાર એવું પણ બને છે કે સંશોધક દિશા સૂચન વિના પોતાના રસના વિષયના સંશોધનમાં આગળ વધે પરંતુ આવી પરિસ્થિતિમાં એમનો સંપર્ક નવી પરિસ્થિતિના સંદર્ભમાં ઊણો ઉતરે એવો સંભવ હોય છે. એટલે દરેક ક્ષેત્રોની જેમ શિક્ષણના ક્ષેત્રમાં પણ જે નવીનીકરણો અને પરિવર્તનો આવી રહ્યા છે તેના સંપર્કમાં રહેવું અનિવાર્ય બની રહે છે.

## ૨.૩ સમીક્ષાના હેતુઓ :

સંશોધન સમીક્ષાની વિવિધ પદ્ધતિઓમાંથી સંશોધકે સંયોજનાત્મક પદ્ધતિએ સંબંધિત સાહિત્યની સમીક્ષા કરી હતી.

અગાઉના સંશોધનો પરથી જાણવા મળ્યું કે "એઈરથ મેન્ટલ મેઝરમેન્ટ ઈયર બુડમાં મૂલક સંદર્ભ કસોટીની સમીક્ષા ભોગાયતા (૧૯૮૭) એ કરી હતી. દેસાઈ અને ઉચાટે(૧૯૮૨) સ્વસંકલ્પની અને દોંગા (૧૮૮૯) એ સ્મૃતિના માપન પર આધારિત પોતાના પીએચ.ડી. મહાનિબંધમાં મુખ્ય સંકલ્પનાઓની વ્યાખ્યા, માપન, ઉપકરણો

[૭] B. W. Tackman : Fundamentals of Educational Research, Layka Book Depot, Meerut, 1986, p. 67.

અને અસર કરનારાં પરિબળોનાં સંદર્ભમાં ભૂતકાળમાં થયેલા સંશોધનોની સમીક્ષા સંયોજનાત્મક સ્વરૂપમાં રજૂ કરે છે.

નકુમે (૧૯૯૧) મૂલ્ય તરેહ પર આધારિત પોતાના પીએચ.ડી. મહાનિબંધમાં વ્યાપવિશ્વનો નમૂનો, ઉપકરણો અંકશાસ્ત્રીય પ્રયુક્તિ અને તારણોના સંદર્ભમાં ભૂતકાળમાં થયેલા ચોપન સંશોધનોની સમીક્ષા સંયોજનાત્મક સ્વરૂપમાં રજૂ કરેલ છે.

બડ ગુજરે (૧૯૯૨) પૂર્વ સ્નાતક વિદ્યાર્થીઓનાં કાર્યમૂલ્યની ભૂતકાળમાં થયેલા વીસ સંશોધનોની તથા કાનાણીએ (૧૯૯૨) પ્રથમ પેઢીના અધ્યતાની સ્વસંકલ્પનામાં આકાંક્ષા સ્તર અને અધ્યાપન તત્પરતાના અભ્યાસમાં સંયોજનાત્મક સમીક્ષાનો અભિગમ અપનાવ્યો છે.

આ સમીક્ષા માટે જે હેતુઓ નકકી કરવામાં આવ્યા હતા તે આ પ્રમાણે હતાઃ

(૧) લઘુતમ અધ્યયન કક્ષા વિષયક થયેલાં સંશોધનોનો અભ્યાસ કરી પ્રસ્તુત સંશોધન અંગે સમજ સ્પષ્ટ કરવી.

(૨) વિવિધ સંશોધનોના તારણોથી માહિતગાર થવું.

(૩) લઘુતમ અધ્યયન કક્ષા વિષયક યોગ્ય સંશોધન સમસ્યા પસંદ કરવી.

(૪) પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વલણ માપવા માટે ઉપયોગમાં લીધેલા ઉપકરણો તથા તેમની પ્રાપ્તિ વિશે માહિતગાર થવું.

(૫) વિવિધ સંશોધનમાં પ્રાથમિક શાળાના શિક્ષકો ઉપર લઘુતમ અધ્યયન કક્ષાના સંદર્ભમાં થયેલા સંશોધનોના વિવિધ શૈક્ષણિક પાયાની જાણકારી મેળવવી.

(૬) વિવિધ સંશોધનમાં વલણમાપદંડ કસોટી સાથે કયાં ચલોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો તે જાણવું.

(૭) વિવિધ સંશોધનોમાં ચલો સાથેના સંબંધોના સ્વરૂપો કેવાં હતાં તે જાણવું.

(૮) વિવિધ સંશોધનોમાં પૃથક્કરણ માટે ઉપયોગમાં લેવાયેલ વિવિધ અંકશાસ્ત્રીય પદ્ધતિઓનો અભ્યાસ કરવો.

(૯) અગાઉ થઈ ગયેલાં સંશોધનોમાં ઉપયોગમાં લીધેલા નમૂના પસંદગીની પ્રયુક્તિઓ, સંશોધન ઉપકરણો, માહિતી એકત્રીકરણની રીતો, પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ, અર્થઘટનો, પરિણામો અને તારણોની જાણકારી મેળવવી.

## ૨.૪ સમીક્ષા માટેના પ્રશ્નો :

સંશોધકે સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરતાં પહેલાં કેટલાંક પ્રશ્નોની રચના કરી હતી. તે પ્રશ્નોના સંદર્ભમાં વિવિધ સંશોધનનોની ચર્ચા કરવામાં આવી હતી. જે આ પ્રમાણે છે.

૧. લઘુતમ અધ્યયન કક્ષા સંબંધિત થયેલા સંશોધનની સંખ્યા કેટલી હતી ?
૨. આ સંશોધનોનો પ્રકાર કયો હતો ?
૩. પ્રાથમિક શિક્ષકો પર કેટલા સંશોધનો થયા હતા ?
૪. આ પ્રકારના સંશોધનોમાં કયા પ્રકારના ઉપકરણોનો ઉપયોગ થયો હતો ?
૫. નમૂના પસંદગીમાં કેટલાં પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ?
૬. નમૂનાનું સ્વરૂપ કેવું હતું ?
૭. નમૂનો કઈ પ્રયુક્તિની પસંદ કરવામાં આવ્યો હતો ?
૮. માહિતી એકત્રીકરણ કરવા માટે કયાં કયાં ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ?
૯. પ્રાપ્ત થયેલ માહિતીનું વિશ્લેષણ કરવા માટે કઈ રીતો ઉપયોગમાં લેવામાં આવી હતી ?
૧૦. અભ્યાસને અંતે કેવાં પરિણામો પ્રાપ્ત થયા હતા ?

## ૨.૫ સંબંધિત અભ્યાસની સંખ્યા

પસંદ કરેલ અભ્યાસને મદદરૂપ થાય તે હેતુની સમસ્યાને અનુરૂપ પુસ્તકો, સામાયિકો, જી.સી.આર.ટી. નાં સંશોધન અહેવાલ, શોધ નિબંધો વગેરે ઉપલબ્ધ સાહિત્યનો પ્રયોજકે અભ્યાસ કર્યો હતો. આ માટે પ્રયોજકે ગુજરાત વિદ્યાપીઠ, એમ.એસ. યુનિવર્સિટી વડોદરા, ભાવનગર યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ તથા શ્રીમતી એમ.એમ.શાહ કોલેજ ઓફ એજ્યુકેશન – વઢવાણ શહેરનાં પુસ્તકાલયોની મુલાકાત લીધી હતી અને પ્રાપ્ય માહિતી એકઠી કરી હતી. જેમના સંદર્ભ સાહિત્યમાં સમયાનુસાર ઉલ્લેખ કર્યો છે.

સંદર્ભ સાહિત્યના અભ્યાસથી પૂર્વે થયેલા કુલ ૨૨ સંશોધનોની માહિતી પ્રાપ્ત થઈ હતી. જેની વિશેષ માહિતી સારણી ૨.૧ માં આપવામાં આવેલ છે.

**સારણી – ૨.૧**

**એમ.એલ.એલ. અંગે થયેલા સંશોધનો**

| *ક્રમ* | *સંશોધકનું નામ* | *વર્ષ* | *કક્ષા* | *યુનિવર્સિટી* |
|---|---|---|---|---|
| ૧. | પ્રવીણભાઈ ડાભી | ૧૯૯૨ | એમ.ફિલ | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૨. | મયંક પટેલ | ૧૯૯૨ | એમ.એડ્. | એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા |
| ૩. | રસિકભાઈ પટેલ | ૧૯૯૨ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪. | મનસુખભાઈ પટેલ | ૧૯૯૩ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૫. | રામકુમાર ગુપ્તા | ૧૯૯૩ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૬. | ઉષાબહેન ભટ્ટ | ૧૯૯૩ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૭. | રાજેન્દ્ર ગઢવી | ૧૯૯૪ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૮. | સીતારામ દેશમુખ | ૧૯૯૪ | એમ.ફિલ | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૯. | દેવેન રાઠોડ | ૧૯૯૪ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૦. | ભગવાનભાઈ પટેલ | ૧૯૯૫ | એમ.ફિલ. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૧. | વિમળાબહેન પટેલ | ૧૯૯૫ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૨. | દીપુબા દેવડા | ૧૯૯૬ | પીએચ.ડી. | સરદાર પટેલ યુનિવર્સિટી, આણંદ |
| ૧૩. | દીપકભાઈ ભટ્ટ | ૧૯૯૬ | પીએચ.ડી. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૪. | જીતેન્દ્ર પટેલ | ૧૯૯૭ | એમ.એડ્. | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫. | પ્રવીણભાઈ ગોર | ૧૯૯૮ | પીએચ.ડી | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૬. | પ્રેમીલાબેન પટેલ | ૧૯૯૮ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૭. | જયોત્સના પટેલ | ૧૯૯૯ | એમ.એડ્. | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૮. | છબીલદાસ નિમાવત | ૨૦૦૦ | એમ.એડ્. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૧૯. | શાંતિલાલ ભોરણિયા | ૨૦૦૧ | પીએચ.ડી. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૨૦. | મનોજ કોરડિયા | ૨૦૦૧ | એમ.એડ્. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૨૧. | કલાબહેન વિજાણી | ૨૦૦૨ | પીએચ.ડી. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૨૨. | ચંદ્રકાન્ત રામાનુજ | ૨૦૦૨ | પીએચ.ડી. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |

## ૨.૬ સમીક્ષા માટે વિશ્લેષણની રીત :

સમીક્ષા માટે પસંદ થયેલા દરેક સંશોધનની લાક્ષણિકતાઓ નોંધવામાં આવી હતી જેમાં ચલ, નમૂનાનું કદ અને સ્વરૂપ, ઉપકરણ, વિશ્લેષણની રીત અને પરિણામો નોંધવામાં આવ્યા હતાં. દરેક સંશોધનનાં પરિણામોનું અર્થઘટન અને લાક્ષણિકતાની માહિતી સારણી ૨.૨માં રજૂ કરવામાં આવેલ છે.

## ૨.૭ લઘુતમ અધ્યયન કક્ષા વિશે થયેલાં સંશોધનની લાક્ષણિકતાઓનું વિશ્લેષણ અને અર્થઘટન

પ્રયોજકે પોતાના વિષય સાથે સંબંધિત કુલ બાવીસ સંશોધનોનું વાચન કર્યુ હતું. તેમાંથી પીએચ.ડી. કક્ષાએ છ, એમ. ફિલ. કક્ષાએ ત્રણ અને એમ.એડ્. કક્ષાએ તેર સંશોધનોનો સમાવેશ થતો હતો.

આ સંશોધનની વિગતવાર સમીક્ષા આ પ્રમાણે છે. ૧૯૯૨ માં ત્રણ, ૧૯૯૩ માં ત્રણ, ૧૯૯૪ માં ત્રણ, ૧૯૯૫ માં બે, ૧૯૯૬ માં બે, ૧૯૯૭ માં એક, ૧૯૯૮ માં બે, ૧૯૯૯ માં એક, ૨૦૦૦ માં એક, ૨૦૦૧ માં બે, અને ૨૦૦૨ માં બે સંશોધનો થયા હતાં.

પ્રવીણભાઈ ડાભી (૧૯૯૨), મયંક પટેલ (૧૯૯૨), રસિકભાઈ પટેલ (૧૯૯૨), મનસુખભાઈ પટેલ (૧૯૯૩), રામકુમાર ગુપ્તા (૧૯૯૩), ઉષાબહેન ભટ્ટ (૧૯૯૩), રાજેન્દ્ર ગઢવી (૧૯૯૪), સીતારામ દેશમુખ (૧૯૯૪), દેવેન રાઠોડ (૧૯૯૪), ભગવાનભાઈ પટેલ (૧૯૯૫), પટેલ વિમળાબહેન (૧૯૯૫), દેવડા દીપુબા (૧૯૯૬), ભટ્ટ દીપકભાઈ (૧૯૯૬), જીતેન્દ્ર પટેલ (૧૯૯૮), જયોત્સના બહેન પટેલ (૧૯૯૯), છબીલદાસ નિમાવત (૨૦૦૦), શાંતિલાલ ભોરણિયા (૨૦૦૧), મનોજ કોરડિયા (૨૦૦૧), કલાબહેન વિજાણી (૨૦૦૨), ચંદ્રકાન્ત રામાનુજ (૨૦૦૨).

આ સંશોધનમાં નમૂનાનું કદ ૧૦૦ પાત્રોથી ૬૨૫૧ પાત્રો સુધી જોવા મળ્યું હતું જે અનુક્રમે જયોત્સનાબહેન આર. પટેલ અને પ્રવીણચંદ્ર ગોરના સંશોધનમાંથી ફલિત થતું હતું. જયારે અન્ય સંશોધકો પ્રવીણભાઈ ડાભી ૧૧૦, મયંક પટેલ ૧૨૯૩, રસિકભાઈ પટેલ ૬૯૧, મનસુખભાઈ પટેલ ૨૪૦૦, રામકુમાર ગુપ્તા ૬૦૦, ઉષાબહેન ભટ્ટ ૧૦૦૦, રાજેન્દ્ર ગઢવી ૫૪૦, સીતારામ દેશમુખ ૩૫૪૦, દેવેન રાઠોડ ૨૧૦, ભગવાનભાઈ પટેલ ૨૨૧૧, વિમળાબહેન પટેલ ૩૯૯, દીપુબા દેવડા ૫૫૦૦, ભટ્ટ દીપકભાઈ ૪૧૬, જીતેન્દ્ર પટેલ ૫૬૭, પ્રેમીલાબહેન પટેલ ૪૩૦, છબીલદાસ નિમાવત

૧૮૬, શાંતિલાલ ભોરણિયા ૭૨૮, મનોજ કોરડિયા ૬૦૪, કલાબહેન વિજાણી ૪૦૨ અને ચંદ્રકાન્ત રામાનુજ ૪૫૦ પાત્રોનું કદ જોવા મળ્યું હતું.

સ્વરૂપની દષ્ટિએ છ સંશોધનોમાં પ્રયોગપાત્ર તરીકે પ્રાથમિક તરીકે પ્રાથમિક શાળાના શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા અને બાર સંશોધનોમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પ્રયોગ પાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં. આમ કુલ પ્રાથમિક શાળા પર અઢાર સંશોધનો થયા હતાં.

જયારે ત્રણ સંશોધનોમાં પ્રયોગપાત્રો તરીકે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા અને એક સંશોધનમાં આદિવાસી શિક્ષકો, અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ અને પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં.

તેમાં પ્રવીણભાઈ ડાભીએ એમ.એલ.એલ. પ્રોજેકટવાળી આશ્રમશાળા અને સામાન્ય શાળાના ૧૧૦ આચાર્યો. ભટ્ટ દિપકભાઈએ તેમના અભ્યાસમાં નમૂના તરીકે અમદાવાદ શહેરની ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રાથમિક શાળાઓના શિક્ષકો મળીને કુલ ૪૧૬ શિક્ષકો પસંદ કર્યા હતા. જયોત્સના બહેન પટેલે વિજાપુર તાલુકાના શ્રેણી એકના ૧૦૦ શિક્ષકો, છબીલદાસ નિમાવતે રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના એમ.એલ.એલ. તાલીમ પામેલા ૧૮૬ પ્રાથમિક શિક્ષકો, શાંતિલાલ ભોરણિયાએ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ સાત જિલ્લાઓની પ્રાથમિક શાળાના શ્રેણી–૬ ના એમ.એલ.એલ. તાલીમ પામેલા ૭૨૮ શિક્ષકો, જયારે મનોજ કોરડિયાએ સુરેન્દ્રનગર જિલ્લાના ધોરણ–૬ ના એમ.એલ.એલ. તાલીમ પામેલા ૬૦૪ શિક્ષકો પસંદ કર્યા હતા.

મયંક પટેલે ઉત્તર ગુજરાતની ત્રેવીસ પ્રાથમિક આશ્રમ શાળાઓના ૧૨૯૬ વિદ્યાર્થીઓ, રસિકભાઈ પટેલે તેમના અભ્યાસમાં ઉત્તર ગુજરાતની છવીસ આશ્રમ શાળાઓના ૬૯૧ કુમારો અને ૨૫૭ કન્યાઓનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. રામકુમાર ગુપ્તાએ નમૂના તરીકે અમદાવાદ સ્કૂલ બોર્ડ સંચાલિત એમ.એલ.એલ. પ્રોજેકટ હેઠળ ચાલતી શાળાઓ અને સામાન્ય મ્યુનિસિપલ શાળાઓના ધોરણ–૩ ના ૬૦૦

વિદ્યાર્થીઓ, મનસુખભાઈ પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૨૩૦ એમ.એલ.એલ. પ્રોજેકટવાળી અને નોન એમ.એમ.એલ. પ્રોજેકટ વાળી શાળાઓને વોર્ડવાર સ્તરીકૃત કરી તેમાંથી પાંચ પાંચ શાળાઓ પસંદ કરી ઝૂમખાં પદ્ધતિથી ૧૨૦૦ કુમાર અને ૧૨૦૦ કન્યાઓ મળી કુલ ૨૪૦૦ વિદ્યાર્થીઓ, દીપુબા દેવડાએ એમ.એલ.એલ. પ્રોજેકટમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓના કુલ ૫૫૦૦ વિદ્યાર્થી, જીતેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કુલ દશ શાળાઓના ૨૫૦ કુમારો અને ૨૬૭ કન્યાઓ મળીને ૫૬૭ વિદ્યાર્થીઓ, ઉષાબહેન ભટ્ટે અમદાવાદ શહેરની એમ.એલ.એલ. પ્રોજેકટ વાળી મ્યુનિસિપલ પંદર શાળાઓના ધોરણ–૪ ના ૧૦૦૦ વિદ્યાર્થીઓ, ભગવાનભાઈ પટેલે અપરાધ પ્રતિવધ ટ્રસ્ટના ૫૦ અવૈધિક શિક્ષણ કેન્દ્રોના ૧૨૫૦ વિદ્યાર્થીઓ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શાળાના ૯૬૧ વિદ્યાર્થીઓ મળીને ૨૨૧૧ વિદ્યાર્થીઓ, પ્રવીણચંદ્ર ગોરે ૧૪૯ પ્રાથમિક શાળાઓના ધોરણ–૪ ના ૩૩૬૪ કુમારો અને ૨૮૮૭ કન્યાઓ મળીને ૬૨૫૧ વિદ્યાર્થીઓ પસંદ કર્યા હતાં.

જયારે પ્રેમીલાબહેન પટેલે અમદાવાદ શહેરની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ – ૫ ના ૪૩૦ વિદ્યાર્થીઓ, કલાબહેન વિજાણીએ જૂનાગઢ જિલ્લાની સાત તાલુકાની દશ પ્રાથમિક શાળાઓના ૧૯૬ કુમાર અને ૨૦૫ કન્યા મળીને કુલ ૪૦૧ પાત્રોને ઝુમખાં પદ્ધતિથી પસંદ કર્યા હતાં. જયારે ચંદ્રકાન્ત રામાનુજે ભાવનગર જિલ્લાની અગિયાર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓના ધોરણ–૬ ના ૪૫૦ વિદ્યાર્થીઓ પસંદ કર્યા હતાં.

જયારે સીતારામ દેશમુખે ૧૫૦૦ આદિવાસી શિક્ષકો, ૧૮ અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના ૫૪૦ તાલીમાર્થીઓ અને ૧૦૦ આશ્રમ શાળાના ધોરણ–૪ ના વિદ્યાર્થીઓ, દેવેન રાઠોડે સાબરકાંઠા જિલ્લાના અધ્યાપન મંદિરના ૧૨૦ પુરુષ અને ૯૦ સ્ત્રી તાલીમાર્થીઓને અને રાજેન્દ્ર ગઢવીએ અધ્યાપન મંદિરના ૩૧૫ પુરુષ અને ૨૨૫ સ્ત્રી તાલીમાર્થીઓને પસંદ કર્યા હતા અને વિમળાબહેન પટેલે ગાંધીનગર જિલ્લાના આઠ અધ્યાપન મંદિરના પાંચ સ્ત્રી અધ્યાપનમંદિર અને ત્રણ પુરુષ અધ્યાપન મંદિરના ૩૯૯ તાલીમાર્થીઓને પસંદ કર્યા હતા.

વિસ્તારની દ્રષ્ટિએ રામકુમાર ગુપ્તા અને પ્રવીણભાઈ ગોરે અમદાવાદ સ્કૂલ બોર્ડ સંચાલિત એમ.એસ.એલ. પ્રોજેકટ હેઠળ ચાલતી અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રોજેકટ શાળાઓના વિદ્યાર્થીઓને પાત્રો તરીકે સ્વીકાર્યા હતા. જીતેન્દ્ર પટેલ અને પ્રેમીલાબહેન પટેલે અમદાવાદ શહેરની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પાત્રો તરીકે પસંદ કર્યા હતાં.

જયારે ત્રણ સંશોધકોએ શહેરી, ગ્રામ્ય અને આશ્રમશાળાના પાત્રોને પ્રયોગપાત્ર તરીકે પસંદ કર્યા હતાં જેમાં પ્રવીણભાઈ ડાભીએ લઘુતમ અધ્યયન કક્ષા પ્રોજેકટ જે શાળાઓમાં હાથ ધરાયો હતો તે શાળાના પ્રાથમિક શિક્ષકો અને આચાર્યોને પાત્રો તરીકે પસંદ કર્યા હતા. રસિકભાઈ પટેલ આશ્રમશાળાના કુમારો અને કન્યાઓને નમૂનામાં પાત્રો તરીકે પસંદ કર્યા હતાં જયારે દેવડા દીપુબાએ એમ.એલ.એલ. પ્રોજેકટમાં સમાવિષ્ટ ચાણસમા તાલુકાની ચૌદ પ્રાથમિક શાળાઓ અને પાલનપુર વિસ્તારની છ પ્રાથમિક શાળાઓને ગ્રામ્ય વિસ્તારની શાળાઓ તરીકે વિવિધ વિસ્તારની ગ્રામ્ય, શહેરી (આશ્રમ શાળાઓ) ના વિદ્યાર્થીઓને પાત્રો તરીકે પસંદ કર્યા હતાં. જયારે ઉષાબહેન ભટ્ટે અમદાવાદની શહેરની મ્યુનિસિપલ સંચાલિત એમ.એલ.એલ. પ્રોજેકટવાળી શાળાઓના વિદ્યાર્થીઓને અને મયંક પટેલે ઉત્તર ગુજરાતની આશ્રમશાળાના કુમારો અને કન્યાઓનું જયારે મનસુખભાઈ પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થીઓને પાત્રો તરીકે સ્વીકાર્યા હતાં.

જયોત્સનાબહેન પટેલ તરંગ ઉલ્લાસમય કાર્યક્રમનો અભ્યાસ કરવા માટે વિજાપુર તાલુકાના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા જયારે ભગવાનભાઈ પટેલે અપરાધ પ્રતિવદ્ધ ટ્રસ્ટના ૫૦ અવૈધિક શિક્ષણ કેન્દ્રોના વિદ્યાર્થીઓને અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાના વૈધિક શિક્ષણ કેન્દ્રોના વિદ્યાર્થીઓને પાત્રો તરીકે પસંદ કર્યા હતાં.

ત્રણ સંશોધકોએ અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને પ્રયોગપાત્રો તરીકે પસંદ કર્યા હતાં. જેમાં વિમળાબહેન પટેલે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના પાંચ સ્ત્રી અને ત્રણ પુરુષ અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને પોતાના સંશોધન કાર્ય માટે પસંદ કર્યા

હતા. જયારે રાજેન્દ્ર ગઢવીએ ગુજરાત રાજયના અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને પસંદ કરી સંશોધનકાર્ય કર્યુ હતું અને દેવેન રાઠોડે સાબરકાંઠા જિલ્લાના અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓનો પ્રયોગપાત્ર તરીકે પસંદ કર્યા હતા.

સીતારામ દેશમુખે ગુજરાતના પ્રાથમિક શાળાના બિનતાલીમી આદિવાસી શિક્ષકો, અધ્યાપન મંદિરના તાલીમાર્નીઓ અને આશ્રમશાળાના વિદ્યાર્થીઓનો પાત્રો તરીકે પસંદ કર્યા હતા.

ભટ્ટ દિપકભાઈએ અમદાવાદ શહેરની ખાનગી શાળાના પ્રાથમિક શિક્ષકોએ અને મ્યુનિસિપલ શાળાઓના પ્રાથમિક શિક્ષકોને પાત્રો તરીકે પસંદ કર્યા હતા. છબીલદાસ નિમાવતે રાજકોટ જિલ્લાના લોયિકા તાલુકાના ધોરણ : ૧ થી ૭ ના એમ.એલ.એલ. તાલીમ લીધેલા પ્રાથમિક શિક્ષકોને પ્રયોગપાત્રો તરીકે પસંદ કર્યા હતાં અને શાંતિલાલ ભોરણિયાએ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સાત જિલ્લાઓના એમ.એલ.એલ. તાલીમ પામેલા શ્રેણી – ૬ ના પ્રાથમિક શિક્ષકોને પ્રયોગપાત્રો તરીકે પસંદ કર્યા હતા. તેવી જ રીતે મનોજ કોરડિયાએ સુરેન્દ્રનગર જિલ્લાના નવ તાલુકાઓના ધોરણ : ૬ ના એમ.એલ.એલ. તાલીમ પામેલા ધો. ૬ ના શિક્ષકોને પોતાના સંશોધનમાં પાત્રો તરીકે પસંદ કર્યા હતાં.

કલાબહેન વિજાણીએ જૂનાગઢ જિલ્લાની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને પાત્રો તરીકે પસંદ કર્યા હતાં અને ચંદ્રકાન્ત રામાનુજે ભાવનગર જિલ્લાની અગિયાર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓનો પાત્રો તરીકે નમૂનામાં સમાવેશ કર્યો હતો.

શાંતિલાલ ભોરણિયાએ વ્યાપવિશ્વમાંની શાળાઓમાંથી પ્રત્યેક જિલ્લા પ્રમાણે કુલ શાળાઓની ૭% શાળાઓની યાદચ્છિક નમૂના પદ્ધતિથી પસંદ કરી હતી. મનોજ કોરડિયાએ વ્યાપવિશ્ય નાનો હોવાથી સમગ્ર વ્યાપ વિશ્વને નમૂના તરીકે પસંદ કર્યો હતો. મનસુખભાઈ પટેલે સ્તરીકૃત યાદચ્છિક ગૂમમાં પદ્ધતિ, કલાબહેન વિજાણીએ સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખાં પદ્ધતિ, પ્રવીણભાઈ ગોરે ઝૂમખાં પદ્ધતિથી અને છબીલદાસ નિમાવતે લોધિકા તાલુકાના પ્રાથમિક શાળાના સમગ્ર તાલીમી શિક્ષકોનો નમૂનામાં સમાવ્યા હતા.

જયોત્સનાબહેન પટેલે ગુજરાત રાજયના દરેક જિલ્લાવાર સ્તરીકૃત કરી પાત્રોની પસંદગી કરી હતી.

પ્રવીણભાઈ ડાભી, ઉષાબહેન ભટ્ટ, ભગવાનભાઈ પટેલે, પ્રેમિલાબહેન પટેલ, દીપુબા દેવડા, ચંદ્રકાન્ત રામાનુજ, સીતારામ દેશમુખ, દેવેન રાઠોડ, રાજેન્દ્ર ગઢવી અને મયંક પટેલે પોતાના સંશોધનમાં નમુનાથી પસંદગી કઈ પદ્ધતિથી કરી હતી તેની સ્પષ્ટ માહિતી મળી શકી નથી.

વિમળાબહેન પટેલે, દીપકભાઈ ભટ્ટ અને જીતેન્દ્ર પટેલે કઈ નમૂના પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો તે જાણવા મળતું નથી.

સંશોધકોએ માહિતી એકત્રીકરણ માટે જે ઉપકરણોનો ઉપયોગ કર્યો હતો તેની માહિતી આ પ્રમાણે છે.

પાંચ સંશોધકોએ માહિતી એકત્રીકરણ કરવામાં ક્ષમતાકેન્દ્રી – પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. જેમાં પ્રવીણભાઈ ડાભીએ પર્યાવરણ ક્ષમતાકેન્દ્રી પ્રશ્નાવલિના ઉપયોગની સાથે ચેકલિસ્ટ અને મુલાકાત દ્વારા માહિતી એકત્રિત કરી હતી જયારે રાજેન્દ્ર ગઢવીએ શ્રેણી–ચારના ગણિત વિષયની પ્રશ્નાવલિ દ્વારા, દેવેન રાઠોડે શ્રેણી – ૪ ના ગણિત, ગુજરાતી તથા પર્યાવરણ વિષયની પ્રશ્નાવલિ દ્વારા, જયોત્સનાબહેન પટેલે શ્રેણી–એકમાં ચાલતા તરંગ ઉલ્લાસમય કાર્યક્રમની પ્રશ્નાવલિ દ્વારા માહિતીનું એકત્રીકરણ કર્યુ હતું. જીતેન્દ્ર પટેલે ગણિત વિષયની ક્ષમતાકેન્દ્રીલક્ષી કસોટીનો ઉપયોગ કરી માહિતીનું એકત્રિકરણ કર્યું હતું.

મયંક પટેલ શ્રેણી–૨, ૩ અને ચાર એમ ધોરણ દીઠ ગણિત વિષયની પૂર્વ કસોટી સંદર્ભ મૂલક કસોટીનો અને ઉષાબહેન ભટ્ટે શ્રેણી ૪ ગુજરાતી વિષયની સંદર્ભ મૂલક કસોટીના ઉપયોગ દ્વારા માહિતીનું એકત્રીકરણ કર્યુ હતું.

પાંચ સંશોધકોએ સિદ્ધિ કસોટીને ઉપકરણ તરીકે પસંદ કરી હતી. જેમાં મનસુખભાઈ પટેલે ધોરણ દીઠ ગણિત વિષયની સિદ્ધિ કસોટી, કલાબહેન વિજાણીએ શ્રેણી–ચારના પર્યાવરણ વિષયની સમયાંતર તથા વાર્ષિક લેખિત તથા મૌખિક સિદ્ધ

કસોટી, ચંદ્રકાન્ત રામાનુજે શ્રેણી છ ના ગુજરાતી વિષયની સમયાંતર તથા વાર્ષિક, મૌખિક, ક્રિયાત્મક અને લેખિત સિદ્ધિ કસોટી જયારે શાંતિલાલ ભોરણિયાએ એમ.એલ.એલ. અભિપ્રાયાવલિ, સિદ્ધિ કસોટી અને વ્યવસાય વલણમાપદંડ અને મનોજ કોરડિયાએ એમ.એલ.એલ. અભિપ્રાયાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરી માહિતીનું એકત્રીકરણ કર્યુ હતુ અને છબીલદાસ નિમાવતે એમ.એલ.એલ. અભિપ્રાયાવલિનો ઉપયોગ કર્યો હતો. વિમળાબહેન પટેલ ગુજરાતી વિષયની સિદ્ધિ કસોટીનો રામકુમાર ગુપ્તાએ ગણિત વિષયની સિદ્ધિ કસોટી દ્વારા માહિતીનું એકત્રીકરણ કર્યું હતું.

ચાર સંશોધકોએ ક્ષમતાલક્ષી કસોટીને ઉપકરણ તરીકે પસંદ કરી હતી. જેમાં ભગવાન પટેલે અને સીતારામ, દેશમુખે શ્રેણી ચારના ગુજરાતી, ગણિત અને પર્યાવરણ વિષયની ક્ષમતાલક્ષી કસોટીઓ, દીપુબા દેવડાએ શ્રેણી એક થી ચારમાં ગણિત વિષયની ક્ષમતાલક્ષી કસોટી, પ્રેમીલાબહેન પટેલે શ્રેણી પાંચના ગુજરાતી વિષયની વિવિધ ક્ષમતાઓ જાણવા માટે ક્ષમતાકેન્દ્રી કસોટીનો ઉપયોગ કરી માહિતીનું એકત્રિકરણ કર્યુ હતું.

પ્રવીણભાઈ ગોરે શ્રેણી ત્રણના ગુજરાતી, ગણિત અને પર્યાવરણ વિષયના ક્ષમતાલક્ષી પ્રશ્નો રચના દ્વારા માહિતીનું એકત્રિકરણ કર્યુ હતું. ભટ્ટ દીપકભાઈએ વલણમાપદંડ કસોટીના ઉપયોગ દ્વારા માહિતીનું એકત્રિકરણ કર્યુ હતું.

પ્રવીણભાઈ ડાભી, ભગવાનભાઈ પટેલ અને શાંતિલાલ ભોરણિયાએ સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–પ્રાપ્તાંક, ઉષાબહેન ભટ્ટ અને રાજેન્દ્ર ગઢવીએ સરાસરી અને પ્રમાણ વિચલન, સરાસરીની પ્રમાણભૂલ અને ક્રાન્તિક ગુણોત્તર, કલાબહેન વિજાણીએ પ્રતિશત ક્રમાંક, 'ટી' મૂલ્ય, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત, જયારે મનસુખભાઈ પટેલે મધ્યક, ટી–કસોટી, સરાસરી અને સરાસરી વચ્ચેનો તફાવત શોધી માહિતીનું પૃથક્કરણ કર્યુ હતું.

સીતારામ દેશમુખે માહિતીનું પૃથક્કરણ કરવા માટે સરાસરી, પ્રમાણ વિચલન, ચલનાંક, સરાસરીની પ્રમાણભૂલ અને ક્રાન્તિક ગુણાકારનો ઉપયોગ કર્યો હતો, જયારે દીપુબા દેવડાએ ક્ષમતા પ્રાપ્તાંક, અનુમાનની રીત, બિન પારંગતતા રીત, પ્રમાણભૂલ,

ગુણવાર અને ક્ષમતાવાર સિદ્ધિ દ્વારા, પ્રવીણભાઈ ગોરે આવૃત્તિ વિતરણ, સંચયી આવૃત્તિ, સરાસરીનું પ્રમાણ વિચલન, પ્રમાણ ભૂલ અને ટી–ગુણોત્તર, ચંદ્રકાન્ત રામાનુજે પ્રતિશત ક્રમાંક અને ટી મૂલ્ય દ્વારા માહિતીનું પૃથક્કરણ કર્યુ હતું.

દેવેન રાઠોડે માહિતીનું પૃથક્કરણ કઈ રીતે કર્યુ હતું તેની માહિતી મળતી નથી વિમળાબહેન પટેલે પ્રાપ્તાંકોની ટકાવારી, આવૃત્તિ વિતરણ અને પ્રાપ્તાંકોનું પૃથક્કરણ કર્યુ હતું. દીપકભાઈ ભટ્ટે સરાસરી પ્રાપ્તાંકો શોધી સાર્થકતા તપાસી હતી. જયારે જીતેન્દ્ર પટેલે સરાસરી, પ્રમાણ વિચલન, ચલનાંક અને ટી–કસોટીનો ઉપયોગ કર્યો હતો અને રામકુમાર ગુપ્તાએ સરાસરી, સરાસરીનો તફાવત શોધી પોતાના અભ્યાસમાં તુલના કરી હતી.

ડાભીના સંશોધન પરથી જાણવા મળ્યું હતું કે (૧) વિગત ભરી મોકલનાર ૧૧૦ શાળાઓમાંથી કુલ ૮૫.૪૫ ટકા શાળાઓ ગ્રામ્ય વિસ્તારમાં અને ૧૧.૮૨% શાળાઓ શહેરી વિસ્તારમાં આવેલી છે. (૨) ધોરણવાર વિદ્યાર્થીની સરાસરી સંખ્યા ૧ થી ૪ ધોરણ તરફ જતાં ક્રમે ક્રમે ઘટતી જાય છે. (૩) પ્રોજેકટની શાળાઓમાં કુલ શિક્ષક અને શિક્ષિકાનું પ્રમાણ અનુક્રમે ૫૫.૨૮% અને ૪૨.૭૨ ટકા જેટલું છે. (૪) એક સાથે એક જ શાળામાં માત્ર પાંચ વર્ષથી વધુ સમયથી કામ કરતાં હોય તેવા શિક્ષકોનું પ્રમાણ આશ્રમશાળામાં ૧૫.૧૭ જેટલું જ છે.જયારે પ્રાથમિક શાળાઓમાં ૬૦.૫૩% જેટલું છે. (૫) આ શિક્ષકોમાં પર્યાવરણ અભ્યાસની સંકલ્પના વિશે બધા શિક્ષકોના ખ્યાલો પૂરેપૂરા સાચા હોય તેવું લાગતું નથી. તેવું પર્યાવરણ અભ્યાસ વિશે સાચી સમજ ધરાવનારાની સંખ્યા એકંદરે તે વિશેના ખોટા ખ્યાલોવાળા શિક્ષકોની સંખ્યા તુલનામાં ઘણી વધારે છે. તેમ કહી શકાય. (૬) પૂર્વ કસોટીમાં જે જે ક્ષમતાઓમાં બાળકો ૫૦% કે તેથી વધુ ગુણ મેળવે તેવી ક્ષમતા સિદ્ધિ થશે તેમ ગણાવી ધોરણ ૨–૩–૪ ના પરિણામો પરથી જણાય છે કે અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની પ્રોજેકટમાં સમાયેલી પ્રાથમિક શાળાના બાળકોની તાલુકામાં ગુજરાતી આશ્રમશાળાઓમાં બાળકો ક્ષમતા સિદ્ધ કરવામાં થોડા પાછળ જણાયા. (૭) ઉત્તર કસોટીના ૭૫% સિદ્ધિ કક્ષાએ પહોંચેલ વિદ્યાર્થીઓનું પ્રમાણ શ્રેણી ૧ માં ૨૦.૫૦%, શ્રેણી–૨ માં ૧૮.૫૪%, શ્રેણી–૩ માં ૧૯.૩૫% શ્રેણી ૪માં ૧૩.૩૫% હતું. ઉપચારાત્મક શિક્ષણ પછી સારું પરિણામ મળી શકયું નથી.

મયંક પટેલના સંશોધન પરથી જાણવા મળ્યું કે (૧) ધોરણ–૨માં ક્ષમતા ક્રમાંક ૧.૧.૧. ૯૦% વિદ્યાર્થીઓએ સિદ્ધ કરેલી ગણાય. (૨) ધોરણ–૩ માં ક્ષમતા ક્રમાંક ૨.૨.૧ ૮૦% થી ૯૦% ધોરણ–૪ માં ૧.૩.૧ ૮૫૩% થી ૧૦૦% સિદ્ધ કરેલી જણાય છે (૩) મહેસાણા જિલ્લાના ધોરણ–૨ ના વિદ્યાર્થીઓને ક્ષમતા ૧–૨–૩ માં સિદ્ધ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાંથી તેમજ અન્ય શાળઓમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ જણાય છે. (૪) ધોરણ–૨ માં ક્ષમતા ૧.૧.૫, ૧.૧.૬ સિદ્ધ થયેલ નથી. ઉપચારાત્મક શિક્ષણની જરૂર છે (૫) ધોરણ–૪ માં ક્ષમતા ક્રમાંક ૩.૩.૯, ૩.૩.૧૧ સિદ્ધ થયેલી જણાતી નથી. ઉપચારાત્મક શિક્ષણની જરૂર છે.

મનસુખભાઈ પટેલના સંશોધન પરથી જાણવા મળ્યું કે (૧) એમ.એલ.એલ અને નોન એમ.એલ.એલ. પ્રોજેકટની શાળાઓના ધોરણ–૧, ધોરણ–૨ ના વિદ્યાર્થીઓના ગાણિતિક સિદ્ધિ આંક સમાન છે. (૨) નોન એમ.એલ.એલ. પ્રોજકેટની શાળાઓના ધોરણ–૩ સમગ્ર વિદ્યાર્થીઓ કરતાં એમ.એલ.એલ. પ્રોજેકટની શાળાઓના સમગ્ર વિદ્યાર્થીઓનો ગણિતિક સિદ્ધિઆંક ઊંચો જોવા મળે છે. (૩) એમ.એલ.એલ. અને નોન એમ.એલ.એલ. પ્રોજેકટની શાળાઓના છોકરા અને છોકરીઓનો ગાણિતિક સિદ્ધિઆંક સમાન છે. (૪) એમ.એલ.એલ. પ્રોજેકટવાળી શાળાઓના છોકરા અને છોકરીઓનો સિદ્ધિઆંક સમાન જોવા મળે છે. (૫) નોન એમ.એલ.એલ. વાળી શાળાઓના છોકરા અને છોકરીઓના ગાણિતિક સિદ્ધિઆંકની સરાસરીનો તફાવત ૦.૧.૧. છે. (૬) એમ.એલ.એલ. પ્રોજેકટની શાળાઓની છોકરીઓને ગાણિતિક સિદ્ધિઆંક નોન એમ.એલ.એલ. પ્રોજેકટની શાળાઓના છોકરા કરતાં ઊંચો છે.

ઉષાબહેન ભટ્ટના સંશોધન પરથી જાણવા મળ્યું કે (૧) મ્યુનિસિપાલીટી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓનું સમગ્ર ક્ષમતા સિદ્ધિનું પરિણામ જોતા સિદ્ધિ અને કમાશ ખ્યાલ આવે છે. (૨) મ્યુનિસિપાલીટીની શાળા કરતાં આશ્રમશાળાના વિદ્યાર્થીઓની ક્ષમતા સિદ્ધિ સારી છે. (૩) મ્યુનિસિપાલટીની શાળાના છોકરા અને આશ્રમશાળાના છોકરીઓના પરિણામમાં નહિવત તફાવત જોવા મળ્યો છે. (૪) મ્યુનિસિપાલીટીની શાળાની છોકરીઓ આશ્રમશાળાની છોકરીઓ કરતા ચાર ક્ષમતામાં વધુ સિદ્ધિ જોવા મળે

છે. (પા" ભાષાનો ઉપયોગ અને શબ્દ સમૃદ્ધિ આ બે ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ નિયત ક્ષમતા સિદ્ધિની કક્ષાએ પહોંચી શકયા નથી.

રાજેન્દ્ર ગઢવીના સંશોધન પરથી જાણવા મળ્યુ કે (૧) અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓએ ૧૬ ક્ષમતાઓમાંથી નવ ક્ષમતાઓ ૮૦% કરતાં ઓછા પ્રશિક્ષણાર્થીઓ સિદ્ધિ પ્રાપ્ત કરેલ તેમાં ઉપચારાત્મક શિક્ષણની જરૂર છે. (૨) લઘુતમ સિદ્ધિ કક્ષાની પ્રાપ્ત સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ કરતાં પુરુષ પ્રશિક્ષણાર્થીઓ કંઈક અંશે ચઢિયાતા છે. (૩) બિનતાલીમી શિક્ષકો ક્ષમતા સિદ્ધિમાં સારું પ્રભુત્વ ધરાવે છે. (૪) પર્યાવરણ વિષયમાં એક પણ પ્રશિક્ષણાર્થીઓ ૯૧–૧૦૦ ના પ્રાપ્તાંક વર્ગમાં ગુણ મેળવેલ નથી.

સીતારામ દેશમુખના સંશોધન પરથી જાણવા મળ્યું કે (૧) ધોરણ ચારના ગુજરાતી, ગણિત અને પર્યાવરણ વિષયમાં અનુક્રમે ૨, ૩ અને ૪ ક્ષમતાઓ અંગેની યોગ્ય સમજ વિકસાવી શકયા નથી. (૨) બિનતાલીમી આદિવાસી પુરુષ શિક્ષકોએ ગુજરાતીમાં ૧, ગણિતમાં ૪ અને પર્યાવરણમાં ૩ ક્ષમતાઓની સિદ્ધિમાં કમાશ જોવા મળે છે. (૩) બિનતાલીમી આદિવાસી સ્ત્રી શિક્ષકો ગુજરાતીમાં ૩, ગણિતમાં ૩ અને પર્યાવરણમાં ૩ ક્ષમતાઓમાં સિદ્ધિ પ્રાપ્ત કરેલ નથી. (૪) બિનતાલીમી આદિવાસી સ્ત્રી શિક્ષિકોની સરખામણીમાં બિનતાલીમી આદિવાસી પુરુષ શિક્ષકો વધુ સિદ્ધિ મેળવી શકાય છે. (૫) ગુજરાતી, ગણિત અને પર્યાવરણ વિષયમાં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ કરતાં બિનતાલીમી આદિવાસી શિક્ષકોએ પ્રાપ્ત કરેલ સિદ્ધિ ઊંચી છે. આમ ત્રણેય વિષયમાં આશ્રમશાળાના વિદ્યાર્થીઓ કરતાં બિનતાલીમી આદિવાસી શિક્ષકોએ ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.

દેવેન રાઠોડના સંશોધન પરથી જાણવા મળ્યું કે (૧) અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર જેવી પાયાની ક્રિયાઓ અને તેને આધારિત કોયડાઓ ક્ષમતાપૂર્વક ઉકેલી શકે છે. તાલીમાર્થીઓ દશાંશ અપૂણાંકને મિશ્ર કે સાદા અપૂર્ણાંકમાં તેમજ મિશ્ર કે સાદા અપૂર્ણાંકને દશાંશ અપૂર્ણાંકમાં ફેરવવાની ક્ષમતા પણ સિદ્ધ કરી શકયા છે. (૨) તાલીમાર્થીઓ શુદ્ધ અપૂર્ણાંકોને ચઢતા કે ઉતરતા

ક્રમમાં ગોઠવવાની ક્ષમતા સિદ્ધ કરી શકયા નથી. (૩) ક્ષમતા ક્રમાંક ૪.૪.૧, ૪.૪.૪ તથા ૫.૪.૧ તાલીમાર્થી ભાઈઓ અને બહેનો સિદ્ધ કરી શકયા નથી.

ભગવાનભાઈ પટેલના સંશોધન પરથી જાણવા મળ્યુ કે (૧) અવૈધિક શિક્ષણ કેન્દ્રોના સમગ્ર વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં ૫૦ ટકા કે તેથી વધારે ક્ષમતાસિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવી કુલ બાર ક્ષમતાઓમાંથી દશ ક્ષમતાઓમાં અપેક્ષિત કક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા છે. (૨) કુમાર અને કન્યા બન્નેએ ગુજરાતી વિષયમાં ૧૨ માંથી ૧૦ ક્ષમતાઓમાં અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત કરી છે. (૩) વાડજ વિસ્તારના અને સાબરમતી વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં ગુજરાતી વિષયનો છ ક્ષમતા ક્રમાંકમાં તેર ટકા કરતાં ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. (૪) અવૈધિક શિક્ષણ કેન્દ્રોમાં વાડ જ અને સાબરમતીના વિદ્યાર્થીઓની ક્ષમતા સિદ્ધિ ચઢિયાતી છે.

દીપુબા દેવડાના સંશોધન પરથી જાણવા મળ્યું કે પારંગતતા – બિન પારંગતતાની રીતે વિશ્વસનીયતા જોતા ધોરણ–૧ માટે કયા અંકનું મૂલ્ય ૦.૪૬ થી ૦.૮૫, ધો.૨ માટે ૦.૪૮ થી ૦.૮૪, ધો. ૩ માટે ૦.૨૧ થી ૦.૮૧ અને ધો. ૪ માટે ૦.૧૬ થી ૦.૯૧ મળેલ છે. સમગ્ર રીતે જોતા ગણિતમાં ધો. ૧, ૨, ૩, ૪ માં નીચેના મુદ્દાઓ અઘરા લાગ્યા છે. આ મુદ્દાઓને લગતી ક્ષમતાઓ Hard Sports તરીકે આવી છે. સંખ્યાઓનો ચઢતો ક્રમ, મૌખિક બાદબાકી, કોયડા ઉકેલ, દશકાવાળી બાદબાકી, પુનરાવર્તી બાદબાકી એટલે ભાગાકાર, સમય, વજનના સરવાળા બાદબાકીના દાખલા અને ત્રણ આંકડાનો ભાગાકાર અને ધોરણ – ૪ માં ૨૪ ક્ષમતાઓ Hard Sports તરીકે ધો. ૩ માં સાત ક્ષમતાઓ તરીકે Hard Sports ધો. ૨ માં એક Hard Sports તરીકે અને ધો. ૧માં Hard Sports તરીકે ક્ષમતાઓ આવી.

પ્રવીણભાઈ ગોરના સંશોધન પરથી જાણવા મળ્યું કે પ્રાથમિક શાળાના બાળકો માટે લઘુતમ અધ્યયન કક્ષાના સંદર્ભમાં ક્ષમતાલક્ષી કસોટીઓ દ્વારા સિદ્ધિ માપન એ વિષય પર સંશોધનમાં ધોરણ–૪ ના વિદ્યાર્થીઓ ગુજરાતી, ગણિત અને પર્યાવરણ વિષયમાં અનુક્રમે ૫૬.૦૮, ૬૫, ૮૫ અને ૬૦.૨૩ સરાસરી પ્રાપ્તાંકો મેળવ્યા. ૮૦% થી વધારે ટકાવારી ગુણ મેળવી ગુજરાતી, ગણિત અને પર્યાવરણ વિષયમાં ઉચ્ચ સિદ્ધિ

પ્રાપ્ત કરતા છોકરાઓનું પ્રમાણ અનુક્રમે ૧૨, ૩૭, ૨૪, ૯૫ અને ૧૯, ૪૯ ટકા છે. જયારે છોકરીઓનું પ્રમાણ અનુક્રમે ૧૫, ૧૩, ૩૦, ૨૯ અને ૧૬.૫૯ ટકા છે.

પ્રેમીલાબહેન પટેલના સંશોધન પરથી જાણવા મળ્યુ કે ધોરણ–૫ના વિદ્યાર્થીઓ માત્ર એક જ ક્ષમતામાં ૭૦% જેટલી સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા છે. અધ્યયન ક્ષેત્રો શ્રવણ, લેખન, શબ્દ ભંડોળના પ્રમાણમાં વ્યવહારિક વ્યાકરણના ક્ષેત્રની ક્ષમતાઓની સિદ્ધિ સંતોષકારક છે. મોટા ભાગની ક્ષમતાઓમાં સિદ્ધિની કક્ષા ૩૦ થી ૪૦ ટકા જેટલી જ જોવા મળી છે અમદાવાદ શહેરના ધો. ૫ ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયમાં સિદ્ધિકક્ષાનું આ ચિત્ર આટલુ નિરાશા જનક છે. ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સિદ્ધિકક્ષાની તુલનાએ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની સિદ્ધિકક્ષા ખૂબ સંતોષકારક જોવા મળી છે.

જયારે જયોત્સનાબહેન પટેલના સંશોધનમાંથી જાણવા મળ્યું કે પ્રાથમિક શાળાઓમાં ૧૦૦ શિક્ષકો તાલીમ પામેલા છે ૩૧ ટકા શિક્ષકા ૧૦ વર્ષથી નીચે ૫૦ ટકા શિક્ષકો ૧૧ થી ૨૦ વર્ષનો ૧૯ ટકા શિક્ષકો ૨૧ વર્ષથી ઉપરનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. ધોરણ – ૧માં તરંગ ઉલ્લાસમય અભ્યાસ કાર્યક્રમનો અનુભવ ધરાવતા ૯૩ ટકા શિક્ષકો છે. ૧૦% શિક્ષકોએ તરંગ ઉલ્લાસની તાલીમ મેળવી ન હોવા છતાં આ કાર્યક્રમ સારી રીતે વર્ગમાં ચલાવે છે ૬૧% શિક્ષકો વર્ગમાં બાળગીતો ગવડાવે છે. ૯૦ ટકા શિક્ષકો જૂથ પદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય કરે છે અંકલેખન, ચાર્ટસ, મૂળાક્ષર ચાર્ટસ, શબ્દોના ચાર્ટસ વગેરે શૈક્ષણિક સાધનનો ઉપયોગ મોટા ભાગના શિક્ષકો કરે છે. ૯૨% શિક્ષકો જરૂરી અન્ય શૈક્ષણિક સાધનોનો વર્ગમાં ઉપયોગ કરે છે અને ૯૩ ટકા શિક્ષકો સ્વનિર્મિત શૈક્ષણિક સાધનો બનાવીને વર્ગ શિક્ષણમાં ઉપયોગ કરે છે.

છબીલદાસ નિમાવતના સંશોધન પરથી જાણવા મળ્યુ કે એમ.એલ.એલ. અભિગમ દ્વારા શિક્ષણકાર્ય સરળતાથી કરી શકાય છે અને આ અભિગમ દ્વારા શિક્ષણની ગુણવતા સુધરે છે અને શૈક્ષણિક સમાનતા આવે છે.

આ અભિગમ દ્વારા વિદ્યાર્થીઓમાં રહી ગયેલી શૈક્ષણિક કચાશ દૂર થાય છે અને વિદ્યાર્થીઓનું જ્ઞાનાત્મક ક્ષેત્ર અને ક્રિયાત્મક ક્ષેત્ર વિકસે છે આ અભિગમ દ્વારા શિક્ષણમાં

થતા અપવ્યય અને સ્થગિતતાનું નિવારણ થાય છે. સતત મૂલ્યાંકનથી વિદ્યાર્થીઓમાં પરીક્ષાની બીક દૂર થાય છે. એમ.એલ.એલ. અભિગમ બાળ કેન્દ્રી શિક્ષણનો અનુરૂપ છે.

શાંતિલાલ ભોરાણિયાના સંશોધન પરથી જાણવા મળ્યું કે ઊંચી સિદ્ધિપ્રેરણા ધરાવતા શ્રેણી ૬ ના પ્રાથમિક શિક્ષણમાં એમ.એલ.એલ. ની તાલીમની અસરકારતા નીચી જોવા મળી, જયારે નીચી સિદ્ધિ પ્રેરણા ધરાવતા શ્રેણી ૬ ના પ્રાથમિક શિક્ષણમાં એમ.એલ.એલ. ની તાલીમની અસરકારકતા ઊંચી જેવા મળી. ઊંચું વ્યવસાયિક વલણ ધરાવતા શ્રેણી ૬ ના પ્રાથમિક શિક્ષકોમાં એમ.એલ.એલ. તાલીમની અસરકારકતા નીચી જોવા મળી અને નીચું વ્યવસાયિક વલણ ધરાવતા શ્રેણી ૬ ના શિક્ષકોમાં એમ.એલ.એલ. તાલીમની અસરકારકતા ઊંચી જોવા મળી. પ્રાથમિક શાળાના ઉચ્ચ વલણ ધરાવતા વૈવાહિક સ્થિતિ અને વૈવાહિક દરજ્જોના શિક્ષકોએ મેળવેલી એમ.એલ.એલ. તાલીમની અસરકારકતા ઓછી હતી. જયારે વિવિધ શૈક્ષણિક લાયકાત અને શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોએ મેળવેલી તાલીમની અસરકારકતા ઓછી હતી.

મનોજ કોરડિયાના સંશોધન પરથી જાણવા મળ્યું કે એમ.એલ.એલ. અભિગમ પ્રત્યેના સ્ત્રી શિક્ષકોની સરખામણીમાં પુરુષ શિક્ષકોના મનોવલણો વધુ હકારાત્મક જોવા મળ્યા. અને એમ.એલ.એલ. અભિગમને સફળ બનાવવા શિક્ષકોના મનોવલણો વધુ હકારાત્મક બનાવવા તાલીમી કાર્યક્રમની જરૂર છે. એમ.એલ.એલ. અભિગમ પ્રત્યેના મનોવલણોની બાબતમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો સાર્થક રીતે જુદાં પડે છે પ્રાથમિક શિક્ષક માટેની લઘુતમ લાયકાત ધરાવતા શિક્ષકો અને વિશેષ લાયકાત ધરાવતા શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા અભિગમ પ્રત્યેના મનોવલણોની બાબતમાં સાર્થક તફાવત જોવા મળ્યો નથી. પ્રાથમિક શાળાના યુવાન શિક્ષકો  અને પ્રૌઢ શિક્ષકોના એમ.એલ.એલ. અભિગમ પ્રત્યેના મનોવલણો વચ્ચે તફાવત જોવા મળતો નથી.

કલાબહેન વિજાણીના સંશોધન પરથી જાણવા મળ્યું કે શ્રેણી ચારમાં પર્યાવરણ વિષયમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ અને વાર્ષિક મૌખિક કસોટીમાં જાતીયતા, વિસ્તાર અને પછાત અને બિનપછાત ૮૦% વિદ્યાર્થીઓ એકપણ ક્ષમતા સિદ્ધ કરી શકયા નથી. પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ અને વાર્ષિક લેખિત કસોટીમાં જાતીયતા, વિસ્તાર અને પછાત અને બિન પછાત વિદ્યાર્થીઓએ ૮૦% ક્ષમતા સિદ્ધ કરી શકયા નથી. પ્રાથમિક શાળામાં મૌખિક સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો ક્ષમતાવાર જોતા જણાયું કે એકપણ

વિદ્યાર્થી ૮૦% વિદ્યાર્થી સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા નથી. જિલ્લા પચાયત સંચાલિત શાળાઓમાં શિક્ષણનું સ્તર નીચું છે. પ્રાથમિક શાળામાં લેખિત સિદ્ધિ કસોટીઓના પ્રાપ્તાંકો ક્ષમતાવાર જોતા જણાયુ કે એકપણ ક્ષમતા ૮૦% વિદ્યાર્થીઓએ સિદ્ધ કરી નથી. મૌખિક તથા લેખિત પરીક્ષાના સિદ્ધિના પ્રાપ્તાંકો જોતા કુમારોની સિદ્ધિ કરતાં કન્યાઓની સિદ્ધિ વધારે ઊંચી જોવા મળે છે. મૌખિક તથા લેખિત પરીક્ષાના સિદ્ધિના પ્રાપ્તાંકો જોતા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સિદ્ધિ વધારે ઊંચી જોવા મળે છે. મૌખિક તથા લેખિત પરીક્ષાના સિદ્ધિના પ્રાપ્તાંકો જોતા બિનપછાત જાતિના વિદ્યાર્થીઓની સિદ્ધિ કરતાં પછાત જાતિના વિદ્યાર્થીઓની સિદ્ધિ વધારે ઊંચી જોવા મળે છે.

ચંદ્રકાન્ત રામાનુજના સંશોધન પરથી જાણવા મળ્યું કે પ્રાથમિક શાળામાં મૌખિક કસોટીઓના પ્રાપ્તાંકોના ક્ષમતાવાર જોતા જણાયું કે પૂછાયેલી ૫૦% ક્ષમતામાં ૮૦% વિદ્યાર્થી સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા નથી. પ્રાથમિક શાળામાં સમયાંતર અને વાર્ષિક ક્રિયાત્મક કસોટીઓના પ્રાપ્તાંકોમાં ક્ષમતાવાર જોતા જાણવા મળ્યું કે એકપણ ક્ષમતામાં ૮૦% વિદ્યાર્થી સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા નથી. પ્રાથમિક શાળામાં સમયાંતર અને વાર્ષિક લેખિત કસોટીઓના પ્રાપ્તાંકોના ક્ષમતાવાર જોતાં જણાય આવે છે કે પૂછાયેલી ૫૦% ક્ષમતામાં ૮૦% વિદ્યાર્થી સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા નથી. મૌખિક, ક્રિયાત્મક અને લેખિત પરીક્ષાઓના સિદ્ધિના પ્રાપ્તાંકો જોતા જાતીયતાની દૃષ્ટિએ કુમારો અને કન્યાઓની સિદ્ધિ લગભગ સમાન જોવા મળે છે. મૌખિક, ક્રિયાત્મક અને લેખિત પરીક્ષાઓના સિદ્ધિના પ્રાપ્તાંકો જોતા વિસ્તારને સંબંધિત ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સિદ્ધિ લગભગ સમાન હતી.

## ૨.૮ પ્રસ્તુત અભ્યાસની વિશેષતાઓ :

૧. પુરોગામી કુલ બાવીસ સંશોધનોનું અવલોકન ઝીણવટથી કરતાં જણાયું કે પ્રસ્તુત અભ્યાસમાં લઘુતમ અધ્યયન કક્ષાના આઠ ઘટકોને ધ્યાનમાં રાખીને સંશોધન કરવામાં આવ્યું છે. તે આઠ ઘટકો બીજા એક પણ સંશોધનમાં ધ્યાનમાં લેવામાં આવ્યા નથી.

૨. પુરોગામી સંશોધનોમાં ઉપકરણ તરીકે ક્ષમતાકેન્દ્રી કસોટીઓ, સિદ્ધિ કસોટીઓ, પ્રશ્નાવલિ, મુલાકાત, ચેક લિસ્ટ, અભિપ્રાયવલિનો ઉપયોગ થયો હતો. એક સંશોધનમાં વલણમાપદંડનો ઉપયોગ થયો છે. પ્રસ્તુત સંશોધનમાં લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપ દંડની રચના આઠ ઘટકોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી.

૩. પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્ર વિસ્તારના સાત જિલ્લાઓની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓના ૧ થી ૭ ધોરણમાં શૈક્ષણિક કાર્ય કરતાં શિક્ષકોનો ૧૦% લેખે નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

૪. અગાઉ થઈ ગયેલા સંશોધનમાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણનો અભ્યા માત્ર અમદાવાદ શહેરની ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકો અને મ્યુનિસિપલ પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો જ કરવામાં આવ્યો હતો, જયારે પ્રસ્તુત અભ્યાસ સૌરાષ્ટ્ર વિસ્તારમાં થયેલા સાત જિલ્લાઓમાં આવેલી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૫. આ અભ્યાસમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણોને પરતંત્ર તરીકે ગણી પ્રયોજકે જાતીયતા, વિસ્તાર, શાળાનો પ્રકાર, કુટુંબનો પ્રકાર, સામાજિક જૂથ, વૈવાહિક સ્થિતિ, માતા પિતાનો અભ્યાસ, પિતાનો વ્યવસાય, પિતા શિક્ષક છે ? માતા શિક્ષક છે ?, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, પગારનું ધોરણ, એમ.એલ.એલ. ના તજ્જ્ઞ તરીકેનું કાર્ય જેવાં સ્વતંત્ર ચલો લઈ તેની પરતંત્ર ચલ પર શી અસર થાય છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો જે આ અભ્યાસની વિશિષ્ટતા છે.

# પ્રકરણ - ૩
# સંશોધન યોજના અને તેની આધારશિલાઓ

૩.૧ વિષયનો ઉદ્દ્ગમ

૩.૨ વ્યાપવિશ્વની વ્યાખ્યા

૩.૩ પ્રાપ્ત માહિતી અંગેની સ્પષ્ટતા

૩.૪ નમૂના પસંદગીની રીત

૩.૫ સંશોધન ઉપકરણ

૩.૬ માહિતી પ્રાપ્તિ માટેની પ્રવિધિઓ

૩.૭ માહિતી પૃથક્કરણ પ્રવિધિ

# પ્રકરણ - ૩
# સંશોધન યોજના અને તેની આધારશિલાઓ

## ૩.૧ વિષયનો ઉદ્‌ગમ :

શિક્ષણ એ અર્થસભર અને ઉચ્ચ ગુણવત્તા સભર જીવન જીવવા માટે મનુષ્યને સજાગ અને સમર્થ બનાવતી એક પ્રક્રિયા છે. શાળાકીય શિક્ષણ દરેક વ્યક્તિ માટે જરૂરી છે. વ્યક્તિ સમાજ અને દેશના વિકાસના વ્યાપક સંદર્ભમાં શાળાકીય શિક્ષણની ગુણવત્તા અને કાર્યક્ષમતા વિશેષ મહત્ત્વ ધરાવે છે.

આવા ઉમદા કાર્ય માટે પ્રતિબદ્ધ શિક્ષકોની જરૂર પડે છે. શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા જેમ વધુ તેમ શિક્ષણની અસરકારતા વધે છે. સક્ષમ અને સમર્થ શિક્ષકો તૈયાર કરવા માટે જરૂરી છે અસરકારક પ્રશિક્ષણ તાલીમ. આજે શાળાકીય શિક્ષણ ક્ષેત્રે અને સમાજમાં અભૂતપૂર્ણ ટેકનોલોજિકલ પ્રગતિ સધાઈ છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે, શિક્ષકો અને બાળકો બેઉ સક્રિય બને, શિક્ષણ કાર્ય અને તેની પ્રવૃત્તિઓનો વ્યાપ વધે તેવા શુભ આશયથી 'લઘુતમ અધ્યયન કક્ષા' – આ નવા અભિગમને અપનાવી અન્ય રાજ્યોની જેમ આપણા ગુજરાતમાં પણ ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તાલુકા સંશોધન કેન્દ્ર, સી.આર.સી. જૂથ સંશોધન કેન્દ્રની રચના કરવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા, તાલીમી કોલેજોના વ્યાખ્યાતાઓ, ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અને વ્યવસાયિક સજ્જતા ધરાવતા અનુભવી આચાર્યો, શિક્ષકો તથા અધ્યાયપન મંદિરોના અધ્યાયપકોને તજ્જ્ઞ તરીકે કાર્યરત કરી આ નવા અભિગમ વિશે પ્રાથમિક શિક્ષકોને જ્ઞાન અને તાલીમ આપી શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વધારવાના કાર્યક્રમો ચાલી રહ્યા છે.

પ્રયોજક પોતે અધ્યાયન મંદિરમાં લાંબા સમયથી અધ્યાપક તરીકે ફરજ બજાવે છે અને એમ.એમ.એલ.ના તજ્જ્ઞ તરીકે તાલીમવર્ગોમાં પણ ફરજ બજાવે છે. આમ, તે

પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા છે. તાલીમવર્ગ દરમિયાન પ્રાથમિક શિક્ષકો આ નવા અભિગમ પ્રત્યે કેવું વલણ ધરાવે છે તે જાણવાની ઈચ્છાથી આ અભ્યાસ હાથ ધરાવમાં આવ્યો હતો.

અહીં પ્રાથમિક શિક્ષકોના વલણોનો જાતીયતા, શાળાનો પ્રકાર, કુટુંબનો પ્રકાર, સામાજિક જૂથ, વૈવાહિક સ્થિતિ, માતા–પિતાનો અભ્યાસ, પિતાનો વ્યવસાય, પિતા શિક્ષક છે ?, માતા શિક્ષક છે ?, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, પગારનું ધોરણ, એમ.એલ.એસ.ના તજ્જ્ઞ તરીકેનું કાર્ય વગેરે જેવા ચલોને શો સંબંધ છે ? તે તપાસવાના હેતુથી પ્રસ્તુત વિષયનો ઉદ્‌ગમ થયો હતો.

## ૩.૨ વ્યાપવિશ્વની વ્યાખ્યા:

વ્યાપવિશ્વ એટલે સંશોધક માહિતી એકત્રીકરણ માટેનો નમૂનો જે સમૂહમાંથી પસંદ કરે તે પાત્રોનો મૂળભૂત સમૂહ.

પ્રયોજક સંશોધન કાર્ય હાથ ધરવા માટે નમૂનાનો મૂળભૂત સમૂહ પસંદ કરે છે તેને વ્યાપવિશ્વ કહે છે. સંશોધન કાર્યની સફળતાનો આધાર તેના વ્યાપવિશ્વ અને નમૂના પસંદગીની યોગ્ય રીત પર રહેલો છે. સમગ્ર વ્યાપવિશ્વમાંથી પ્રતિનિધિત્વ ધરાવતાં પાત્રોનાં નમૂનો લઈ તેના ઉપર સંશોધનની ક્રિયા થાય છે અને તેના પરિણામો વ્યાપવિશ્વને લાગુ પડાય છે. સંશોધન યોજનાને આગળ ધપાવતી વખતે પ્રયોજકે પોતાની દૃષ્ટિ સમક્ષ કયું વ્યાપવિશ્વ છે તેનો સ્પષ્ટ ખ્યાલ રાખવો જોઈએ.

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં સૌરાષ્ટ્ર વિસ્તારના સાત જિલ્લાઓમાં આવેલી સરકાર માન્ય જિલ્લા પ્રાથમિક શાળાઓમાં અને ૨૦૦૦–૨૦૦૧ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન નોકરી કરતાં પ્રાથમિક શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સમગ્ર વ્યાપવિશ્વમાં આવેલા જિલ્લા અને વિસ્તારવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકોની માહિતી સારણી – ૩.૧ માં મૂકવામાં આવેલી છે.

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં કચ્છ–ભૂજને બાદ કરતાં સૌરાષ્ટ્ર વિસ્તારના સાત જિલ્લાઓ અમરેલી, જામનગર, જૂનાગઢ, પોરબંદર, ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં શહેરી વિસ્તારનાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૮૬૭૭ અને ૮૧૩૭, અર્ધ શહેરી વિસ્તારનાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૭૦૯૩ અને ૪૩૦૯ તથા ગ્રામીણ વિસ્તારનાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૬૩૪૭ અને ૩૬૪૨ મળી કુલ ૨૨૧૧૭ પુરુષ શિક્ષકો અને ૧૬૦૮૮ સ્ત્રી શિક્ષકોનો સમાવેશ થયેલ છે.

જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકો જોઈએ તો રાજકોટ જિલ્લાના સૌથી વધારે ૮૫૮૬ શિક્ષકો આવેલા છે, જ્યારે પોરબંદર જિલ્લાના સૌથી ઓછા ૧૫૭૯ રહેલાં છે. આમ કુલ જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સંખ્યા જોતા સમગ્ર વ્યાપવિશ્વમાં ૩૮૨૦૫ શિક્ષકો રહેલા છે.

સમગ્ર વ્યાપવિશ્વમાં આવેલ જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકોની માહિતી સરણી ૩.૨ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૨
## સમગ્ર વ્યાપવિશ્વમાં આવેલ જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૩૦૧૩ | ૨૨૬૨ | ૫૨૭૫ |
| ૨. | જામનગર | ૩૩૨૯ | ૨૦૪૧ | ૫૩૭૦ |
| ૩. | જૂનાગઢ | ૪૧૩૭ | ૨૮૫૨ | ૬૯૮૯ |
| ૪. | પોરબંદર | ૯૪૨ | ૬૩૭ | ૧૫૭૯ |
| ૫. | ભાવનગર | ૩૮૦૪ | ૧૯૧૧ | ૫૭૧૫ |
| ૬. | રાજકોટ | ૩૪૮૪ | ૫૧૦૨ | ૮૫૮૬ |
| ૭. | સુરેન્દ્રનગર | ૩૪૦૮ | ૧૨૮૩ | ૪૬૯૧ |
| ☆ | કુલ | ૨૨૧૧૭ | ૧૬૦૮૮ | ૩૮૨૦૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૨ પરથી ફલિત થાય છે કે સમગ્ર વ્યાપવિશ્વમાં ૨૨૧૧૭ પુરુષ શિક્ષકો અને ૧૬૦૮૮ સ્ત્રી શિક્ષકો મળી કુલ ૩૮૨૦૫ શિક્ષકો રહેલાં છે, જેમાં સૌથી વધારે શિક્ષકો ૮૫૮૬ રાજકોટ જિલ્લામાં અને સૌથી ઓછા શિક્ષકો ૧૫૭૯ પોરબંદર જિલ્લામાં આવેલાં છે.

સમગ્ર વ્યાપવિશ્વમાં આવેલી વિસ્તારવાર શિક્ષકોની માહિતી સારણી ૩.૩ માં આપવામાં આવેલી છે.

## સારણી – ૩.૩
## સમગ્ર વ્યાપવિશ્વમાં આવેલ વિસ્તારવાર શિક્ષકો

| ક્રમ | જિલ્લાનું નામ | પુરુષ શિક્ષકો | સ્ત્રી શિક્ષકો | કુલ શિક્ષકો |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૮૬૭૭ | ૮૧૩૭ | ૧૬૮૧૪ |
| ૨. | અર્ધ શહેરી | ૭૦૯૩ | ૪૩૦૯ | ૧૧૪૦૨ |
| ૩. | ગ્રામીણ | ૬૩૪૭ | ૩૬૪૨ | ૯૯૮૯ |
| | કુલ | ૨૨૧૧૭ | ૧૬૦૮૮ | ૩૮૨૦૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૩ પરથી જોઈ શકાય છે કે વિસ્તારની દષ્ટિએ શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૧૬૮૧૪, ૧૧૪૦૨, અને ૯૯૮૯ છે. બધા મળીને કુલ ૩૮૨૦૫ શિક્ષકો આવેલા છે.

## 3.3 પ્રાપ્ત માહિતી અંગે સ્પષ્ટતા :

સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સાત જિલ્લાઓ અમરેલી, જામનગર, જૂનાગઢ, પોરબંદર, ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં આવેલી જિલ્લા પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો પર જાતીયતા, વિસ્તાર, શાળાનો પ્રકાર, સામાજિક જૂથ, વૈવાહિક સ્થિતિ, માતા–પિતાનો અભ્યાસ, પિતાનો વ્યવસાય, શિક્ષક અને બિનશિક્ષક માતા–પિતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, પગારનું ધોરણ તથા તજ્જ્ઞ તરીકે સેવા આપતા શિક્ષકો અને તજ્જ્ઞ સિવાયના શિક્ષકો જેવા સ્વતંત્ર ચલ પર શી અસરો થાય છે તે તપાસવામાં આવ્યું હતું આમ, આ અભ્યાસ એક સર્વેક્ષણ પ્રકારનો અભ્યાસ હતો.

## ૩.૪ નમૂના પસંદગીની રીત :

સંશોધક વ્યાપવિશ્વ પસંદ કર્યા પછી આ વ્યાપવિશ્વમાંથી વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ કરે તેવાં પાત્રોનું જૂથ પસંદ કરે છે.

જે વ્યાપવિશ્વ માટે કસોટીની રચના કરવામાં આવી હોય તે સમગ્ર વ્યાપવિશ્વને કસોટી આપીને માહિતી એકત્ર કરવાનું કામ ઘણું જ કઠિન છે તેથી સંશોધક વ્યાપવિશ્વ પસંદ કર્યા પછી આ વ્યાપવિશ્વમાંથી વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ કરે તેવાં પાત્રોનું જૂથ પસંદ કરે છે તેને નમૂનો કહે છે. વ્યાપવિશ્વનું પૂરતું પ્રતિનિધિત્વ પુરું પડે તે રીતે નમૂનો પસંદ કરીને નમૂનાને આધારે મળેલા પરિણામો વ્યાપવિશ્વને લાગુ પાડવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજક વ્યાપવિશ્વમાં આવેલા સાત જિલ્લાઓની પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતા કુલ શિક્ષકોના દશ ટકા નમૂનો લેવાનું નક્કી કર્યુ હતું. આ માટે સમગ્ર વ્યાપવિશ્વને જિલ્લા, તાલુકા અને ગ્રામીણ વિસ્તારમાં વિભાજિત કરી, ચિઠ્ઠી ઉપાડતાં જે તે શાળાના સમગ્ર શિક્ષકોને કસોટી આપી માહિતી એકત્ર કરી હતી. આમ આ સંશોધનમાં સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખાં પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

દશ ટકા લેખે નમૂનો પસંદ કરતા જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકોની જે માહિતી પ્રાપ્ત થઈ હતી તે સારણી ૩.૪ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૪
## નમૂનામાં સમાવિષ્ટ જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૩૦૧ | ૨૨૬ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૩૩૨ | ૨૦૫ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૪૧૪ | ૨૮૬ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૯૫ | ૬૪ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૩૮૧ | ૧૯૨ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૩૪૯ | ૫૧૦ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૩૪૧ | ૧૨૯ | ૪૭૦ |
| ☆ | કુલ | ૨૨૧૩ | ૧૬૧૨ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૪ પરથી ફલિત થાય છે કે ૨૨૧૩ પુરુષ શિક્ષકો અને ૧૬૧૨ સ્ત્રી શિક્ષકો મળી કુલ ૩૮૨૫ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ છે. જિલ્લાવાર સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો સૌથી વધારે રાજકોટ જિલ્લામાં ૩૪૯ પુરુષ શિક્ષકો અને ૫૧૦ સ્ત્રી શિક્ષકો મળી કુલ ૮૫૯ શિક્ષકોનો સમાવેશ થયેલ છે, જ્યારે સૌથી ઓછા પોરબંદર જિલ્લામાં ૯૫ પુરુષ અને ૬૪ સ્ત્રી શિક્ષકો મળી કુલ ૧૫૯ શિક્ષકોનો સમાવેશ થયેલ છે.

નમૂનામાં સમાવિષ્ટ વિસ્તારવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકોની માહિતી સારણી ૩.૫માં આપેલ છે.

## સારણી – ૩.૫
## નમુનામાં સમાવિષ્ટ વિસ્તારવાર પુરુષ અને સ્ત્રી શિક્ષકો

| *ક્રમ* | *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૮૬૮ | ૮૧૪ | ૧૬૮૨ |
| ૨. | અર્ધ શહેરી | ૭૧૦ | ૪૩૩ | ૧૧૪૩ |
| ૩. | ગ્રામીણ | ૬૩૫ | ૩૬૫ | ૧૦૦૦ |
| ૪. | કુલ | ૨૨૧૩ | ૧૬૧૨ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ**

સારણી ૩.૫નું અવલોકન દર્શાવે છે કે વિસ્તારવાર શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૧૬૮૨, ૧૧૪૩ અને ૧૦૦૦ છે. જેમાં શહેરી વિસ્તારની સૌથી વધારે ૧૬૮૨ અને ગ્રામીણ વિસ્તારની સૌથી ઓછી ૧૦૦૦ છે. આમ, નમૂનામાં વિસ્તારની દૃષ્ટિએ કુલ ૩૮૨૫ પુરુષ અને સ્ત્રી શિક્ષકોનો સમાવેશ થયેલ છે.

નમૂનામાં સમાવિષ્ટ અમરેલી જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકોની માહિતી સારણી : ૩.૬ માં આપવામાં આવેલી છે.

## સારણી – ૩.૬
## નમૂનામાં સમાવિષ્ટ અમરેલી જિલ્લાના વિસ્તાવાર શિક્ષકો

| *ક્રમ* | *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૩૯ | ૧૧૨ | ૨૫૧ |
| ૨. | અર્ધ શહેરી | ૭૭ | ૫૩ | ૧૩૦ |
| ૩. | ગ્રામીણ | ૮૫ | ૬૧ | ૧૪૬ |
| ૪. | કુલ | ૩૦૧ | ૨૨૬ | ૫૨૭ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૬ પરથી જોઈ શકાય છે કે નમૂનામાં સમાવિષ્ટ અમરેલી જિલ્લાનાં શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં અનુક્રમે ૨૫૧, ૧૩૦ અને ૧૪૬ શિક્ષકો મળી કુલ ૫૨૭ શિક્ષકોનો સમાવેશ થયેલ છે. સૌથી વધારે ૧૩૯ પુરુષ શિક્ષકો અને ૧૧૨ સ્ત્રી શિક્ષકો શહેરી વિસ્તારનાં અને સૌથી ઓછા ૭૭ પુરુષ શિક્ષકો અને ૫૩ સ્ત્રી શિક્ષકો અર્ધ શહેરી વિસ્તારનાં છે.

નમૂનામાં સમાવિષ્ટ જામનગર જિલ્લાના વિસ્તાવાર શિક્ષકોની માહિતી સારણી ૩.૭ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૭
## નમૂનામાં સમાવિષ્ટ જામનગર જિલ્લાનાં વિસ્તાવાર શિક્ષકો

| *ક્રમ* | *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૧૫ | ૧૧૭ | ૨૩૨ |
| ૨. | અર્ધ શહેરી | ૧૨૭ | ૪૩ | ૧૭૦ |
| ૩. | ગ્રામીણ | ૯૦ | ૪૫ | ૧૩૫ |
| ૪. | કુલ | ૩૩૨ | ૨૦૫ | ૫૩૭ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૭ પરથી જોઈ શકાય છે કે નમૂનામાં સમાવિષ્ટ જામનગર જિલ્લાનાં શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં અનુક્રમે ૨૩૨, ૧૭૦ અને ૧૩૫ શિક્ષકો મળી કુલ ૫૩૭ શિક્ષકોનો સમાવેશ થયેલ છે. સૌથી વધારે ૧૨૭ પુરુષ શિક્ષકો અર્ધ શહેરી વિસ્તારનાં અને ૧૧૭ સ્ત્રી શિક્ષકો શહેરી વિસ્તારના અને સૌથી ઓછા ૯૦ પુરુષ શિક્ષકો ગ્રામીણ વિસ્તારના અને ૪૩ સ્ત્રી શિક્ષકો અર્ધ શહેરી વિસ્તારના છે.

નમૂનામાં સમાવિષ્ટ જૂનાગઢ જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકોની માહિતી સારણી ૩.૮ માં દર્શાવેલી છે.

## સારણી – ૩.૮
## નમૂનામાં સમાવિષ્ટ જૂનાગઢ જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકો

| *ક્રમ* | *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૪૦ | ૧૨૪ | ૨૬૪ |
| ૨. | અર્ધ શહેરી | ૧૫૬ | ૯૫ | ૨૫૧ |
| ૩. | ગ્રામીણ | ૧૧૮ | ૬૭ | ૧૮૫ |
| ૪. | કુલ | ૪૧૪ | ૨૮૬ | ૭૦૦ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૮ પરથી જોઈ શકાય છે કે નમૂનામાં સમાવિષ્ટ જૂનાગઢ જિલ્લાનાં શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં અનુક્રમે ૨૬૪, ૨૫૧ અને ૧૮૫ શિક્ષકો મળી કુલ ૭૦૦ શિક્ષકોનો સમાવેશ થયેલ છે. સૌથી વધારે ૧૫૬ પુરુષ શિક્ષકો અર્ધ શહેરી વિસ્તારના અને ૧૨૪ સ્ત્રી શિક્ષકો શહેરી વિસ્તારના અને સૌથી ઓછા ૧૧૮ પુરુષ શિક્ષકો અને ૬૭ સ્ત્રી શિક્ષકો ગ્રામીણ વિસ્તારના છે.

નમૂનામાં સમાવિષ્ટ પોરબંદર જિલ્લાના વિસ્તારવાર શિક્ષકોની માહિતી સારણી ૩.૯ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૯
## નમૂનામાં સમાવિષ્ટ પોરબંદર જિલ્લાના વિસ્તારવાર શિક્ષકો

| *ક્રમ* | *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૫૧ | ૪૧ | ૯૨ |
| ૨. | અર્ધ શહેરી | ૨૧ | ૧૩ | ૩૪ |
| ૩. | ગ્રામીણ | ૨૩ | ૧૦ | ૩૩ |
| ૪. | કુલ | ૯૫ | ૬૪ | ૧૫૯ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૯ પરથી જોઈ શકાય છે કે નમૂનામાં સમાવિષ્ટ પોરબંદર જિલ્લાનાં શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં અનુક્રમે ૯૨, ૩૪ અને ૩૩ શિક્ષકો મળીને કુલ ૧૫૯ શિક્ષકોનો સમાવેશ થયેલ છે. સૌથી વધારે ૫૧ પુરુષ શિક્ષકો અને ૪૧ સ્ત્રી શિક્ષકો શહેરી વિસ્તારનાં અને સૌથી ઓછા ૨૧ શિક્ષકો અર્ધ શહેરી વિસ્તારનાં અને ૧૦ સ્ત્રી શિક્ષકો ગ્રામીણ વિસ્તારનાં છે.

નમૂનામાં સમાવિષ્ટ ભાવનગર જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકોની માહિતી સારણી ૩.૧૦ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૧૦
## નમૂનામાં સમાવિષ્ટ ભાવનગર જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકો

| *ક્રમ* | *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૦ | ૮૯ | ૨૪૯ |
| ૨. | અર્ધ શહેરી | ૯૭ | ૪૫ | ૧૪૨ |
| ૩. | ગ્રામીણ | ૧૨૪ | ૫૮ | ૧૮૨ |
| ૪. | કુલ | ૩૮૧ | ૧૯૨ | ૫૭૩ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૦ પરથી જોઈ શકાય છે કે નમૂનામાં સમાવિષ્ટ ભાવનગર જિલ્લાનાં શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં અનુક્રમે ૨૪૯, ૧૪૨ અને ૧૮૨ શિક્ષકો મળી કુલ ૫૭૩ શિક્ષકોનો સમાવેશ થયેલ છે. સૌથી વધારે ૧૬૦ પુરુષ શિક્ષકો અને ૮૯ સ્ત્રી શિક્ષકો શહેરી વિસ્તારનાં અને સૌથી ઓછા ૯૭ પુરુષ શિક્ષકો અને ૪૫ સ્ત્રી શિક્ષકો અર્ધ શહેરી વિસ્તારનાં છે.

નમૂનામાં સમાવિષ્ટ રાજકોટ જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકોની માહિતી સારણી ૩.૧૧ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૧૧
## નમૂનામાં સમાવિષ્ટ રાજકોટ જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકો

| *ક્રમ* | *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૫૭ | ૨૮૦ | ૪૩૭ |
| ૨. | અર્ધ શહેરી | ૧૨૮ | ૧૪૫ | ૨૭૩ |
| ૩. | ગ્રામીણ | ૬૪ | ૮૫ | ૧૪૯ |
| ૪. | કુલ | ૩૪૯ | ૫૧૦ | ૮૫૯ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૧ પરથી જોઈ શકાય છે કે નમૂનામાં સમાવિષ્ટ રાજકોટ જિલ્લાનાં શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં અનુક્રમે ૪૩૭, ૨૭૩ અને ૧૪૯ શિક્ષકો મળી કુલ ૮૫૯ શિક્ષકોનો સમાવેશ થાય છે. સૌથી વધારે ૧૫૭ પુરુષ શિક્ષકો અને ૨૮૦ સ્ત્રી શિક્ષકો શહેરી વિસ્તારનાં અને સૌથી ઓછા ૬૪ પુરુષ શિક્ષકો અને ૮૫ સ્ત્રી શિક્ષકો ગ્રામીણ વિસ્તારનાં છે.

નમૂનામાં સમાવિષ્ટ સુરેન્દ્રનગર જિલ્લાના વિસ્તારવાર શિક્ષકોની માહિતી સારણી ૩.૧૨ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૧૨
## નમૂનામાં સમાવિષ્ટ સુરેન્દ્રનગર જિલ્લાનાં વિસ્તારવાર શિક્ષકો

| *ક્રમ* | *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* | *કુલ શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૦૬ | ૫૧ | ૧૫૭ |
| ૨. | અર્ધ શહેરી | ૧૦૪ | ૩૯ | ૧૪૩ |
| ૩. | ગ્રામીણ | ૧૩૧ | ૩૯ | ૧૭૦ |
| ૪. | કુલ | ૩૪૧ | ૧૨૯ | ૪૭૦ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૨ પરથી જોઈ શકાય છે કે નમૂનામાં સમાવિષ્ટ સુરેન્દ્રનગર જિલ્લાનાં શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં અનુક્રમે ૧૫૭, ૧૪૩ અને ૧૭૦ શિક્ષકો મળીને કુલ ૪૭૦ શિક્ષકોનો સમાવેશ થયેલ છે. સૌથી વધારે ૧૩૧ પુરુષ શિક્ષકો ગ્રામીણ વિસ્તારના અને ૫૧ સ્ત્રી શિક્ષકો શહેરી વિસ્તારના છે અને સૌથી ઓછા ૧૦૪ પુરુષ શિક્ષકો અર્ધ શહેરી વિસ્તારના છે, જ્યારે અર્ધ શહેરી તથા ગ્રામીણ વિસ્તારમાં સ્ત્રી શિક્ષકોનું પ્રમાણ એક સરખુ જોવા મળે છે.

નમૂનામાં સમાવિષ્ટ શાળાના પ્રકાર પ્રમાણેની પુરુષ અને સ્ત્રી શિક્ષકોની માહિતી સારણી ૩.૧૩ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૧૩
## નમૂનામાં સમાવિષ્ટ શાળાના પ્રકાર પ્રમાણે પુરુષ અને સ્ત્રી શિક્ષકો

| ક્રમ | જિલ્લાનું નામ | કુમાર શાળા | | કન્યાશાળા | | મિશ્રશાળા | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ શિક્ષકો | સ્ત્રી શિક્ષકો | પુરુષ શિક્ષકો | સ્ત્રી શિક્ષકો | પુરુષ શિક્ષકો | સ્ત્રી શિક્ષકો | |
| ૧. | અમરેલી | ૧૧૦ | ૮૧ | ૯૦ | ૯૯ | ૧૦૧ | ૪૬ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૯૦ | ૪૦ | ૧૨૨ | ૧૦૦ | ૧૨૦ | ૬૫ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૧૪૦ | ૬૫ | ૧૦૦ | ૧૨૧ | ૧૭૪ | ૧૦૦ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૨૦ | ૩૦ | ૩૦ | ૨૨ | ૪૫ | ૧૨ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૮૧ | ૯૨ | ૧૮૦ | ૫૦ | ૧૨૦ | ૫૦ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૧૩૦ | ૧૫૦ | ૧૦૩ | ૧૪૦ | ૧૧૬ | ૨૨૦ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૧૭૨ | ૧૦૦ | ૧૧૦ | ૧૦ | ૫૯ | ૧૯ | ૪૭૦ |
| ☆ | કુલ | ૭૪૩ | ૫૫૮ | ૭૩૫ | ૫૪૨ | ૭૩૫ | ૫૧૨ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૩નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ કુમારશાળા, કન્યાશાળા અને મિશ્રશાળાઓમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૭૪૩ અને ૫૫૮, ૭૩૫ અને ૫૪૨, ૭૩૫ અને ૫૧૨ શિક્ષકો મળી કુલ ૩૮૨૫ પાત્રો છે. સૌથી ઓછા પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૨૦, ૩૦, ૩૦, ૨૨, ૪૫ અને ૧૨ છે. જે પોરબંદર જિલ્લામાં છે. જ્યારે સૌથી વધારે પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૧૭૨, ૧૫૦, ૧૮૦, ૧૪૦, ૧૭૪ અને ૨૨૦ છે. જે અનુક્રમે સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, રાજકોટ, જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં છે.

નમૂનામાં સમાવિષ્ટ કુટુંબના પ્રકારો પ્રમાણેની પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સંખ્યા સારણી ૩.૧૪ માં દર્શાવવામાં આવેલી છે.

## સારણી – ૩.૧૪
## નમૂનામાં સમાવિષ્ટ કુટુંબના પ્રકાર પ્રમાણે પુરુષ અને સ્ત્રી શિક્ષકો

| ક્રમ | જિલ્લાનું નામ | સયુક્ત કુટુંબ | | વિભક્ત કુટુંબ | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | પુરુષ શિક્ષકો | સ્ત્રી શિક્ષકો | પુરુષ શિક્ષકો | સ્ત્રી શિક્ષકો | |
| ૧. | અમરેલી | ૨૦૦ | ૧૩૦ | ૧૦૧ | ૯૬ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૨૪૫ | ૧૧૫ | ૮૭ | ૯૦ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૨૩૩ | ૧૩૮ | ૧૮૧ | ૧૪૮ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૩૮ | ૨૮ | ૫૭ | ૩૬ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૧૮૬ | ૯૯ | ૧૯૫ | ૯૩ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૧૯૧ | ૩૦૦ | ૧૫૮ | ૨૧૦ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૧૨૨ | ૯૯ | ૨૧૯ | ૩૦ | ૪૭૦ |
| ☆ | કુલ | ૧૨૨૦ | ૯૦૯ | ૧૦૦૩ | ૭૦૩ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૪નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ સંયુક્ત અને વિભક્ત કુટુંબના પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૧૨૧૫, ૯૦૯, ૯૯૮ અને ૭૦૩ મળી કુલ ૩૮૨૫ છે. સૌથી ઓછા સંયુક્ત કુટુંબના અને વિભક્ત કુટુંબમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૩૮ અને ૨૮, ૫૭ અને ૩૬ જે પોરબંદર જિલ્લાનાં છે. જ્યારે સૌથી વધારે સંયુક્ત અને વિભક્ત કુટુંબનાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૨૪૫ અને ૩૦૦, ૨૧૯ અને ૨૧૦ છે જે જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાનાં શિક્ષકો છે.

નમૂનામાં સમાવિષ્ટ સામાજિક જૂથ પ્રમાણેની પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સંખ્યા સારણી ૩.૧૫ માં દર્શાવવામા આવેલ છે.

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૫ નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સવર્ણ, એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવેશ પામતાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૧૧૩૬, ૯૫૦, ૩૦૫, ૧૦૬, ૧૨૦, ૫૦ તથા ૬૫૨, ૫૦૭ મળી કુલ ૩૮૨૫ શિક્ષકોનો સમાવેશ થાય છે.

સૌથી ઓછા સવર્ણ, એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચના પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૩૬, ૩૫, ૮, ૭, ૫.૨ પોરબંદર જિલ્લાના ૨૨ રાજકોટ અને ૨૦ પોરબંદર જિલ્લાનો સમાવેશ થાય છે. જ્યારે સૌથી વધારે સવર્ણ, એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચના પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૧૬૫ સુરેન્દ્રનગર ૨૭૫ રાજકોટ ૬૧ જામનગર ૪૪ રાજકોટ, ૨૫ રાજકોટ, ૧૬૪ ભાવનગર અને ૧૭૬ રાજકોટ જિલ્લાનાં શિક્ષકો છે.

નમૂનામાં સમાવિષ્ટ વૈવાહિક સ્થિતિ પ્રમાણેના પુરુષ અને સ્ત્રી શિક્ષકોની માહિતી સારણી ૩.૧૬ માં આપેલ છે.

## સારણી – ૩.૧૬
## નમૂનામાં સમાવિષ્ટ વૈવાહિક સ્થિતિ પ્રમાણે પુરુષ અને સ્ત્રી શિક્ષકો

| ક્રમ | જિલ્લાનું નામ | પુરુષ શિક્ષકો | | સ્ત્રી શિક્ષકો | | કુલ શિક્ષકો |
|---|---|---|---|---|---|---|
| | | પરિણીત | અપરિણીત | પરિણીત | અપરિણીત | |
| ૧. | અમરેલી | ૨૦૧ | ૧૦૦ | ૧૨૦ | ૧૦૬ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૨૩૩ | ૯૯ | ૯૨ | ૧૧૩ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૨૧૪ | ૨૦૦ | ૨૧૧ | ૭૫ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૩૯ | ૫૬ | ૨૬ | ૩૮ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૧૮૩ | ૧૯૮ | ૧૦૨ | ૯૦ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૨૪૪ | ૧૦૫ | ૪૦૨ | ૧૦૮ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૨૪૬ | ૯૫ | ૩૦ | ૯૯ | ૪૭૦ |
| ☆ | કુલ | ૧૩૬૦ | ૮૫૩ | ૯૮૩ | ૬૨૯ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૬ નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં પરિણીત અને અપિરણીત પુરુષ અને સ્ત્રી શિક્ષકો અનુક્રમે ૧૩૬૦, ૮૫૩, ૯૮૩ અને ૬૨૯ મળી કુલ ૩૮૨૫ નો સમાવેશ થયો છે.

સમગ્ર નમૂનામાં પિતાના અભ્યાસ પ્રમાણેની શિક્ષકોની સંખ્યા સારણી ૩.૧૭ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૧૭
## નમૂનામાં સમાવિષ્ટ પિતાના અભ્યાસ પ્રમાણે શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *શિક્ષિત પિતા* | *અશિક્ષિત પિતા* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૩૦૦ | ૨૨૭ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૨૯૮ | ૨૩૯ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૩૬૮ | ૩૩૨ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૯૯ | ૬૦ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૩૪૪ | ૨૨૯ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૫૭૮ | ૨૮૧ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૩૫૯ | ૧૧૧ | ૪૭૦ |
| ☆ | કુલ | ૨૩૪૬ | ૧૪૭૯ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૭ પરથી જોઈ શકાય છે કે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષિત પિતા અને અશિક્ષિત પિતાના સંતાન અનુક્રમે ૨૩૪૬ અને ૧૪૭૯ શિક્ષકો છે. સૌથી ઓછા શિક્ષિત પિતાના અને અશિક્ષિત પિતાના સંતાન શિક્ષકો અનુક્રમે ૯૯ અને ૬૦ પોરબંદર જિલ્લાના છે, જ્યારે સૌથી વધારે શિક્ષિત પિતાના સંતાન શિક્ષકો અનુક્રમે ૫૭૮ અને ૩૩૨ જે રાજકોટ અને જૂનાગઢ જિલ્લાના છે.

નમૂનામાં સમાવિષ્ટ માતાના અભ્યાસ પ્રમાણે શિક્ષકોની માહિતી સારણી ૩.૧૮ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૧૮
## નમૂનામાં સમાવિષ્ટ માતાના અભ્યાસ પ્રમાણે શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *શિક્ષિત માતા* | *અશિક્ષિત માતા* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૨૭૫ | ૨૫૨ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૨૯૭ | ૨૪૦ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૩૩૨ | ૩૬૮ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૨૧ | ૧૩૮ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૧૭૨ | ૪૦૧ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૨૩૧ | ૬૨૮ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૧૦૨ | ૩૬૮ | ૪૭૦ |
| ☆ | કુલ | ૧૪૩૦ | ૨૩૯૫ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૮ નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષિત માતા અને અશિક્ષિત માતાના અનુક્રમે ૧૪૩૦ અને ૨૩૯૫ પાત્રો મળી કુલ ૩૮૨૫ પાત્રો છે. સૌથી ઓછા શિક્ષિત માતાના અને અશિક્ષિત માતાના સંતાન શિક્ષકો અનુક્રમે ૨૧ અને ૧૩૮ જે પોરબંદર જિલ્લાના છે, જ્યારે સૌથી વધારે શિક્ષિત માતા અને અશિક્ષિત માતાના સંતાન શિક્ષકો અનુક્રમે ૩૩૨ અને ૬૨૮ જે જૂનાગઢ અને રાજકોટ જિલ્લાના છે.

સમગ્ર નમૂનામાં સમાવિષ્ટ પિતાના વ્યવસાય પ્રમાણેની શિક્ષકોની સંખ્યાની માહિતી સારણી ૩.૧૯ માં દર્શાવવામાં આવી છે.

## સારણી – ૩.૧૯
## નમૂનામાં સમાવિષ્ટ પિતાના વ્યવસાય પ્રમાણે શિક્ષકો

| ક્રમ | જિલ્લાનું નામ | નોકરી | ખેતી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૧૭૫ | ૧૦૩ | ૨૪૯ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૨૯ | ૩૦૧ | ૨૦૭ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૧૯૯ | ૩૪૬ | ૧૫૫ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૩૨ | ૭૮ | ૪૯ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૨૮૦ | ૧૯૪ | ૯૯ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૧૯૯ | ૪૫૪ | ૨૦૬ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૧૮૯ | ૧૭૫ | ૧૦૬ | ૪૭૦ |
| ☆ | કુલ | ૧૧૦૩ | ૧૬૫૧ | ૧૦૭૧ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૧૯ નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ નોકરી, ખેતી અને અન્ય વ્યવસાય કરતા પિતાના સંતાન એવા શિક્ષકો અનુક્રમે ૧૧૦૩, ૧૬૫૧ અને ૧૦૭૨ પાત્રો મળી કુલ ૩૮૨૫ પાત્રો છે. સૌથી ઓછા નોકરી, ખેતી અને અન્ય વ્યવસાય કરતા પિતાના સંતાન શિક્ષકો અનુક્રમે ૨૯, ૧૦૩ અને ૪૯ જે જામનગર, અમરેલી અને પોરબંદર જિલ્લાના છે, જ્યારે સૌથી વધારે નોકરી, ખેતી અને અન્ય વ્યવસાય કરતા પિતાના સંતાન શિક્ષકો અનુક્રમે ૨૮૦, ૪૫૪ અને ૨૪૯ જે ભાવનગર, રાજકોટ અને અમરેલી જિલ્લાના છે.

નમૂનામાં સમાવિષ્ટ શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાન શિક્ષકોની માહિતી સારણી ૩.૨૦ માં દર્શાવવામાં આવી છે.

## સારણી – ૩.૨૦
## નમૂનામાં સમાવિષ્ટ શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાન શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *શિક્ષિત પિતા* | *અશિક્ષિત પિતા* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૨૨૭ | ૩૦૦ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૨૭૯ | ૨૫૮ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૨૬૮ | ૪૩૨ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૫૧ | ૧૦૮ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૨૨૪ | ૩૪૯ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૨૮૭ | ૫૭૨ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૧૪૯ | ૩૨૧ | ૪૭૦ |
| ☆ | કુલ | ૧૪૮૫ | ૨૩૪૦ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૨૦ નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાન શિક્ષકો અનુક્રમે ૧૪૮૫ અને ૨૩૪૦ મળી કુલ ૩૮૨૫ પાત્રો છે. જેમાં સૌથી વધારે શિક્ષક પિતાનાં સંતાનો ૨૮૭ રાજકોટ જિલ્લામાં અને સૌથી ઓછા ૫૧ પોરબંદર જિલ્લામાં છે, જ્યારે સૌથી વધારે બિનશિક્ષક પિતાના સંતાન શિક્ષકો ૫૭૨ રાજકોટ અને સૌથી ઓછા ૧૦૮ પોરબંદરના છે.

નમૂનામાં સમાવિષ્ટ શિક્ષક અને બિનશિક્ષક માતાના સંતાન શિક્ષકોની માહિતી સારણી ૩.૨૧ માં આપેલ છે.

## સારણી – ૩.૨૧
## નમૂનામાં સમાવિષ્ટ શિક્ષક માતા અને બિનશિક્ષક માતાનાં સંતાન શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *શિક્ષિત માતા* | *અશિક્ષિત માતા* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૩૮૦ | ૧૪૭ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૮૫ | ૪૫૨ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૧૨૯ | ૫૭૧ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૧૧૬ | ૪૩ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૫૩૩ | ૪૦ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૨૮૧ | ૫૭૮ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૨૯૯ | ૧૭૫ | ૪૭૦ |
| ☆ | કુલ | ૧૮૨૩ | ૨૦૦૨ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૨૧નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષક અને બિનશિક્ષક માતાના સંતાન શિક્ષકો અનુક્રમે ૧૮૨૩ અને ૨૦૦૨ મળી કુલ ૩૮૨૫ પાત્રો છે, જેમાં સૌથી વધારે શિક્ષક માતાનાં સંતાન શિક્ષકો ૫૩૩ ભાવનગર જિલ્લામાં અને સૌથી ઓછા ૮૫ જામનગર જિલ્લામાં છે, જ્યારે સૌથી વધારે બિનશિક્ષક માતાનાં સંતાન શિક્ષકો ૫૭૮ રાજકોટ જિલ્લામાં અને સૌથી ઓછા ૪૦ ભાવનગર જિલ્લામાં છે.

નમૂનામાં સમાવિષ્ટ શૈક્ષણિક લાયકાત પ્રમાણે શિક્ષકોની સંખ્યાની માહિતી સારણી ૩.૨૨ માં આપેલ છે.

## સારણી – ૩.૨૨
## નમૂનામાં સમાવિષ્ટ શૈક્ષણિક લાયકાત પ્રમાણે શિક્ષકો

| ક્રમ | જિલ્લાનું નામ | પી.ટી.સી. | બી.એડ્. | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૪૯૦ | ૧૯ | ૧૮ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૫૩૧ | ૧ | ૫ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૬૮૦ | ૧૨ | ૮ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૧૫૬ | ૨ | ૧ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૫૫૯ | ૧૦ | ૪ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૮૨૨ | ૨૨ | ૧૫ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૪૫૮ | ૭ | ૫ | ૪૭૦ |
| ☆ | કુલ | ૩૬૯૬ | ૭૩ | ૫૬ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૨૨નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ પી.ટી.સી., બી.એડ્. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુક્રમે ૩૬૯૬, ૭૩ અને ૫૬ શિક્ષકો મળી કુલ ૩૮૨૫ પાત્રો છે. સૌથી ઓછા પી.ટી.સી., બી.એડ્. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં ૧૫૬, ૧ અને ૧ શિક્ષકો અનુક્રમે પોરબંદર, જામનગર અને પોરબંદર જિલ્લામાં છે, જ્યારે સૌથી વધારે પી.ટી.સી., બી.એડ્. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં અનુક્રમે ૮૨૨, ૨૨ અને ૧૮ શિક્ષકો રાજકોટ, રાજકોટ અને અમરેલી જિલ્લાનાં છે.

શૈક્ષણિક અનુભવ પ્રમાણે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોની માહિતી સારણી ૩.૨૩માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૨૩
## નમૂનામાં સમાવિષ્ટ શૈક્ષણિક અનુભવ પ્રમાણે શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *પાંચ વર્ષ* | *પાંચથી દશ વર્ષ* | *દશ થી વધુ* | *કુલ* |
|---|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૧૫૨ | ૧૨૧ | ૨૫૪ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૧૪૮ | ૧૮૫ | ૨૦૪ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૧૮૦ | ૨૯૫ | ૨૨૫ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૧૮ | ૯૦ | ૫૧ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૧૫૩ | ૩૪૨ | ૭૮ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૧૧૮ | ૧૦૨ | ૬૩૯ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૧૪૮ | ૧૮૮ | ૧૩૪ | ૪૭૦ |
| ☆ | કુલ | ૯૧૭ | ૧૩૨૩ | ૧૫૮૫ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૨૩નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ પાંચ વર્ષ, પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા અનુક્રમે ૯૧૭, ૧૩૨૩ અને ૧૫૮૫ મળી કુલ ૩૮૨૫ શિક્ષકો છે. સૌથી ઓછા પાંચ વર્ષ, પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા અનુક્રમે ૧૮, ૯૦ અને ૫૨ શિક્ષકો અનુક્રમે પોરબંદર જિલ્લાનાં છે, જ્યારે સૌથી વધારે પાંચ વર્ષ, પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધારે અનુભવ ધરાવતા અનુક્રમે ૧૫૩, ૩૪૨ અને ૬૩૯ શિક્ષકો અનુક્રમે ભાવનગર, ભાવનગર અને રાજકોટ જિલ્લાનાં છે.

પગારના ધોરણ પ્રમાણે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોની સંખ્યાની માહિતી સારણી ૩.૨૪માં દર્શાવવામાં આવેલી છે.

## સારણી – ૩.૨૪
## નમૂનામાં સમાવિષ્ટ પગારના ધોરણ પ્રમાણે શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *નિયમસર* | *ફિક્સ* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૩૯૭ | ૧૩૦ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૩૫૭ | ૧૮૦ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૫૪૦ | ૧૬૦ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૧૪૬ | ૧૩ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૪૫૩ | ૧૨૦ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૬૮૮ | ૧૭૧ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૪૩૯ | ૩૧ | ૪૭૦ |
| ☆ | કુલ | ૩૦૨૦ | ૮૦૫ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૨૪નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ નિયમસર અને ફિક્સ પગાર લેતા અનુક્રમે ૩૦૨૦ અને ૮૦૫ પાત્રો છે. સૌથી ઓછા નિયમસર અને ફિક્સ પગાર લેતા અનુક્રમે ૧૪૬ અને ૧૩ પોરબંદર અને પોરબંદર જિલ્લાનાં છે જ્યારે સૌથી વધારે નિયમસર અને ફિક્સ પગાર લેતા અનુક્રમે ૬૮૮ અને ૧૮૦ પ્રાથમિક શિક્ષકો જે રાજકોટ અને જામનગર જિલ્લાના છે.

નમૂનામાં સમાવિષ્ટ તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા અને ફરજ ના બજાવતા શિક્ષકોની માહિતી સારણી ૩.૨૫ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૨૫
## નમૂનામાં સમાવિષ્ટ તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા અને ફરજ ના બજાવતા શિક્ષકો

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *ફરજ બજાવતા* | *ફરજ ના બજાવતા* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૫૮ | ૪૬૯ | ૫૨૭ |
| ૨. | જામનગર | ૫૫ | ૪૮૨ | ૫૩૭ |
| ૩. | જૂનાગઢ | ૨૪ | ૬૭૬ | ૭૦૦ |
| ૪. | પોરબંદર | ૩ | ૧૫૬ | ૧૫૯ |
| ૫. | ભાવનગર | ૩૯ | ૫૩૪ | ૫૭૩ |
| ૬. | રાજકોટ | ૩૫ | ૮૨૪ | ૮૫૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૨૦ | ૪૫૦ | ૪૭૦ |
| ☆ | કુલ | ૨૩૪ | ૩૫૯૧ | ૩૮૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૩.૨૫નું અવલોકન દર્શાવે છે કે નમૂનામાં સમાવિષ્ટ તજ્જ્ઞ તરીકે અને તજ્જ્ઞ સિવાયના શિક્ષકો અનુક્રમે ૨૩૪ અને ૩૫૯૧ પાત્રો મળી કુલ ૩૮૨૫ પાત્રો છે. સૌથી ઓછા તજ્જ્ઞ અને તજ્જ્ઞ સિવાયના શિક્ષકો અનુક્રમે ૩ અને ૧૫૬ જે પોરબંદર જિલ્લાનાં છે, જ્યારે સૌથી વધારે તજ્જ્ઞ અને તજ્જ્ઞ સિવાયના શિક્ષકો અનુક્રમે ૫૮ અને ૮૨૪ જે અનુક્રમે અમરેલી અને રાજકોટ જિલ્લાના છે.

## ૩.૫ સંશોધન ઉપકરણ :

સંશોધન યોજનાનું ઘડતર કરતી વખતે સંશોધકે માહિતી એકત્ર કરવા માટે કયાં સાધનો વાપરવા જોઈએ તેનો વિચાર કરવો જોઈએ. પોતાના સંશોધનમાં રચવામાં આવેલી ઉત્કલ્પનાઓની ચકાસણી માટે કયું ઉપકરણ ઉચિત માહિતી પૂરી પાડશે તે વિચાર્યા પછી સંશોધક જાતે ઉપકરણ તૈયાર કરે છે. અથવા પ્રાપ્ય હોય તેવાં તૈયાર સાધનોની પસંદગી કરે છે.

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો તપાસવાનો હોવાથી લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો માપી શકે તેવા વલણમાપદંડની તપાસ કરવામાં આવી. તપાસને અંતે સંશોધન હેતુઓને સિદ્ધ કરી શકે તેવો માપદંડ ન મળતા પ્રયોજક દ્વારા જાતે ગુજરાતી ભાષામાં એક વલણમાપદંડ વિકસાવીને પ્રમાણિત કરવામાં આવ્યો. વલણમાપદંડ વિકસાવીને તે પ્રમાણિત કરવાની પ્રક્રિયાનું વર્ણન પ્રસ્તુત અભ્યાસના ચોથા પ્રકરણમાં કરવામાં આવેલ છે.

## ૩.૬ માહિતી પ્રાપ્તિ માટેની પ્રવિધિઓ :

પ્રસ્તુત શોધનિબંધ માટે જરૂરી માહિતીનું એકત્રીકરણ કરવા માટે પ્રયોજક સૌથી પ્રથમ સૌરાષ્ટ્ર વિસ્તારના સાત જિલ્લાઓ – અમરેલી, જામનગર, જૂનાગઢ, પોરબંદર, ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરની જિલ્લા પંચાયતની કચેરીઓના જવાબી પત્ર દ્વારા સંપર્ક સાધી પ્રસ્તુત સંશોધનનો હેતુ જણાવ્યો હતો અને દરેક જિલ્લાની જિલ્લા પંચાયત સંચાલિત શાળાઓમાં નોકરી કરતાં પુરુષ અને સ્ત્રી શિક્ષકોની માહિતી દરેક જિલ્લાના તાલુકા પ્રમાણે મેળવી હતી.

પ્રયોજકે પોતાનું સંશોધન કાર્ય સરળતાથી અને સહકારથી થાય એ હેતુથી દરેક જિલ્લાના તાલુકાના કેળવણી નિરીક્ષકની જિલ્લા પંચાયતની કચેરીમાં મળેલી કેળવણી નિરીક્ષકોની મિટિંગ પૂરી થયા પછી રૂબરૂમાં મળી પોતાના અભ્યાસનો હેતુ જણાવી સહકાર મેળવ્યો હતો.

આ ઉપરાંત પ્રયોજક દરેક જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની રૂબરૂ મુલાકાત લઈ વ્યાખ્યાતાઓને મળી પોતાના અભ્યાસનો હેતુ જણાવ્યો હતો અને તેઓશ્રી

પાસેથી પ્રાથમિક શિક્ષકોના તાલીમવર્ગોનું આયોજન મેળવ્યું હતું. તાલીમવર્ગ દરમિયાન પ્રયોજકે અમુક સ્થળોએ કસોટી રૂબરૂમાં ભરાવી હતી અને અમુક સ્થળોએ તાલીમ ભવનોના વ્યાખ્યાતાઓ, પ્રાથમિક શિક્ષકો અને આચાર્યોના સહકારથી કસોટીઓ ભરાવી પરત મેળવી હતી.

આમ, પ્રયોજકે માહિતીનું એકત્રીકરણ કરવામાં દરેક જિલ્લાની જિલ્લા પંચાયતની કચેરીઓ, તાલુકાઓના કેળવણી નિરીક્ષકો, જિલ્લા તાલીમ ભવનોના વ્યાખ્યાતાઓ, પેસેન્ટર શાળઓના આચાર્યો અને પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો સહકાર લઈ સંશોધનના નમૂના પ્રમાણે શિક્ષકો પાસે કસોટીઓ ભરાવી પરત મેળવી હતી.

પ્રયોજકે સૌરાષ્ટ્રના દૂરના ગામડાંઓની પ્રાથમિક શાળાઓની મુલાકાત લઈ ત્યાંના શિક્ષકોને મળવાની ઈચ્છા હોઈ તેઓશ્રી પોતે રૂબરૂ ગામડાંઓમાં જઈ પ્રસ્તુત કસોટી ભરાવી પરત મેળવી હતી. આ રીતે સહકાર મેળવી પ્રયોજકે પ્રસ્તુત વલણમાપદંડની માહિતી ભરવા માટે પ્રાથમિક શિક્ષકોને ૨૦ મિનિટનો સમય આપ્યો હતો.

## ૩.૭ માહિતી પૃથક્કરણની પ્રવિધિ :

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળાઓના શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો સાથે જાતીયતા, વિસ્તાર, શાળાનો પ્રકાર, સામાજિક જૂથ, વૈવાહિક સ્થિતિ, માતા–પિતાનો અભ્યાસ, પિતાનો વ્યવસાય, માતા–પિતાનો શિક્ષક તરીકેનો વ્યવસાય, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, પગારનું ધોરણ અને તજ્જ્ઞ તરીકેનું કાર્ય જેવા ચલોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ માટે સમગ્ર પાત્રોને ચલોને આધારે આ પ્રમાણે જૂથોમાં વિભાજિત કરવામાં આવ્યા હતાં.

૧. *જાતીયતા :*

- ➢ પુરુષ
- ➢ સ્ત્રી

૨. *વિસ્તાર :*

- ➢ શહેરી
- ➢ અર્ધ શહેરી
- ➢ ગ્રામીણ

૩. *શાળાનો પ્રકાર:*

- ➢ કુમાર
- ➢ કન્યા
- ➢ મિશ્ર

૪. *કુટુંબનો પ્રકાર :*

- ➢ સંયુક્ત
- ➢ વિભક્ત

૫. *સામાજિક જૂથ :*

- ➢ સવર્ણ
- ➢ એસ.સી.
- ➢ એસ.ટી.
- ➢ બક્ષીપંચ

૬. *વૈવાહિક સ્થિતિ :*

- ➢ પરિણીત
- ➢ અપરિણીત

૭. *માતા પિતાનો અભ્યાસ :*

- ➢ શિક્ષિત
- ➢ અશિક્ષિત

૮. *પિતાનો વ્યવસાય :*

- ➢ નોકરી
- ➢ ખેતી
- ➢ અન્ય

૯. *પિતા શિક્ષક છે ? :*

- ➢ હા
- ➢ ના

*માતા શિક્ષક છે ? :*

- ➢ હા
- ➢ ના

૧૦. *શૈક્ષણિક લાયકાત :*

- ➢ પી.ટી.સી.
- ➢ બી.એડ્.
- ➢ અન્ય

૧૧. *શૈક્ષણિક અનુભવ :*

- ➢ પાંચ વર્ષથી ઓછો
- ➢ પાંચથી દશ વર્ષ
- ➢ દશ વર્ષથી વધુ

૧૨. *પગારનું ધોરણ :*

- ➢ નિયમસર
- ➢ નિયમથી ઓછું

૧૩. *એમ.એલ.એલ. તજ્જ્ઞ તરીકે કામ કરો છો ? :*

- ➢ હા
- ➢ ના

માહિતી એકત્ર થયા બાદ ગુણાંકન ચાવીને ધ્યાનમાં રાખી બધી કસોટીઓ તપાસવામાં આવી. કસોટીઓ તપાસ્યા બાદ જૂથવાર પ્રાપ્તાંક યાદીઓ તૈયાર કરવામાં આવી. પ્રાપ્તાંક યાદીઓ પરથી જૂથવાર સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–ગુણોત્તર કોમ્પ્યુટરની મદદથી શોધવામાં આવ્યા હતાં. મળેલા તફાવતોની સાર્થકતા માટે બન્ને કક્ષાઓ ૦.૦૫ અને ૦.૦૧ સ્વીકારવામાં આવી હતી.

હવે પછીના પ્રકરણમાં વલણમાપદંડની સંરચના અને તેની વિશ્વસનીયતા તથા યથાર્થતાની માહિતી આપવામાં આવેલ છે.

....✍

# પ્રકરણ - ૪
# ઉપકરણની સંરચના


૪.૧ પ્રસ્તાવના

૪.૨ લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના ઘટકોની પસંદગી

- ઘટકોની સામાન્ય યાદી
- પસંદિગત થયેલાં ઘટકોની યાદી
- ઘટકોની પસંદગીની પ્રક્રિયા

૪.૩ વિધાનોનું એકત્રીકરણ

૪.૪ વિધાનોનું સંકલન

૪.૫ વિધાનોના સંકલન પરથી વિધાનોની તારવણી

૪.૬ વિધાનોની નિષ્ણાતો દ્વારા ચકાસણી

૪.૭ વલણમાપદંડનું પૂર્વ પ્રાથમિક સ્વરૂપ

૪.૮ કલમ પૃથક્કરણની રીત

૪.૯ વલણ માપદંડનું પ્રાથમિક સ્વરૂપ

૪.૧૦ વલણ માપ દંડના અંતિમ સ્વરૂપ માટેનાં વિધાનોની પસંદગી

૪.૧૧ વલણ માપદંડનું અંતિમ સ્વરૂપ – ગુણાંકન યોજના

૪.૧૨ વલણ માપદંડની વિશ્વસનીયતા

૪.૧૩ વલણ માપદંડની યથાર્થતા

૪.૧૪ વલણ માપદંડની માર્ગદર્શિકા

# પ્રકરણ - ૪
# ઉપકરણની સંરચના

## ૪.૧ પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ એ પાયાનું શિક્ષણ છે. પાયાનું શિક્ષણ વધુ ગુણવત્તા વાળું થાય અને વિદ્યાર્થી સરળતાથી આગળ વધી શકે તે માટે 'લઘુતમ અધ્યયન કક્ષા' અભિગમ અમલમાં મૂકાયો. પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શિક્ષણના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો તપાસવા અંગેનો હતો. આ માટે તૈયાર ઉપકરણ પ્રાપ્ત ન થતા આ અભિગમના સામાન્ય ઘટકોને ધ્યાનમાં રાખી એમ. એલ. એલ. વલણમાપદંડ કસોટીની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

કોઈપણ કામ પ્રત્યેનું વલણ, વર્તન કે કક્ષાનું પ્રમાણ જાણવા માટે ક્રમમાપદંડ એક અગત્યનું સાધન છે. આ સાધનની રચના કરતી વખતે તેનું સ્વરૂપ કેવું રાખવું તે અંગેની મૂંઝવણ થતાં પ્રયોજકે કે.જી. દેસાઈ અને એચ.જી. દેસાઈ[૧] મનોવૈજ્ઞાનિક માપન નામના પુસ્તકમાંથી ઉપકરણ સંરચના સંબંધિત પ્રકરણોનું વાચન કર્યુ હતું. આ ઉપરાંત બીજા સંશોધનનું અને સંદર્ભોનું વાચન અને માર્ગદર્શક સાથેની ચર્ચાના અંતે લિકર્ટ પદ્ધતિએ પંચબિંદુ વલણમાપદંડની સંરચના કરવાનું નક્કી કરવામાં આવ્યું.

## ૪.૨ લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો માટેના ઘટકોની પસંદગી

આ વલણમાપદંડમાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના પ્રાથમિક શિક્ષકોનાં વલણોનો અભ્યાસ કરવા માટે કયાં કયાં ઘટકોનો સમાવેશ કરવો એ વિચાર માંગી લે તેવી બાબત હતી. આ માટે માર્ગદર્શકશ્રી સાથે બેઠક યોજી સંશોધન ક્ષેત્રના નિષ્ણાંતો તથા લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞશ્રીઓ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વ્યાખ્યાતાઓ અને

---

૧. કે. જી. દેસાઈ અને એચ. જી. દેસાઈ *મનોવૈજ્ઞાનિક માપન* યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, તૃતીય આવૃત્તિ, ૧૯૯૪, પૃ.૪૬–૬૯.

પ્રાથમિક કેળવણી નિરીક્ષકો સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી અને તેઓશ્રીના મૌખિક અભિપ્રાયના આધારે લઘતુમ અધ્યયન કક્ષાના ઘટકોની યાદી તૈયાર કરવામાં આવી જે આ મુજબ છે.

### ➢ ઘટકોની સામાન્ય યાદી :

૧. ક્ષમતાકેન્દ્રી શિક્ષણ
૨. ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ
૩. ક્ષમતાકેન્દ્રી પાઠપક્રમ
૪. શિક્ષણ વ્યવહાર
૫. ક્ષમતાકેન્દ્રી મૂલ્યાંકન
૬. શિક્ષકનું વ્યવસાયિક કાર્યક્ષેત્ર
૭. અધ્યયન અધ્યાપન સામગ્રીનો ઉપયોગ
૮. ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમની વિશેષતાઓ
૯. અધ્યયન અધ્યાપન પદ્ધતિ અને પ્રવૃત્તિ
૧૦. શૈક્ષણિક ઉપકરણો
૧૧. ઉલ્લાસમય શિક્ષણ
૧૨. ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા
૧૩. ક્ષમતાકેન્દ્રી સ્વઅધ્યયન
૧૪. ક્ષમતાકેન્દ્રી શિક્ષણનું નિરીક્ષણ
૧૫. સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ
૧૬. ક્ષમતાકેન્દ્રી વિષયવસ્તુ
૧૭. ક્ષમતાકેન્દ્રી પાઠય પુસ્તક
૧૮. ક્ષમતાકેન્દ્રી સ્વાધ્યાય
૧૯. ઉપચારાત્મક શિક્ષણ
૨૦. પ્રવૃત્તિલક્ષી શિક્ષણ
૨૧. ગુણવત્તાલક્ષી શિક્ષણ

ઉપરનાં એકવીસ ઘટકોમાંથી વલણમાપદંડમાં કેટલાં અને કયાં ઘટકો ધ્યાનમાં રાખવાં તે નક્કી કરવા માટે માર્ગદર્શકશ્રીની સાથે ચર્ચા વિચારણા કરી અભ્યાસમાં ઉપયોગી એવા બાર ઘટકોની પસંદગી કરવામાં આવી. આ રીતે પસંદ થયેલાં બાર ઘટકોની યાદી આ પ્રમાણે છે.

## ➢ પ્રસંદિત થયેલાં ઘટકોની યાદી

| *ક્રમ* | *પંસદિત ઘટકો* |
|---|---|
| ૧. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા |
| ૨. | સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણ |
| ૩. | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ |
| ૪. | ક્ષમતાકેન્દ્રી સ્વઅધ્યયન |
| ૫. | ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમની વિશેષતાઓ |
| ૬. | ક્ષમતાકેન્દ્રી પાઠયપુસ્તક |
| ૭. | ક્ષમતાકેન્દ્રી શિક્ષણનું નિરીક્ષણ |
| ૮. | ક્ષમતાકેન્દ્રી મૂલ્યાંકન |
| ૯. | ઉપચારાત્મક શિક્ષણ |
| ૧૦. | ક્ષમતાકેન્દ્રી વિષયવસ્તુ |
| ૧૧. | શિક્ષણ વ્યવહાર |
| ૧૨. | ગુણવત્તાલક્ષી શિક્ષણ |

ઉપરોકત બાર ઘટકોમાંથી સૌથી અગત્યના આઠ ઘટકોને ધ્યાનમાં રાખીને વલણમાપદંડ કસોટીની રચના કરવી એવી માર્ગદર્શકશ્રીની સૂચના મળતાં કયા આઠ ઘટકો પસંદ કરવા તે અંગેની પ્રક્રિયા હવે પછી વર્ણવવામાં આવેલી છે.

## ➢ ઘટકોની પસંદગીની પ્રક્રિયા :

પસંદ કરેલ મુખ્ય બાર ઘટકોમાંથી અગત્યાનુક્રમ અનુસારના પ્રથમ આઠ ઘટકોની પસંદગી માટે પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલી વીસ અનુભવી વ્યક્તિઓની મદદ લેવામાં આવી હતી. જેમાં એક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી, ચાર જિલ્લા

શિક્ષણ અને તાલીમ ભવનના વ્યાખ્યાતાઓ, ચાર અધ્યાયન મંદિરના આચાર્યો, પાંચ અધ્યાયન મંદિરના અધ્યાપકો, બે પ્રાથમિક કેળવણી નિરીક્ષકો, ચાર પ્રાથમિક શાળાઓના આચાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો તેની નકલ પરિશિષ્ટ–૧માં રજૂ કરવામાં આવી છે.

આ ઘટકોની યાદી સાથે એક વિનંતી પત્ર લખવામાં આવ્યો હતો તેની નકલ પરિશિષ્ટ – ૨ માં રજૂ કરવામાં આવી છે. વિનંતી પત્રમાં લઘુતમ અધ્યયન કક્ષાના બાર ઘટકોની યાદી હતી. દરેક ઘટકની સામે એક ખાનું ખાલી હતું. જેમાં તજ્જ્ઞશ્રીઓએ પોતાને યોગ્ય લાગે તેમ ઘટકોને અગત્ય અનુસાર ક્રમ આપવાનો હતો. આ માટે આ પ્રમાણે વિનંતી કરવામાં આવી હતી.

આ યાદીમાં આપેલ ઘટકોની સામે રાખેલી ખાલી જગ્યામાં તે ઘટકોને તેમની અગત્ય પ્રમાણે ક્રમ આપવા નમ્ર વિનંતી છે. જે ઘટક સૌથી મહત્ત્વનું લાગે તેની સામે એક તેનાથી ઊતરતા મહત્ત્વના ઘટક સામે બે આ રીતે ક્રમ આપશો. જો આપને કોઈ બે ઘટક સમાન અગત્ય ધરાવતાં લાગે તો તે બન્ને ઘટકોને એક જ ક્રમ આપશો. ઉદાહરણ તરીકે આપની દૃષ્ટિએ બન્ને સમાન મહત્ત્વના ઘટકોને સમાન ક્રમ ત્રણ આપો તો તે પછીના ઊતરતા મહત્ત્વના ઘટકને ચાર ક્રમ ન આપતાં ક્રમ પાંચ આપવા વિનંતી. તેમ કરવાથી છેલ્લા બારમાં ઘટકને આપ ક્રમ બાર આપી શકશો.

મોટા ભાગના તજ્જ્ઞોના પ્રતિચારો પ્રયોજકને દિવસ સત્તરમાં પરત મળી ગયા હતાં. બાકીના તજ્જ્ઞોના પ્રતિચારો વિનંતીપત્ર લખીને કે રૂબરૂ મુલાકાત લઈને મેળવી લેવામાં આવ્યાં હતાં.

તજ્જ્ઞોએ લઘુતમ અધ્યયન કક્ષાનાં ઘટકોને આપેલા અગત્યાનુક્રમ ઉપરથી એક સારણી બનાવવામાં આવી હતી. ઉપરની પ્રથમ હરોળમાં લઘુતમ અધ્યયન કક્ષાનાં ઘટકોના નંબર લખવામાં આવ્યા હતા ડાબી બાજુના પ્રથમ સ્થંભમાં તજ્જ્ઞોશ્રીઓના નંબર લખેલા હતા. દરેક તજ્જ્ઞે આપેલ બાર ઘટકોને જે અગત્યાનુક્રમ આપેલ તેની નોંધ કરવામાં આવી હતી.

ક્રમના સરવાળા કે સરાસરી થઈ શકે નહીં તેથી ક્રમાંકને પ્રાપ્તાંકોમાં ફેરવવામાં આવ્યા હતા તેની નોંધ અગત્યાનુંક્રમની બાજુમાં ખાલી ખાનામાં કરવામાં આવી હતી. આ માટે ક્રમાંક બે ને અગિયાર પ્રાપ્તાંક આપવામાં આવ્યો હતો. આ રીતે ઊતરતા ક્રમમાં

પ્રાપ્તાંક આપવામાં આવ્યા હતા. જેથી ક્રમાંક બાર ને એક પ્રાપ્તાંક આપવામાં આવ્યો હતો.

આ પરથી દરેક ઘટકના કુલ પ્રાપ્તાંક અને સરાસરી પ્રાપ્તાંક મેળવવામાં આવ્યા હતા. ફરીથી સરાસરી પ્રાપ્તાંકોને ઊતરતા ક્રમમાં અગત્યાનુક્રમ આપવામાં આવ્યા હતા.

આ ક્રમને આધારે સૌથી મહત્ત્વના આઠ ઘટકો તારવવામાં આવ્યાં હતાં આ બધી પ્રક્રિયાના અંતે પસંદ થયેલા લઘુતમ અધ્યયનકક્ષાનાં ઘટકો તથા તેનો ક્રમ આ પ્રમાણે છે.

| *પસંદગી ક્રમ* | *લઘુતમ અધ્યયન કક્ષાનાં ઘટકો* |
|---|---|
| ૧. | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ |
| ૨. | ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમની વિશેષતાઓ |
| ૩. | ક્ષમતાકેન્દ્રી પાઠયપુસ્તકો |
| ૪. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા |
| ૫. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન સામગ્રી |
| ૬. | ક્ષમતાકેન્દ્રી મૂલ્યાંકન |
| ૭. | ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમનું નિરીક્ષણ |
| ૮. | સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણ |

ઉપરોક્ત આઠ ઘટકોને ધ્યાનમાં રાખીને લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપદંડની સંરચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ વલણમાપદંડ લિકર્ટ પદ્ધતિએ રચવાનું નક્કી કરવામાં આવ્યું હતું આ માટે લઘુતમ અધ્યયન કક્ષાનાં નક્કી કરેલ આઠ ઘટકોને ધ્યાનમાં રાખીને વિધાનોનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

## ૪.૩ વિધાનોનું એકત્રીકરણ :

લિકર્ટ પદ્ધતિએ પંચબિંદુ વલણમાપદંડની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું. નક્કી થયેલ આઠ ઘટકો સાથે સુસંગત હકારાત્મક અને નકારાત્મક વિધાનોની રચના કરવાની હતી. આ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના પ્રાચાર્યાશ્રીઓ, વ્યાખ્યાતાઓ, અધ્યાપન મંદિરોના આચાર્યો અને અધ્યાપકો, પ્રાથમિક શાળાઓના આચાર્યો તથા પ્રાથમિક શિક્ષકો, પ્રાથમિક કેળવણી નિરીક્ષકો, ગુજરાત વિદ્યાપીઠના

વ્યાખ્યાતાઓ, સંદર્ભ પુસ્તકો, સામયિકો તથા સંશોધન ઉપકરણોનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ માટે પ્રયોજકે જે તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યો, અધ્યાપન મંદિરના આચાર્યો તથા પ્રાથમિક શાળાઓના આચાર્યોની મંજૂરી મેળવી રૂબરૂ જઈ, ફોન દ્વારા તથા ટપાલ દ્વારા સંપર્ક સાધી સમય માંગી તેઓને સંશોધન કાર્યોનો હેતુ જણાવી તેમનો સહકાર લઈ નક્કી કરેલ આઠ ઘટકો અંગેના હકારાત્મક અને નકારાત્મક વિધાનોની રચના કરવાની વિનંતી કરી તેઓશ્રી પાસેથી હકારાત્મક અને નકારાત્મક વિધાનો મેળવ્યા હતાં. પ્રયોજકે આ વિધાનો જે તે વ્યક્તિની રૂબરૂ મુલાકાત લઈને મેળવ્યાં હતાં. આ ઉપરાંત સંદર્ભ પુસ્તકો, સામયિકો અને લેખોમાંથી વિધાનો મેળવવામાં આવ્યાં હતાં. આમ, દરેકનો સહકાર મેળવી વિધાનો એકત્રિત કરવામાં આવ્યાં હતાં. પ્રયોજકે જે જે સ્થળોની અને વ્યક્તિઓની મુલાકાત લીધી હતી તેની વિગત સારણી ૪.૧ માં દર્શાવવામાં આવી છે.

## સારણી – ૪.૧
## વિવિધ વ્યકિતઓની લીધેલી મુલાકાત

| ક્રમ | સંસ્થાનું નામ | પ્રાચાર્યો | વ્યાખ્યાઓ | આચાર્યો | અધ્યાપકો | પ્રાથમિક નિરીક્ષક | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર | ૨ | ૯ | – | – | – | ૧૧ |
| ૨. | શ્રી લખમશી ન.પૂ. મૈત્રી અધ્યાયન મંદિર માનવ મંદિર, સુરેન્દ્રનગર | – | – | ૧ | ૩ | – | ૦૪ |
| ૩. | શ્રી એમ.એલ.દોશી બુનિયાદી સ્ત્રી અધ્યાયન મંદિર સુરેન્દ્રનગર | – | – | ૧ | ૩ | – | ૦૪ |
| ૪. | શ્રીમતી સદ્ગુણાબહેન સી.યુ. શાહ સ્ત્રી અધ્યાપન મંદિર વિકાસ વિદ્યાલય, વઢવાણ શહેર | – | – | ૧ | ૬ | – | ૦૭ |
| ૫. | લાડકીબાઈ કન્યાશાળા, વઢવાણ શહેર | – | – | ૧ | – | ૬ | ૦૭ |
| ૬. | પ્રાથમિક શાળા, વિકાસ વિદ્યાલય, વઢવાણ શહેર | – | – | ૧ | – | ૩ | ૦૪ |
| ૭. | પ્રાથમિક શાળા નં. ૨, વઢવાણા શહેર | – | – | ૧ | – | ૫ | ૦૬ |
| ૮. | પ્રાથમિક શાળા, અંકેવાડીયા, લીંબડી | – | – | ૧ | – | ૪ | ૦૫ |
| ☆ | કુલ | ૨ | ૯ | ૭ | ૧૨ | ૧૮ | ૪૮ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૧માં દર્શાવ્યા મુજબ બે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યોશ્રીઓ, નવ વ્યાખ્યાતાઓ, ત્રણ અધ્યાપન મંદિરના આચાર્યો, ચાર પ્રાથમિક શાળાના આચાર્યો, બાર અધ્યાપન મંદિરના અધ્યાપકો અને અઢાર પ્રાથમિક શિક્ષકોનો સમાવેશ થાય છે.

## ૪.૪ વિધાનોનું સંકલન :

વિવિધ સ્રોતમાંથી વિધાનો મેળવવામાં પ્રયોજકને પૂરતો સહકાર મળ્યો હતો. લઘુતમ અધ્યયન કક્ષાના નક્કી કરેલ આઠ ઘટકો અંગેના વિધાનો મળ્યાં હતાં તે વિધાનોનું વાચન કરી વ્યવસ્થિત સંકલન કરવામાં આવ્યું હતું. સંકલન કરતી વખતે એકને એક વિધાન બેવડાય નહીં તથા નક્કી કરેલા આઠ ઘટકો વિશે હકારાત્મક અને નકારાત્મક વિધાનોનો સમાવેશ કરવાની કાળજી રાખવામાં આવી હતી.

## ૪.૫ વિધાનોના સંકલન પરથી વિધાનોની તારવણી :

વિધાનોનું વ્યવસ્થિત સંકલન કર્યા બાદ વલણમાપદંડ કસોટીની રચના કરવામાં ઉપયોગી થાય તેવાં વિધાનોની તારવણી કરવામાં આવી. પ્રયોજક દ્વાર  માર્ગદર્શકશ્રીની સલાહ પ્રમાણે વિવિધ સ્રોતમાંથી પ્રાપ્ત થયેલાં વિધાનોની તારવણી કરવામાં આવી હતી. જેની વિગત સારણી ૪.૨ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી – ૪.૨**
**વિવિધ સ્ત્રોતમાંથી મેળવેલ વિધાનોની સંખ્યા**

| *ક્રમ* | *વિવિધ સ્ત્રોત* | *વિધાનોની સંખ્યા* |
|---|---|---|
| ૧. | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પ્રાચાર્યો અને વ્યાખ્યાતાઓ | ૭૦ |
| ૨. | અધ્યાપન મંદિરના આચાર્યો અને અધ્યાપકો | ૬૮ |
| ૩. | પ્રાથમિક શાળાઓના આચાર્યો અને શિક્ષકો | ૧૪૫ |
| ૪. | સંદર્ભ પુસ્તકો | ૩૦ |
| કુલ | – | ૩૧૩ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૨ માં દર્શાવ્યા મુજબ કુલ ૩૧૩ વિધાનો પ્રાપ્ત થયા છે. તેમનાં હકારાત્મક અને નકારાત્મક વિધાનોનો સમાવેશ થયો છે તેની ઘટકવાર સંખ્યા સારણી ૪.૩ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૪.૩
## વિધાનોની ઘટકવાર સંખ્યા

| ક્રમ | લઘુતમ અધ્યયન કક્ષાના ઘટકો | વિધાનોની કુલ સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | હકારાત્મક વિધાનો | નકારાત્મક વિધાનો | કુલ વિધાનો |
| ૧. | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ | ૨૮ | ૧૪ | ૪૨ |
| ૨. | ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમની વિશેષતાઓ | ૨૨ | ૧૫ | ૩૭ |
| ૩. | ક્ષમતાકેન્દ્રી પાઠયપુસ્તકો | ૨૭ | ૨૧ | ૪૮ |
| ૪. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા | ૨૫ | ૧૪ | ૩૯ |
| ૫. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન સામગ્રી | ૩૩ | ૧૮ | ૫૧ |
| ૬. | ક્ષમતાકેન્દ્રી મૂલ્યાંકન | ૨૪ | ૧૨ | ૩૬ |
| ૭. | ક્ષમતાકેન્દ્રી નિરીક્ષણ | ૨૩ | ૧૪ | ૩૭ |
| ૮. | સેવાકાલીન શિક્ષક – પ્રશિક્ષણ | ૧૨ | ૧૧ | ૨૩ |
| ☆ | કુલ | ૧૯૪ | ૧૧૯ | ૩૧૩ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૩ માં દર્શાવ્યા મુજબ વિવિધ આઠ ઘટકોનાં ૧૯૪ હકારાત્મક અને ૧૧૯ નકારાત્મક વિધાનો મળી કુલ ૩૧૩ વિધાનો થયા છે. આ વિધાનોની ચકાસણી તથા સુધારણા કરવામાં આવી હતી. તે અંગેની વિગત હવે પછી દર્શાવવામાં આવી છે.

આ વિધાનોની યાદી તૈયાર કર્યા પછી માર્ગદર્શકશ્રી તથા ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપકશ્રી પ્રવીણભાઈ તથા શ્રી દેવડા દીપુબાની સાથે વિધાનો અંગે ચર્ચા કરવામાં આવી અને તેમાં સમાન અર્થ વાળાં અને ઘટક સાથે સુસંગત ન હોય તેવાં વિધાનો રદ કરવામાં આવ્યાં હતાં. વિધાનોને ભાષાકીય રીતે ભૂલ રહિત બનાવવા માટે માર્ગદર્શકશ્રીની મૈત્રી વિદ્યાપીઠના પ્રાધ્યાપકશ્રી બળવંતભાઈ વ્યાસની તથા એમ.એમ. શાહ બી.એડ્. કોલેજના પ્રાધ્યાપકશ્રી પ્રવીણભાઈ ભાલની મદદ લઈ વિધાનો ભૂલ રહિત

બનાવવામાં આવ્યાં હતાં. આ રીતે દરેક ઘટક દીઠ હકારાત્મક અને નકારાત્મક વિધાનોની યાદી તૈયાર કરવામાં આવી.

## ૪.૬ વિધાનોની નિષ્ણાતો દ્વારા ચકાસણી :

દરેક ઘટક દીઠ હકારાત્મક અને નકારાત્મક વિધાનોની યાદી તૈયાર કર્યા પછી માર્ગદર્શકશ્રીની સલાહથી ૩૧૩ વિધાનોની કોમ્પ્યુટર દ્વારા પચ્ચીસ નકલો – ઝેરોક્ષ કરાવવામાં આવી અને માર્ગદર્શકશ્રીની સૂચના અનુસાર વીસ તજ્જ્ઞોશ્રીઓને મોકલવામાં આવી હતી. તજ્જ્ઞોશ્રીઓના નામની યાદી પરિશિષ્ટ – ૩ માં મૂકવામાં આવી છે. આ યાદીના મુખ્યપૃષ્ઠ ઉપર નિષ્ણાતોના માટે એક વિનંતી પત્ર પણ સામેલ કરવામાં આવ્યો હતો. આ પત્રમાં નિષ્ણાતોને સંશોધનનો વિષય તથા સાધન વિશે જાણ કરવામાં આવી હતી અને વિનંતી કરવામાં આવી હતી કે યાદીમાં આપેલું વિધાન આપશ્રીને ઘટકની સાથે યોગ્ય લાગે તો વિધાનના ક્રમ સામે √ ની નિશાની અને અયોગ્ય લાગે તો × ની નિશાની કરશોજી.

નિષ્ણાતોએ પંદર થી વીસ દિવસમાં વિધાનોની તપાસણી કરીને યાદી પરત આપી દીધી હતી. કુલ વીસમાંથી અઢાર નિષ્ણાતોએ પ્રયોજક દ્વારા વિનંતી પત્રમાં જે બાબતો અંગે માર્ગદર્શન માંગવામાં આવ્યું હતું તે બાબતોને ધ્યાનમાં રાખીને પોતાના જ્ઞાન અને અનુભવના આધારે વિધાનોની તપાસણી કરી આપી હતી. બે નિષ્ણાતોના જવાબ મળી શકયા ન હતા.

નિષ્ણાતો દ્વારા જે વિધાનો લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણ સાથે સંબંધ ધરાવતા ન હતાં તે વિધાનની સામે ? ની નિશાની જેવા અશાબ્દિક સંકેતનો ઉપયોગ થયો હતો, તો કોઈકે અયોગ્ય છે. એમ દર્શાવ્યું હતું, તો કોઈકે વિધાનની સામે અસ્પષ્ટ, પુનરાવર્તન કે રદ જેવા શબ્દો લખ્યા હતા. મોટા ભાગના નિષ્ણાતોએ વિધાનની સામે √ ની અને × ની નિશાની કરી વિધાનોની યાદી પરત મોકલી હતી.

પરત આવેલાં વિધાનોની યાદીમાં જે વિધાનો અયોગ્ય હતાં તે વિધાનોનો નવી યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

આ વિધાનોને વધારે સ્પષ્ટ કરવા માટે કેટલાક શાબ્દિક ફેરફારો કરવામાં આવ્યા હતા, તો કેટલાક વિધાનો નવા સ્વરૂપમાં લખી ઉમેરવામાં આવ્યાં હતાં. આમ, વિધાનોની દ્વિતીય યાદી તૈયાર કરતી વખતે પ્રયોજકે ઉપરોક્ત ફેરફારો કર્યા હતા.

નિષ્ણાંતોએ આપેલ અભિપ્રાયના આધારે ઘટક દીઠ વિધાનની સામે બે સારણી તૈયાર કરવામાં આવી હતી. એક સારણી હકારાત્મક વિધાન માટે અને બીજી સારણી નકારાત્મક વિધાન માટે. સારણીમાં ઊભી હરોળમાં નિષ્ણાતોનાં નામ લખવામાં આવ્યાં હતાં. આડી હરોળમાં દરેક ઘટક દીઠ વિધાનોના ક્રમ દર્શાવવામાં આવ્યા હતા. તૈયાર કરેલ સારણીમાં નિષ્ણાતોએ પસંદ કરેલ વિધાનોના ક્રમ સામે એક (૧) અને ના પસંદ કરેલ વિધાનના ક્રમ સામે શૂન્ય (૦) ગુણ મૂકવામાં આવ્યા હતા.

આ રીતે દરેક વિધાનોને નિષ્ણાતોએ આપેલ પસંદગીના આધારે આપેલ પ્રાપ્તાંકોનો સરવાળો કરવામાં આવ્યો હતો. આ રીતે સારણી બનાવીને નિષ્ણાતોની પસંદગીના આધારે દરેક ઘટક માટે દસ હકારાત્મક અને દસ નકારાત્મક વિધાનો પસંદ કરવામાં આવ્યાં.

આમ વીસ નિષ્ણાતોમાંથી અઢાર નિષ્ણાતોના અભિપ્રાય પ્રમાણે પ્રાથમિક સ્વરૂપ માટે જે વિધાનો પસંદ કરવામાં આવ્યા હતાં તેની માહિતી સારણી ૪.૪ માં દર્શાવવામાં આવી છે.

## સારણી – ૪.૪
## ઘટકવાર પસંદિત વિધાનોની સંખ્યા

| ઘટક ક્રમ | ઘટકનું નામ | વિધાનોની સંખ્યા | | કુલ સંખ્યા | રદ કરેલ વિધાનો | પસંદિત થયેલા વિધાનો |
|---|---|---|---|---|---|---|
| | | હકારાત્મક | નકારાત્મક | | | |
| ૧. | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ | ૨૮ | ૧૪ | ૪૨ | ૧૭ | ૨૫ |
| ૨. | ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમની વિશેષતાઓ | ૨૨ | ૧૫ | ૩૭ | ૧૬ | ૨૧ |
| ૩. | ક્ષમતાકેન્દ્રી પાઠ્યપુસ્તકો | ૨૭ | ૨૧ | ૪૮ | ૨૫ | ૨૩ |
| ૪. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા | ૨૫ | ૧૪ | ૩૯ | ૧૭ | ૨૨ |
| ૫. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન સામગ્રી | ૩૩ | ૧૮ | ૫૧ | ૩૧ | ૨૦ |
| ૬. | ક્ષમતાકેન્દ્રી મૂલ્યાંકન | ૨૪ | ૧૨ | ૩૬ | ૧૭ | ૧૯ |
| ૭. | ક્ષમતાકેન્દ્રી નિરીક્ષણ | ૨૩ | ૧૪ | ૩૭ | ૧૩ | ૨૪ |
| ૮. | સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ | ૧૨ | ૧૧ | ૨૩ | ૧૦ | ૧૩ |
| ☆ | કુલ વિધાનો | ૧૯૪ | ૧૧૯ | ૩૧૩ | ૧૪૬ | ૧૬૭ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૪ નું અવલોકન દર્શાવે છે કે વલણમાપદંડનાં કુલ આઠ ઘટકો પસંદ કરવામાં આવ્યાં છે. દરેક ઘટકમાં હકારાત્મક અને નકારાત્મક વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૯૪ હકારાત્મક અને ૧૧૯ નકારાત્મક વિધાનો મળી કુલ ૩૧૩ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઘટક એકમાંથી સત્તર વિધાનો રદ કરી પચ્ચીસ વિધાનો, ઘટક બેમાંથી સોળ વિધાનો રદ કરી એકવીસ વિધાનો, ઘટક ત્રણમાંથી પચ્ચીસ વિધાનો રદ કરી ત્રેવીસ વિધાનો, ઘટક ચારમાંથી સત્તર વિધાનો રદ કરી બાવીસ વિધાનો, ઘટક પાંચમાંથી એકત્રીસ વિધાનો રદ કરી વીસ વિધાનો, ઘટક છ માંથી સત્તર વિધાનો રદ કરી ઓગણીસ વિધાનો, ઘટક સાતમાંથી તેર વિધાનો રદ કરી ચોવીસ

વિધાનો અને ઘટક આઠમાંથી દશ વિધાનો રદ કરી તેર વિધાનો મળીને કુલ ૧૬૭ વિધાનો પસંદ કરવામાં આવ્યાં છે.

પસંદ થયેલ ૧૬૭ વિધાનોની યાદી કોમ્પ્યૂટર દ્વારા કરવામાં આવી. આ યાદીમાં વિધાનોની સંખ્યા વધારે લાગતાં માર્ગદર્શકશ્રીની સાથે ચર્ચા વિચારણા કરી તેઓશ્રીની સલાહથી તૈયાર કરેલ યાદી લઘુતમ અધ્યયન કક્ષાના સાત નિષ્ણાતોને રૂબરૂમાં જઈ આપવામાં આવી અને વિનંતી કરવામાં આવી કે આ વિધાનોમાંથી દરેક ઘટક પ્રમાણે પાંચ હકારાત્મક અને પાંચ નકારાત્મક વિધાનો પસંદ કરી આપશોજી. આ સાત નિષ્ણાતોના નામ પરિશિષ્ટ – ૪ માં મૂકવામાં આવ્યાં છે.

આ પાંચ નિષ્ણાતોએ પસંદ કરેલ વિધાનોને આધારે વલણમાપદંડનું પૂર્વ પ્રાથમિક સ્વરૂપ નક્કી કરવામાં આવ્યું હતું. જેની વિગત સારણી ૪. ૫માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૫**

**પૂર્વ પ્રાથમિક સ્વરૂપ માટે પસંદિત વિધાનોની સંખ્યા**

| *ઘટક ક્રમ* | *ઘટકનું નામ* | *કુલ વિધાનો* | *પસંદિગતા વિધાનો* |
|---|---|---|---|
| ૧. | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ | ૨૫ | ૧૦ |
| ૨. | ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમની વિશેષતાઓ | ૨૧ | ૧૦ |
| ૩. | ક્ષમતાકેન્દ્રી પાઠય પુસ્તકો | ૨૩ | ૧૦ |
| ૪. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા | ૨૨ | ૧૦ |
| ૫. | ક્ષમતાકેન્દ્રી અધ્યયન અધ્યાપન સામગ્રી | ૨૦ | ૧૦ |
| ૬. | ક્ષમતાકેન્દ્રી મૂલ્યાંકન | ૧૯ | ૧૦ |
| ૭. | ક્ષમતાકેન્દ્રી નિરીક્ષણ | ૨૪ | ૧૦ |
| ૮. | સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ | ૧૩ | ૧૦ |
| | કુલ વિધાનો | ૧૬૭ | ૮૦ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૫ નું અવલોકન દર્શાવે છે કે ઘટક એકના પચ્ચીસ વિધાનો, ઘટક બેના એકવીસ વિધાનો, ઘટક ત્રણના ત્રેવીસ વિધાનો, ઘટક ચારના બાવીસ વિધાનો, ઘટક પાંચના વીસ વિધાનો, ઘટક છ ના ઓગણીસ વિધાનો, ઘટક સાતના ચોવીસ વિધાનો અને ઘટક આઠના તેર વિધાનો મળીને કુલ ૧૬૭ વિધાનોમાંથી ઘટક દીઠ પાંચ હકારાત્મક અને પાંચ નકારાત્મક વિધાનો પસંદ કરી કુલ આઠ ઘટકોનાં એંસી વિધાનો પસંદ કરવામાં આવ્યાં. કુલ સત્યાસી વિધાનો રદ કરી એંસી વિધાનો પૂર્વ પ્રાથમિક વલણમાપદંડના સ્વરૂપ માટે પસંદ કરવામાં આવ્યાં હતા.

## ૪.૭ વલણમાપદંડનું પૂર્વ પ્રાથમિક સ્વરૂપ :

નિષ્ણાતોની ચકાસણી દ્વારા સુધારા વધારા સાથે પસંદ થયેલ એંસી વિધાનોને વ્યવસ્થિત રીતે વિભાગવાર ગોઠવીને વિધાનોને નવા ક્રમ આપી વલણમાપદંડનું પૂર્વ પ્રારંભિક સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું.

પૂર્વ પ્રારંભિક સ્વરૂપ તૈયાર થયા પછી દરેક વિધાનની સામે પાંચ ખાનાઓ દોરવામાં આવ્યાં. આ ખાનાઓના મથાળે ક્રમાંકન કરવા માટે સંપૂર્ણ સંમંત, સંમંત, તટસ્થ, અસંમંત અને સંપૂર્ણ અસંમંત જેવા કક્ષા દર્શક શબ્દો લખવામાં આવ્યા હતા. પ્રતિચાર આપવા માટે પ્રતિચાર આપનાર પ્રાથમિક શિક્ષકોનો જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી વલણમાપદંડના મુખપૃષ્ઠ પર સામાન્ય સૂચનાઓ આપવાનું જરૂરી હતું. તેથી વલણમાપદંડ કસોટીના મુખપૃષ્ઠ પર સૂચનાઓ આપવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષકોની સમજ માટે એક ઉદાહરણ પણ આપી પ્રતિચાર કેમ આપવો તે દર્શાવવામાં આવ્યું હતું.

વલણમાપદંડનું પૂર્વ પ્રાથમિક સ્વરૂપ તૈયાર થયે તેની કુલ ૧૨૫ નકલો કોમ્પ્યુટર દ્વારા તૈયાર કરવામાં આવી. આ પ્રમાણે પૂર્વ પ્રાથમિક સ્વરૂપ તૈયાર થયે આ પ્રતો સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાના પ્રાથમિક શિક્ષકો પાસે પ્રયોજકે રૂબરૂ જઈ આપી હતી અને વલણમાપદંડ કસોટીની પૂર્વ પ્રાથમિક અજમાયશ કરવામાં આવી હતી. પૂર્વ

પ્રાથમિક સ્વરૂપની એક નકલ પરિશિષ્ટ–૫ માં મૂકેલ છે. આ પૂર્વ પ્રાથમિક અજમાયશ માટે જે પ્રાથમિક શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા તેની સંખ્યાની વિગત સારણી ૪.૬માં આપવામાં આવેલ છે.

## સારણી – ૪.૬
## વલણમાપદંડની પૂર્વ પ્રાથમિક સ્વરૂપની અજમાયશ

| ક્રમ | જિલ્લાનું નામ | વિસ્તાર | જાતીયતા | | |
|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | સુરેન્દ્રનગર | શહેરી | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨. | ભાવનગર | શહેરી | ૧૧ | ૧૧ | ૨૨ |
| ૩. | સુરેન્દ્રનગર | અર્ધ શહેરી | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૪. | ભાવનગર | અર્ધ શહેરી | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૫. | સુરેન્દ્રનગર | ગ્રામીણ | ૧૦ | ૧૧ | ૨૧ |
| ૬. | ભાવનગર | ગ્રામીણ | ૧૧ | ૧૧ | ૨૨ |
| ☆ | કુલ | – | ૬૨ | ૬૩ | ૧૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૬માં દર્શાવ્યા મુજબ વલણમાપદંડના પૂર્વ પ્રાથમિક સ્વરૂપની અજમાયશ માટે સુરેન્દ્રનગરના શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના દશ પુરુષ અને દશ સ્ત્રી પ્રાથમિક શિક્ષકોને તેમજ ભાવનગર જિલ્લાના અગિયાર પુરુષ અને અગિયાર સ્ત્રી પ્રાથમિક શિક્ષકોને તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના અર્ધ શહેરી વિસ્તારના દશ પુરુષ અને દશ સ્ત્રી પ્રાથમિક શિક્ષકો અને ભાવનગર જિલ્લાના દશ પુરુષ અને દશ સ્ત્રી પ્રાથમિક શિક્ષકો તથા સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારના દશ પુરુષ અને અગિયાર સ્ત્રી પ્રાથમિક શિક્ષકો અને ભાવનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારના અગિયાર પુરુષ અને અગિયાર સ્ત્રી પ્રાથમિક શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૪.૮ કલમ પૃથક્કરણની રીત :

એડવર્ઝ એ. એલ.[૨] દ્વારા સૂચવવામાં આવેલ એક અન્ય રીત મુજબ 'ટી' ગુણોત્તરનો ઉપયોગ કરીને પણ કલમોની પસંદગી થઈ શકે છે. આ રીત મુજબ કલમોની પસંદગી માટે પ્રત્યેક પાત્ર દીઠ બધાં વિધાનોના પ્રતિચારોના આધારે મળેલા પ્રાપ્તાંકોનો સરવાળો કરવામાં આવે છે. કુલ પ્રાપ્તાંકોના આધારે વલણમાપદંડને ઊતરતા ક્રમમાં ગોઠવવામાં આવે છે તેમાંથી ઊંચામાં ઊંચા પ્રાપ્તાંકો વાળા પચ્ચીસ ટકા વલણમાપદંડો અને નીચેમાં નીચા પ્રાપ્તાંકો વાળા પચ્ચીસ ટકા વલણમાપદંડોમાં પાત્રોએ આપેલા પ્રતિચારોના આધારે કલમપૃથક્કરણ કરવામાં આવે છે. આ ઊંચામાં ઊંચા પ્રાપ્તાંક મેળવનાર એક જૂથ અને નીચામાં નીચા પ્રાપ્તાંક મેળવનાર બીજા જૂથને આપણે પ્રત્યેક વિધાનનાં મૂલ્યાંકન માટેના મૂલક જૂથ તરીકે ધારી શકીએ. પ્રત્યેક વિધાનના મૂલ્યાંકન માટે તે વિધાનને ઉપલા જૂથના બધા પાત્રોના પ્રતિચારોના આધારે કુલ કેટલા પ્રાપ્તાંકો મળ્યા તે અને નિમ્ન જૂથના બધાં પાત્રોને મળેલા પ્રતિચારોના આધારે કુલ કેટલા પ્રાપ્તાંકો મળ્યા તે શોધવામાં આવે છે. પ્રત્યેક વિધાન દીઠ ઉપલા જૂથના પ્રાપ્તાંકોની સરાસરી અને નિમ્ન જૂથના પ્રાપ્તાંકોની સરાસરી શોધવામાં આવે છે. આ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા શોધવા 'ટી' ગુણોત્તર શોધવામાં આવે છે. 'ટી' ગુણોત્તર શોધવાની રીત એડવર્ઝના પુસ્તકમાં વર્ણવ્યા મુજબ અનુસરવામાં આવી છે. પ્રત્યેક વિધાનના 'ટી' ગુણોત્તરના આધારે વિધાનોને ઊતરતા ક્રમમાં ગોઠવવામાં આવે છે. જો ઉચ્ચ જૂથ અને નિમ્ન જૂથ બન્નેમાં પ્રત્યેક જૂથ દીઠ પચ્ચીસ કે તેથી વધુ પાત્રો હોય તો જે વિધાનનું 'ટી' મૂલ્ય ૧.૭૫ કે તેથી વધુ હોય તેવાં વિધાનોને વલણમાપદંડના અંતિમ સ્વરૂપમાં સમાવેશ કરવો જોઈએ. 'ટી' મૂલ્યના આધારે ઊતરતા ક્રમમાં ગોઠવેલા વિધાનોમાંથી સૌથી ઊંચુ 'ટી' મૂલ્ય ધરાવતાં વિધાનોમાંથી જરૂરી સંખ્યામાં વિધાનો પસંદ કરવાં જોઈએ. અંદાજે અડધાં વિધાનો હકારાત્મક અને અડધાં વિધાનો નકારાત્મક પસંદ કરવાં જોઈએ. આમ બન્ને પ્રકારના વિધાન ન હોય તો માત્ર નકારાત્મક કે માત્ર હકારાત્મક વિધાનો હોવાને કારણે પાત્રોમાં પ્રતિચાર સામ્ય સર્જાવવાની સમસ્યા સર્જાય છે. એડવર્ઝના મતે 'ટી' મૂલ્ય દ્વારા વિધાનો પસંદ કરવાની રીત સારી અને પૂરતી છે.

---

૨. A. L. Edwards : *Teachniques of Attitude Scale Construction*, Bombay, Vakils, Feffer and Simon, 1965, pp. 152-157.

પૂર્વ પ્રાથમિક સ્વરૂપમાં લેવામાં આવેલ એંસી વિધાનો ઉપર પાત્રોએ આપેલા પ્રતિચારોના આધારે વિધાનોનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. વલણમાપદંડના હકારાત્મક વિધાન સામેના પ્રતિચારોને 'સંપૂર્ણ સંમંત ', 'સંમત', 'તટસ્થ', અસંમંત અને 'સંપૂર્ણ અસંમત' માટે ક્રમશ : ૫, ૪, ૩, ૨ અને ૧ પ્રાપ્તાંક આપવામાં આવ્યા હતા તેનાની વિરૂદ્ધ નકારાત્મક વિધાનો સામેના પ્રતિચારોને ક્રમશ : ૧, ૨, ૩, ૪ અને ૫ પ્રાપ્તાંકો આપવામાં આવ્યા હતા. આ રીતે કુલ એંસી વિધાનો પર કુલ કેટલા પ્રાપ્તાંક થયા તે પ્રત્યેક વલણમાપદંડ દીઠ શોધી કાઢવામાં આવ્યા હતા. તેમાં મોટામાં મોટો પ્રાપ્તાંક શોધવામાં આવ્યો હતો. કુલ પ્રાપ્તાંકોના આધારે વલણમાપદંડને ઊતરતાં ક્રમમાં ગોઠવવામાં આવ્યા હતા. તેમાંથી સૌથી ઊંચો પ્રાપ્તાંક મેળવનાર પચ્ચીસ ટકા પાત્રોના વલણમાપદંડો જુદા પાડવામાં આવ્યા હતા. આ જૂથને ઉચ્ચ પ્રાપ્તાંક જૂથ તરીકે ઓળખવામાં આવ્યું હતું. એવી જ રીતે સૌથી નીચા પ્રાપ્તાંકો મેળવનાર પચ્ચીસ ટકા પાત્રો એટલે કે પચ્ચીસ ટકા વલણમાપદંડો પણ જુદા પાડવામાં આવ્યા હતા. આ જૂથને નિમ્ન પ્રાપ્તાંકો મેળવનાર જૂથ તરીકે ઓળખવામાં આવ્યું હતું. વચ્ચેના પચ્ચીસ ટકા પાત્રોનો વલણમાપદંડના પ્રાપ્તાંકોની વિગત વિશ્લેષણ માટે ઉપયોગમાં લેવામાં આવી નથી.

કલમપૃથક્કરણમાં સમાવવામાં આવેલ ઉચ્ચ પ્રાપ્તાંક જૂથના વલણમાપદંડો પરથી પ્રત્યેક વિધાન દીઠ ૫, ૪, ૩, ૨ અને ૧ પ્રાપ્તાંક મેળવનાર પાત્રોનો આવૃત્તિઓ દર્શાવતા આવૃત્તિ વિતરણો તૈયાર કરવામાં આવ્યા હતાં. તેવી જ રીતે તેની સાથે જ પ્રત્યેક વિધાન દીઠ નિમ્ન પ્રાપ્તાંક જૂથના પાત્રોની આવૃત્તિ દર્શાવતા આવૃત્તિ વિતરણો પણ તૈયાર કરવામાં આવ્યાં હતાં, આમ પ્રત્યેક વિધાન દીઠ એક ઉચ્ચ પ્રાપ્તાંક જૂથનું અને એક નિમ્ન પ્રાપ્તાંક જૂથનું એમ બે આવૃત્તિ વિતરણો તૈયાર કરવામાં આવ્યાં હતાં. કુલ એંસી વિધાનોના ૧૬૦ આવૃત્તિ વિતરણો તૈયાર કરવામાં આવ્યા હતાં.

આવૃત્તિ વિતરણો ઉપરથી પ્રત્યેક વિધાન દીઠ ઉચ્ચ પ્રાપ્તાંક જૂથની સરાસરી $X_H$ અને નિમ્ન પ્રાપ્તાંક જૂથની સરાસરી $X_L$ શોધવામાં આવી હતી. ત્યાર બાદ એડવર્ઝે સૂચવેલ નીચેના સૂત્રનો ઉપયોગ કરીને વિધાન દીઠ 'ટી' ગુણોત્તર શોધવામાં આવ્યા હતાં.

$$I = \frac{\overline{X}_H - \overline{X}_L}{\sqrt{\dfrac{CXH - \overline{X}_H^{\,2} + \left(X_L - X_L\right)^2}{n\ Cn - 1}}}$$

આ રીતે વિધાન દીઠ મેળવવામાં આવેલ 'ટી' ગુણોત્તરની યાદી હવે પછીની સારણી ૪.૭ માં રજૂ કરવામાં આવી છે.

**સારણી – ૪.૭**

**પૂર્વ પ્રાથમિક સ્વરૂપનાં વિધાનોનાં 'ટી' મૂલ્યો**

| *વિધાનનો ક્રમ* | *'ટી' મૂલ્ય* | *વિધાનનો ક્રમ* | *'ટી' મૂલ્ય* | *વિધાનનો ક્રમ* | *'ટી' મૂલ્ય* | *વિધાનનો ક્રમ* | *'ટી' મૂલ્ય* |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧.૦૪૩ | ૨૧. | ૩.૧૧ | ૪૧. | ૩.૨૯ | ૬૧. | ૪.૯૨ |
| ૨. | ૧.૦૫ | ૨૨. | ૪.૭૬ | ૪૨. | ૨.૬૭ | ૬૨. | ૩.૨૩ |
| ૩. | ૦.૮૦ | ૨૩. | ૨.૮૩ | ૪૩. | ૪.૪૬ | ૬૩. | ૩.૭૧ |
| ૪. | ૩.૪૧ | ૨૪. | ૨.૭૭ | ૪૪. | ૪.૦૦ | ૬૪. | ૩.૮૮ |
| ૫. | ૧૦.૯૦ | ૨૫. | ૨.૪૮ | ૪૫. | ૨.૯૨ | ૬૫. | ૧.૮૨ |
| ૬. | ૩.૪૦ | ૨૬. | ૩.૮૦ | ૪૬. | ૪.૭૭ | ૬૬. | ૬.૪૩ |
| ૭. | ૩.૧૫ | ૨૭. | ૨.૬૨ | ૪૭. | ૩.૩૧ | ૬૭. | ૫.૫૨ |
| ૮. | ૨.૧૯ | ૨૮. | ૩.૨૬ | ૪૮. | ૨.૯૭ | ૬૮. | ૫.૯૩ |
| ૯. | ૩.૧૫ | ૨૯. | ૧.૨૨ | ૪૯. | ૪.૦૦ | ૬૯. | ૧.૮૫ |
| ૧૦. | ૧૭.૪૪ | ૩૦. | ૪.૦૦ | ૫૦. | ૨.૯૭ | ૭૦. | ૨.૮૦ |
| ૧૧. | ૧.૪૭ | ૩૧. | ૧.૭૯ | ૫૧. | ૩.૨૬ | ૭૧. | -૬.૨૫ |
| ૧૨. | ૧.૯૪ | ૩૨. | ૧.૯૩ | ૫૨. | ૪.૧૩ | ૭૨. | ૪.૪૪ |
| ૧૩. | ૧.૧૪ | ૩૩. | ૩.૨૩ | ૫૩. | ૧.૦૭ | ૭૩. | ૪.૦૦ |
| ૧૪. | ૪.૩૩ | ૩૪. | ૪.૮૦ | ૫૪. | ૨.૪૦ | ૭૪. | ૫.૧૪ |
| ૧૫. | ૦.૩ | ૩૫. | ૧.૩૩ | ૫૫. | ૩.૫૯ | ૭૫. | ૩.૮૪ |
| ૧૬. | ૩.૭૬ | ૩૬. | ૪.૯૧ | ૫૬. | ૪.૮૦ | ૭૬. | ૪.૪૩ |
| ૧૭. | ૧.૭૮ | ૩૭. | ૩.૭૨ | ૫૭. | ૩.૩૩ | ૭૭. | ૬.૪૬ |
| ૧૮. | ૩.૫૪ | ૩૮. | ૩.૬૮ | ૫૮. | ૫.૨૮ | ૭૮. | ૧.૪૯ |
| ૧૯. | ૨.૫૮ | ૩૯. | ૪.૧૫ | ૫૯. | ૨.૭૯ | ૭૯. | ૪.૧૩ |
| ૨૦. | ૦.૬૫ | ૪૦. | ૫.૪૫ | ૬૦. | ૩.૪૩ | ૮૦. | ૩.૮૭ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૭ નું અવલોકન દર્શાવે છે કે વિધાન દીઠ ટી – મૂલ્યની યાદી પરથી જોવા મળે છે કે એક વિધાનનું ટી–મૂલ્ય –૬.૨૫ મળ્યું હતું. જેનો વિધાન ક્રમ એકોતેર છે. બાકીના ઓગણાએંશી વિધાનોનાં ટી–મૂલ્ય ધન મળ્યાં હતાં. વિધાન ક્રમ દશનું ટી–મૂલ્ય ૧૭.૪૪ જે વધુમાં વધુ છે, જ્યારે ઓછામાં ઓછું ટી–મૂલ્ય ૦.૦૩ વિધાન ક્રમ પંદરનું જોવા મળે છે.

દરેક વિધાનનાં ટી–મૂલ્ય શોધી લીધા બાદ વલણમાપદંડમાં આવેલા ઘટકોને ધ્યાનમાં રાખી વિધાનોને હકારાત્મક અને નકારાત્મક એમ બે વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યાં. જેની માહિતી સારણી ૪.૮ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી – ૪.૮**

**વિધાનોનું વર્ગીકરણ**

| *ઘટક ક્રમ* | *હકારાત્મક વિધાનો* | *નકારાત્મક વિધાનો* |
|---|---|---|
| ઘટક – ૧. | ૧, ૩, ૫, ૭, ૯ | ૨, ૪, ૬, ૮, ૧૦ |
| ઘટક – ૨. | ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯ | ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦ |
| ઘટક – ૩. | ૨૧, ૨૩, ૨૫, ૨૭, ૨૯ | ૨૨, ૨૪, ૨૬, ૨૮, ૩૦ |
| ઘટક – ૪. | ૩૧, ૩૩, ૩૫, ૩૭, ૩૯ | ૩૨, ૩૪, ૩૬, ૩૮, ૪૦ |
| ઘટક – ૫. | ૪૧, ૪૩, ૪૫, ૪૭, ૪૯ | ૪૨, ૪૪, ૪૬, ૪૮, ૫૦ |
| ઘટક – ૬. | ૫૧, ૫૩, ૫૫, ૫૭, ૫૯ | ૫૨, ૫૪, ૫૬, ૫૮, ૬૦ |
| ઘટક – ૭. | ૬૧, ૬૩, ૬૫, ૬૭, ૬૯ | ૬૨, ૬૪, ૬૬, ૬૮, ૭૦ |
| ઘટક – ૮. | ૭૧, ૭૩, ૭૫, ૭૭, ૭૯ | ૭૧, ૭૪, ૭૬, ૭૮, ૮૦ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૮ માં દર્શાવ્યા મુજબ પૂર્વ પ્રાથમિક સ્વરૂપ માટે તૈયાર કરેલ કસોટીમાં ચાળીસ વિધાનો હકારાત્મક અને ચાળીસ વિધાનો નકારાત્મક છે. આ વિધાનોમાંથી જેમનું ટી–મૂલ્ય ઓછું હોય એવાં વિધાનો રદ કરવાં એવું નક્કી થતાં બધાં વિધાનોનાં ટી–મૂલ્યો શોધવામાં આવ્યાં અને ટી–મૂલ્યને આધારે તેનો સ્વીકાર કે અસ્વીકાર કરી નવો ક્રમ આપવામાં આવ્યો હતો. જેની માહિતી સારણી ૪.૯ માં આપવામાં આવેલ છે.

## સારણી – ૪.૯
## વિધાનવાર ટી–મૂલ્યો તથા સ્વીકાર કે અસ્વીકાર

| જૂનો ક્રમ | નવો ક્રમ | ટી મૂલ્ય | સ્વીકાર કે અસ્વીકાર | જૂનો ક્રમ | નવો ક્રમ | ટી મૂલ્ય | સ્વીકાર કે અસ્વીકાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | - | ૧.૦૪૩ | અસ્વીકાર | ૨૧. | ૧૩ | ૩.૧૧ | સ્વીકાર |
| ૨. | - | ૧.૦૫ | અસ્વીકાર | ૨૨. | ૧૪. | ૪.૭૬ | સ્વીકાર |
| ૩. | - | ૦.૮૦ | અસ્વીકાર | ૨૩. | ૧૫. | ૨.૮૩ | સ્વીકાર |
| ૪. | ૧. | ૩.૪૧ | સ્વીકાર | ૨૪. | ૧૬. | ૨.૭૭ | સ્વીકાર |
| ૫. | ૨. | ૧૦.૯૦ | સ્વીકાર | ૨૫. | ૧૭. | ૨.૪૮ | સ્વીકાર |
| ૬. | ૩. | ૩.૪૦ | સ્વીકાર | ૨૬. | ૧૮. | ૩.૮૦ | સ્વીકાર |
| ૭. | ૪. | ૩.૧૫ | સ્વીકાર | ૨૭. | ૧૯. | ૨.૬૨ | સ્વીકાર |
| ૮. | ૫. | ૨.૧૯ | સ્વીકાર | ૨૮. | ૨૦. | ૩.૨૬ | સ્વીકાર |
| ૯. | ૬. | ૩.૧૫ | સ્વીકાર | ૨૯. | - | ૧.૨૨ | અસ્વીકાર |
| ૧૦. | ૭. | ૧૭.૪૪ | સ્વીકાર | ૩૦. | ૨૧. | ૪.૦૦ | સ્વીકાર |
| ૧૧. | - | ૧.૪૭ | અસ્વીકાર | ૩૧. | ૨૨. | ૧.૭૯ | સ્વીકાર |
| ૧૨. | - | ૧.૯૪ | અસ્વીકાર | ૩૨. | - | ૧.૯૩ | અસ્વીકાર |
| ૧૩. | - | ૧.૧૪ | અસ્વીકાર | ૩૩. | ૨૩. | ૩.૨૩ | સ્વીકાર |
| ૧૪. | ૮. | ૪.૩૩ | સ્વીકાર | ૩૪. | ૨૪. | ૪.૮૦ | સ્વીકાર |
| ૧૫. | - | ૦.૩ | અસ્વીકાર | ૩૫. | - | ૧.૩૩ | અસ્વીકાર |
| ૧૬. | ૯ | ૩.૭૬ | સ્વીકાર | ૩૬. | ૨૫ | ૪.૯૧ | સ્વીકાર |
| ૧૭. | ૧૦ | ૧.૭૮ | સ્વીકાર | ૩૭. | ૨૬ | ૩.૭૨ | સ્વીકાર |
| ૧૮. | ૧૧ | ૩.૫૪ | સ્વીકાર | ૩૮. | ૨૭ | ૩.૬૮ | સ્વીકાર |
| ૧૯. | ૧૨ | ૨.૫૮ | સ્વીકાર | ૩૯. | ૨૮ | ૪.૧૫ | સ્વીકાર |
| ૨૦. | - | ૦.૬૫ | અસ્વીકાર | ૪૦. | ૨૯ | ૫.૪૫ | સ્વીકાર |

**સારણી – ૪.૯ ચાલુ........**

| જૂનો ક્રમ | નવો ક્રમ | ટી મૂલ્ય | સ્વીકાર કે અસ્વીકાર | જૂનો ક્રમ | નવો ક્રમ | ટી મૂલ્ય | સ્વીકાર કે અસ્વીકાર |
|---|---|---|---|---|---|---|---|
| ૪૧. | ૩૦ | ૩.૨૯ | સ્વીકાર | ૬૧. | ૪૯ | ૪.૯૨ | સ્વીકાર |
| ૪૨. | ૩૧ | ૨.૬૭ | સ્વીકાર | ૬૨. | ૫૦ | ૩.૨૩ | સ્વીકાર |
| ૪૩. | ૩૨ | ૪.૪૬ | સ્વીકાર | ૬૩. | ૫૧ | ૩.૭૧ | સ્વીકાર |
| ૪૪. | ૩૩ | ૪.૦૦ | સ્વીકાર | ૬૪. | ૫૨. | ૩.૮૮ | સ્વીકાર |
| ૪૫. | ૩૪ | ૨.૯૨ | સ્વીકાર | ૬૫. | ૫૩ | ૧.૮૨ | સ્વીકાર |
| ૪૬. | ૩૫ | ૪.૭૭ | સ્વીકાર | ૬૬. | ૫૪ | ૬.૪૩ | સ્વીકાર |
| ૪૭. | ૩૬ | ૩.૩૧ | સ્વીકાર | ૬૭. | ૫૫ | ૫.૫૨ | સ્વીકાર |
| ૪૮. | ૩૭ | ૨.૯૭ | સ્વીકાર | ૬૮. | ૫૬ | ૫.૯૩ | સ્વીકાર |
| ૪૯. | ૩૮ | ૪.૦૦ | સ્વીકાર | ૬૯. | ૫૭ | ૧.૮૫ | સ્વીકાર |
| ૫૦. | ૩૯ | ૨.૯૭ | સ્વીકાર | ૭૦. | ૫૮ | ૨.૮૦ | સ્વીકાર |
| ૫૧. | ૪૦ | ૩.૨૬ | સ્વીકાર | ૭૧. | - | - ૬.૨૫ | અસ્વીકાર |
| ૫૨. | ૪૧ | ૪.૧૩ | સ્વીકાર | ૭૨. | ૫૯ | ૪.૪૪ | સ્વીકાર |
| ૫૩. | - | ૧.૦૭ | અસ્વીકાર | ૭૩. | ૬૦ | ૪.૦૦ | સ્વીકાર |
| ૫૪. | ૪૨ | ૨.૪૦ | સ્વીકાર | ૭૪. | ૬૧ | ૫.૧૪ | સ્વીકાર |
| ૫૫. | ૪૩ | ૩.૫૯ | સ્વીકાર | ૭૫. | ૬૨ | ૩.૮૪ | સ્વીકાર |
| ૫૬. | ૪૪ | ૪.૮૦ | સ્વીકાર | ૭૬. | ૬૩ | ૪.૪૩ | સ્વીકાર |
| ૫૭. | ૪૫ | ૩.૩૩ | સ્વીકાર | ૭૭. | ૬૪ | ૬.૪૬ | સ્વીકાર |
| ૫૮. | ૪૬ | ૫.૨૮ | સ્વીકાર | ૭૮. | - | ૧.૪૯ | અસ્વીકાર |
| ૫૯. | ૪૭ | ૨.૭૯ | સ્વીકાર | ૭૯. | ૬૫ | ૪.૧૩ | સ્વીકાર |
| ૬૦. | ૪૮ | ૩.૪૩ | સ્વીકાર | ૮૦. | ૬૬ | ૩.૮૭ | સ્વીકાર |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૯ નું અવલોકન દર્શાવે છે કે પૂર્વ પ્રાથમિક સ્વરૂપમાં સમાવિષ્ટ એંસી વિધાનોનું ટી–મૂલ્ય શોધવામાં આવ્યું છે. ટી–મૂલ્યોને આધારે વિધાનોનો સ્વીકાર કે અસ્વીકાર કરવામાં આવ્યો છે અને જૂના વિધાન ક્રમને નવો ક્રમ આપેલ છે.

સારણી પરથી ફલિત થાય છે કે વિધાન નંબર ૧, ૨, ૩, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૨૦, ૨૯, ૩૨, ૩૫, ૫૩, ૭૧ અને ૭૮ નો અસ્વીકાર કરવામાં આવેલ છે. આમ કુલ ચૌદ વિધાનો રદ થતાં પ્રાથમિક સ્વરૂપના વલણમાપદંડમાં છાસઠ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૪.૯ વલણમાપદંડનું પ્રાથમિક સ્વરૂપ

વલણમાપદંડનું પ્રાથમિક સ્વરૂપ તૈયાર થયા પછી તેની કોમ્પ્યૂટર દ્વારા ૧૨૫ નકલો તૈયાર કરવામાં આવી હતી.

વલણમાપદંડના પ્રાથમિક સ્વરૂપમાં દરેક વિધાનની સામે પાંચ પાંચ ખાનાઓ દોરવામાં આવ્યા હતા. આ ખાનાઓના મથાળે ક્રમાંકન કરવા માટે 'સંપૂર્ણ સંમત', સંમત, 'તટસ્થ', 'સંપૂણ અસંમત', અસંમત જેવા કક્ષા દર્શક શબ્દો લખવામાં આવ્યા હતાં.

પ્રતિચાર આપનાર પ્રાથમિક શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી વલણમાપદંડના મુખપૃષ્ટ પર સામાન્ય સૂચનાઓ આપવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષકોની સમજ માટે એક ઉદાહરણ આપી પ્રતિચાર કેમ આપવો તે દર્શાવવામાં આવ્યું હતું.

આમ પ્રાથમિક સ્વરૂપ તૈયાર થયે સુરેન્દ્રનગર જિલ્લાની શહેરી, અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા ૧૨૫ શિક્ષકોને વલણમાપદંડ આપી પ્રાથમિક અજમાયશ કરવામાં આવી હતી. જેની માહિતી સારણી ૪.૧૦ માં આપવામાં આવેલ છે.

પ્રાથમિક સ્વરૂપના માપદંડની એક પ્રત પરિશિષ્ટ – ૬ માં મૂકવામાં આવેલ છે.

## સારણી – ૪.૧૦
## વલણમાપદંડના પ્રાથમિક સ્વરૂપની અજમાયશ

| ક્રમ | જિલ્લાનું નામ | વિસ્તાર | જાતીયતા | | |
|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | સુરેન્દ્રનગર | શહેરી | ૨૧ | ૨૧ | ૪૨ |
| ૨. | સુરેન્દ્રનગર | અર્ધ શહેરી | ૨૦ | ૨૧ | ૪૧ |
| ૩. | સુરેન્દ્રનગર | ગ્રામીણ | ૨૧ | ૨૧ | ૪૨ |
| | કુલ | – | ૬૨ | ૬૩ | ૧૨૫ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૧૦ માં દર્શાવ્યા મુજબ માપદંડના પ્રાથમિક સ્વરૂપ માટે સુરેન્દ્રનગરના શહેરી વિસ્તારના એકવીસ પુરુષ અને એકવીસ સ્ત્રી પ્રાથમિક શિક્ષકો તેમજ અર્ધ શહેરી વિસ્તારના વીસ પુરુષ અને એકવીસ સ્ત્રી પ્રાથમિક શિક્ષકો અને ગ્રામીણ વિસ્તારના એકવીસ પુરુષ અને એકવીસ સ્ત્રી પ્રાથમિક શિક્ષકો મળીને કુલ ૧૨૫ શિક્ષકોને પસંદ કરવામાં આવ્યાં છે.

પ્રાથમિક અજમાયશ માટે પસંદ થયેલી જે તે વિસ્તારની પ્રાથમિક શાળાઓના આચાર્યોશ્રીઓને રૂબરૂ મળીને તથા ટેલિફોન દ્વારા સંપર્ક સાધી વલણ માપદંડના પ્રાથમિક અજમાયશની અનુમતિ મેળવ્યા બાદ આચાર્યોશ્રીઓની અનુકૂળતાએ પ્રાથમિક અજમાયશ રૂબરૂમાં કરવામાં આવી હતી.

વલણમાપદંડમાં પ્રાથમિક શિક્ષકોને કેટલાં સમય લાગે છે તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. આશરે પંચાવન મિનિટ જેટલો સમય પ્રતિચારો આપવામાં પ્રાથમિક શિક્ષકોને લાગ્યો હતો. પ્રતિચારો લખાય ગયા પછી માપદંડ પરત મેળવ્યા બાદ પ્રયોજકે આચાર્યોશ્રીઓનો તથા પ્રાથમિક શિક્ષકોનો મૌખિક આભાર માન્યો હતો.

પરત મળેલા પ્રાથમિક અજમાયશ વલણમાપદંડને પ્રયોજકે જાતે તપાસ્યો હતો. પ્રાથમિક અજમાયશમાં લેવામાં આવેલ છાસઠ વિધાનોનાં ટી–મૂલ્યો શોધવામાં આવ્યાં હતાં. જેની માહિતી સારણી ૪.૧૧ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી – ૪.૧૧**
**પ્રાથમિક અજમાયશ : વિધાનોમાં ટી–મૂલ્યો**

| ઘટક ક્રમ | વિધાનનો પ્રાથમિક અજમાયશનો ક્રમ | વિધાનનો પ્રકાર | વિધાનનું ટી મૂલ્ય |
|---|---|---|---|
| ૧. | ૧. | નકાર | ૧.૮૬ |
| | ૨. | હકાર | ૫.૦૪ |
| | ૩. | નકાર | ૨.૭૦ |
| | ૪. | હકાર | ૫.૨૮ |
| | ૫. | નકાર | ૧.૦૦ |
| | ૬. | હકાર | ૦.૦૪ |
| | ૭. | નકાર | ૧.૦૮ |
| ૨. | ૮. | નકાર | ૫.૧૨ |
| | ૯. | નકાર | ૪.૬૫ |
| | ૧૦. | હકાર | ૫.૪૭ |
| | ૧૧. | નકાર | ૧.૫૯ |
| | ૧૨. | હકાર | ૨.૧૩ |
| ૩. | ૧૩. | હકાર | ૫.૧૭ |
| | ૧૪. | નકાર | ૪.૨૦ |
| | ૧૫. | હકાર | ૩.૭૯ |
| | ૧૬. | નકાર | ૩.૯૨ |
| | ૧૭. | હકાર | ૪.૧૨ |
| | ૧૮. | નકાર | ૬.૦૦ |
| | ૧૯. | હકાર | ૫.૧૪ |
| | ૨૦. | નકાર | ૩.૬૪ |
| | ૨૧. | નકાર | ૪.૬૭ |
| ૪. | ૨૨. | હકાર | ૭.૪૭ |
| | ૨૩. | હકાર | ૫.૪૭ |
| | ૨૪. | નકાર | ૭.૩૦ |
| | ૨૫. | નકાર | ૩.૨૫ |
| | ૨૬. | હકાર | ૪.૧૪ |
| | ૨૭. | નકાર | ૪.૧૯ |
| | ૨૮. | હકાર | ૮.૬૫ |

**સારણી – ૪.૧૧ ચાલુ.....**

| ઘટક ક્રમ | વિધાનનો પ્રાથમિક અજમાયશનો ક્રમ | વિધાનનો પ્રકાર | વિધાનનું ટી મૂલ્ય |
|---|---|---|---|
| | ૨૯. | નકાર | ૪.૦૬ |
| | ૩૦. | હકાર | ૫.૦૫ |
| | ૩૧. | નકાર | ૧.૫૩ |
| ૫. | ૩૨. | હકાર | ૦.૮૭ |
| | ૩૩. | નકાર | ૨.૯૨ |
| | ૩૪. | હકાર | ૯.૪૫ |
| | ૩૫. | નકાર | ૩.૬૫ |
| | ૩૬. | હકાર | ૩.૧૪ |
| | ૩૭. | નકાર | ૧.૧૭ |
| | ૩૮. | હકાર | ૫.૦૬ |
| | ૩૯. | નકાર | ૨.૮૮ |
| | ૪૦. | હકાર | ૯.૨૭ |
| ૬. | ૪૧. | નકાર | ૪.૪૭ |
| | ૪૨. | નકાર | ૩.૭૧ |
| | ૪૩. | હકાર | ૪.૭૬ |
| | ૪૪. | નકાર | ૪.૪૨ |
| | ૪૫. | હકાર | ૫.૧૮ |
| | ૪૬. | નકાર | ૧.૭૬ |
| | ૪૭. | હકાર | ૫.૦૦ |
| | ૪૮. | નકાર | ૨.૩૩ |
| ૭. | ૪૯. | હકાર | ૩.૦૦ |
| | ૫૦. | હકાર | ૩.૪૭ |
| | ૫૧. | હકાર | ૩.૫૭ |
| | ૫૨. | નકાર | ૨.૧૪ |
| | ૫૩. | હકાર | ૫.૧૭ |
| | ૫૪. | નકાર | ૩.૪૪ |
| | ૫૫. | હકાર | ૧.૬૭ |
| | ૫૬. | નકાર | ૨.૦૬ |
| | ૫૭. | હકાર | ૪.૦૬ |
| | ૫૮. | નકાર | ૩.૭૬ |

**સારણી – ૪.૧૧ ચાલુ.....**

| *ઘટક ક્રમ* | *વિધાનનો પ્રાથમિક અજમાયશનો ક્રમ* | *વિધાનનો પ્રકાર* | *વિધાનનું ટી મૂલ્ય* |
|---|---|---|---|
| ૮. | ૫૯. | નકાર | ૦.૩૬ |
| | ૬૦. | હકાર | ૫.૫૬ |
| | ૬૧. | નકાર | ૩.૬૪ |
| | ૬૨. | હકાર | ૧.૨૮ |
| | ૬૩. | નકાર | ૦.૩૩ |
| | ૬૪. | હકાર | ૧.૪૧ |
| | ૬૫. | હકાર | ૦.૧૮ |
| | ૬૬. | નકાર | ૨.૮૧ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૧૧ નું અવલોકન દર્શાવે છે કે પ્રાથમિક અજમાયશ માટે તૈયાર કરેલ વલણમાપદંડમાં કુલ છાસઠ વિધાનો હતાં. આ છાસઠ વિધાનોમાં બત્રીસ વિધાનો હકાર અને ચોત્રીસ વિધાનો નકાર હતાં. બન્ને પ્રકારોનાં વિધાનોની સંખ્યા સરખી કરવા માટે માર્ગદર્શકશ્રી સાથે ચર્ચા વિચારણા કરી બે તજ્જ્ઞોશ્રીઓને વિનંતી કરી નકાર પ્રકારનાં બે વિધાનો રદ કરાવવામાં આવ્યા. રદ થયેલાં વિધાનોના નંબર ૫૯ અને ૬૩ હતાં. આમ બે વિધાનો રદ કરી બન્ને પ્રકારના વિધાનોની સંખ્યા સરખી કરવામાં આવી. બાકી રહેલ ચોસઠ વિધાનોને ટી–મૂલ્ય પ્રમાણે ઊતરતાં ક્રમમાં ગોઠવવામાં આવ્યાં. જેની માહિતી સારણી – ૪.૧૨ માં દર્શાવવામાં આવેલ છે.

# સારણી – ૪.૧૨
# ઊતરતા ક્રમમાં ગોઠવેલાં વિધાનોનાં ટી–મૂલ્યો

| વિધાનનો જૂનો ક્રમ | વિધાનનો પ્રકાર | ટી મૂલ્ય પ્રમાણે ઊતરતો ક્રમ | વિધાનનું ટી મૂલ્ય |
|---|---|---|---|
| ૩૪. | હકાર | ૧. | ૯.૪૫ |
| ૪૦. | હકાર | ૨. | ૯.૨૭ |
| ૨૮. | હકાર | ૩. | ૮.૬૫ |
| ૨૨. | હકાર | ૪. | ૭.૪૭ |
| ૨૪. | નકાર | ૫. | ૭.૩૦ |
| ૧૮. | નકાર | ૬. | ૬.૦૦ |
| ૫૩. | હકાર | ૭. | ૫.૭૧ |
| ૧૭. | હકાર | ૮. | ૫.૫૬ |
| ૨૩. | હકાર | ૯. | ૫.૪૭ |
| ૧૦. | હકાર | ૧૦. | ૫.૪૭ |
| ૪. | હકાર | ૧૧. | ૫.૨૮ |
| ૪૫. | હકાર | ૧૨. | ૫.૧૮ |
| ૧૩. | હકાર | ૧૩. | ૫.૧૭ |
| ૧૯. | હકાર | ૧૪. | ૫.૧૪ |
| ૮. | નકાર | ૧૫. | ૫.૧૨ |
| ૫૧. | હકાર | ૧૬. | ૫.૦૬ |
| ૩૦. | હકાર | ૧૭. | ૫.૦૫ |
| ૨. | હકાર | ૧૮. | ૫.૦૪ |
| ૪૭. | હકાર | ૧૯. | ૫.૦૦ |
| ૪૩. | હકાર | ૨૦. | ૪.૭૬ |
| ૨૧. | નકાર | ૨૧. | ૪.૬૭ |
| ૯ | નકાર | ૨૨. | ૪.૬૫ |
| ૪૧ | નકાર | ૨૩. | ૪.૪૭ |
| ૪૪. | નકાર | ૨૪. | ૪.૪૨ |
| ૧૪. | નકાર | ૨૫. | ૪.૨૦ |
| ૨૭. | નકાર | ૨૬. | ૪.૧૯ |
| ૨૬. | હકાર | ૨૭. | ૪.૧૪ |
| ૬૦. | હકાર | ૨૮. | ૪.૧૨ |

**સારણી – ૪.૧૨ ચાલુ……**

| વિધાનનો જૂનો ક્રમ | વિધાનનો પ્રકાર | ટી મૂલ્ય પ્રમાણે ઊતરતો ક્રમ | વિધાનનું ટી મૂલ્ય |
|---|---|---|---|
| ૫૭ | હકાર | ૨૯. | ૪.૦૬ |
| ૨૯. | નકાર | ૩૦. | ૪.૦૬ |
| ૧૬. | નકાર | ૩૧. | ૩.૯૨ |
| ૧૫. | હકાર | ૩૨. | ૩.૭૯ |
| ૫૮. | નકાર | ૩૩. | ૩.૭૬ |
| ૪૨. | નકાર | ૩૪. | ૩.૭૧ |
| ૩૫. | નકાર | ૩૫. | ૩.૬૫ |
| ૨૦. | નકાર | ૩૬. | ૩.૬૪ |
| ૬૧. | નકાર | ૩૭. | ૩.૬૪ |
| ૩૮. | હકાર | ૩૮. | ૩.૫૭ |
| ૫૦. | હકાર | ૩૯. | ૩.૪૭ |
| ૫૪. | નકાર | ૪૦. | ૩.૪૪ |
| ૨૫. | નકાર | ૪૧. | ૩.૨૫ |
| ૩૬. | હકાર | ૪૨. | ૩.૧૪ |
| ૪૯. | હકાર | ૪૩. | ૩.૦૦ |
| ૩૩. | નકાર | ૪૪. | ૨.૯૨ |
| ૩૯. | નકાર | ૪૫. | ૨.૮૮ |
| ૬૬. | નકાર | ૪૬. | ૨.૮૧ |
| ૩. | નકાર | ૪૭. | ૨.૭૦ |
| ૪૮. | નકાર | ૪૮. | ૨.૩૩ |
| ૫૨. | નકાર | ૪૯. | ૨.૧૪ |
| ૧૨. | હકાર | ૫૦. | ૨.૧૩ |
| ૫૬. | નકાર | ૫૧. | ૨.૦૬ |
| ૧. | નકાર | ૫૨. | ૧.૮૬ |
| ૪૬. | નકાર | ૫૩. | ૧.૭૬ |
| ૫૫. | હકાર | ૫૪. | ૧.૬૭ |
| ૧૧. | નકાર | ૫૫. | ૧.૫૯ |
| ૩૧. | નકાર | ૫૬. | ૧.૫૩ |
| ૬૪. | હકાર | ૫૭. | ૧.૪૧ |
| ૬૨. | હકાર | ૫૮. | ૧.૨૮ |

**સારણી – ૪.૧૨ ચાલુ......**

| *વિધાનનો જૂનો ક્રમ* | *વિધાનનો પ્રકાર* | *ટી મૂલ્ય પ્રમાણે ઊતરતો ક્રમ* | *વિધાનનું ટી મૂલ્ય* |
|---|---|---|---|
| ૩૭. | નકાર | ૫૯. | ૧.૧૭ |
| ૭. | નકાર | ૬૦. | ૧.૦૮ |
| ૫. | નકાર | ૬૧. | ૧.૦૦ |
| ૩૨. | હકાર | ૬૨. | ૦.૮૭ |
| ૬૫. | હકાર | ૬૩. | ૦.૧૮ |
| ૬. | હકાર | ૬૪. | ૦.૦૪ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૧૨નું અવલોકન દર્શાવે છે કે પ્રત્યેક વિધાનનું ટી – મૂલ્ય ઘન મળ્યું છે. વધુમાં વધુ ટી–મૂલ્ય પ્રાથમિક અજમાયશમાં ક્રમ ચોત્રીસના વિધાનનું છે જે ૯.૪૫ છે, જ્યારે ઓછામાં ઓછું ટી–મૂલ્ય પ્રાથમિક અજમાયશમાં વલણમાપદંડમાના ક્રમ છ ના વિધાનનું છે જે ૦.૦૪ છે.

## ૪.૧૦ વલણ માપદંડના અંતિમ સ્વરૂપ માટેના વિધાનોની પસંદગી :

અંતિમ સ્વરૂપ માટે દરેક ઘટક દીઠ બે હકારાત્મક અને બે નકારાત્મક વિધાનો મળી કુલ બત્રીસ વિધાનો પસંદ કરવા એવું નક્કી કરવામાં આવ્યું હતું. આથી વિધાનો પસંદ કરવા માટે લઘુતમ અધ્યયન કક્ષાના પ્રત્યેક ઘટક દીઠ ઊંચું ટી–મૂલ્ય ધરાવતાં બે હકારાત્મક અને બે નકારાત્મક વિધાનો મળી કુલ સોળ હકારાત્મક વિધાનો અને સોળ નકારાત્મક વિધાનો પસંદ કરી અંતિમ સ્વરૂપના વલણમાપદંડમાં કુલ બત્રીસ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જ્યારે માપદંડની લંબાઈ વધી ન જાય એ હેતુથી બત્રીસ વિધાનો રદ કરવામાં આવ્યાં હતાં.

અંતિમ કસોટીમાં પસંદ થયેલા વિધાનોની વિગત સારણી ૪.૧૩ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૪.૧૩
## અંતિમ સ્વરૂપ માટે પસંદિત વિધાનોનાં ટી–મૂલ્યો

| જૂનો ક્રમ | નવો ક્રમ | વિધાનનો પ્રકાર | ટી મૂલ્ય | જૂનો ક્રમ | નવો ક્રમ | વિધાનનો પ્રકાર | ટી મૂલ્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૩૪. | **૧.** | હકાર | ૯.૪૫ | ૨૧. | **૧૭.** | નકાર | ૪.૬૭ |
| ૪૦. | **૨.** | હકાર | ૯.૨૭ | ૯. | **૧૮.** | નકાર | ૪.૬૫ |
| ૨૮. | **૩.** | હકાર | ૮.૬૫ | ૪૧. | **૧૯.** | નકાર | ૪.૪૭ |
| ૨૨. | **૪.** | હકાર | ૭.૪૭ | ૪૪. | **૨૦.** | નકાર | ૪.૪૨ |
| ૨૪. | **૫.** | નકાર | ૭.૦૩ | ૨૭. | **૨૧.** | નકાર | ૪.૧૯ |
| ૧૮. | **૬.** | નકાર | ૬.૦૦ | ૫૮. | **૨૨.** | નકાર | ૩.૭૬ |
| ૫૩. | **૭.** | હકાર | ૫.૭૧ | ૩૫. | **૨૩.** | નકાર | ૩.૬૫ |
| ૬૦. | **૮.** | હકાર | ૫.૫૬ | ૬૧. | **૨૪.** | નકાર | ૩.૬૪ |
| ૧૦. | **૯.** | હકાર | ૫.૪૭ | ૫૧. | **૨૫.** | હકાર | ૩.૫૭ |
| ૪. | **૧૦.** | હકાર | ૫.૨૮ | ૫૪. | **૨૬.** | નકાર | ૩.૪૪ |
| ૪૫. | **૧૧.** | હકાર | ૫.૧૮ | ૩૩. | **૨૭.** | નકાર | ૨.૯૨ |
| ૧૩. | **૧૨.** | હકાર | ૫.૧૭ | ૬૬. | **૨૮.** | નકાર | ૨.૮૧ |
| ૧૯. | **૧૩.** | હકાર | ૫.૧૪ | ૩. | **૨૯.** | નકાર | ૨.૭૦ |
| ૮. | **૧૪.** | નકાર | ૫.૧૨ | ૧૨. | **૩૦.** | હકાર | ૨.૧૩ |
| ૨. | **૧૫.** | હકાર | ૫.૦૪ | ૧. | **૩૧.** | નકાર | ૧.૮૬ |
| ૪૭. | **૧૬.** | હકાર | ૫.૦૦ | ૬૨. | **૩૨.** | હકાર | ૧.૨૮ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૧૩ નું અવલોકન દર્શાવે છે કે અંતિમ માપદંડમાં લઘુતમ અધ્યયન કક્ષાના આઠ ઘટકોમાંથી દરેક ઘટકવાર બે હકારાત્મક અને બે નકારાત્મક વિધાનો એમ એક ઘટકમાંથી ચાર વિધાનો મળીને કુલ બત્રીસ વિધાનો અંતિમ સ્વરૂપ માટે પસંદ કરવામાં આવ્યાં છે. જેમાં સોળ હકારાત્મક અને સોળ નકારાત્મક વિધાનોનો સમાવેશ

થયો છે. અહીં ટી–મૂલ્યની દૃષ્ટિએ વિધાન ક્રમ એકનું ટી–મૂલ્ય ૯.૪૫ છે. જે સૌથી ઊંચું છે. જ્યારે વિધાન ક્રમ બત્રીસનું ટી–મૂલ્ય ૧.૨૮ છે. જે સૌથી ઓછું છે. આ વિધાનનું ટી–મૂલ્ય ઓછું હોવા છતાં ઘટકના સંદર્ભમાં હકારાત્મક બે સંખ્યા પૂર્ણ કરવા માટે અપવાદરૂપે પસંદ કરવામાં આવ્યું છે.

## ૪.૧૧ વલણ માપદંડનું અંતિમ સ્વરૂપ ગુણાંકન યોજના :

લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપદંડના સોળ હકારાત્મક અને સોળ નકારાત્મક વિધાનોની પસંદગી થયા પછી વલણમાપદંડનું અંતિમ સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું હતું. આમ, અંતિમ સ્વરૂપના વલણમાપદંડમાં કુલ બત્રીસ વિધાનો મૂકવામાં આવ્યા હતાં. આ અંતિમ સ્વરૂપની જરૂરી સંખ્યામાં કોમ્પ્યૂટરાઈઝ નકલો તૈયાર કરવામાં આવી હતી. આ વલણમાપદંડની એક પ્રત પ્રસ્તુત અભ્યાસના પરિશિષ્ટ – ૭ માં મૂકવામાં આવી છે.

ત્યારબાદ પ્રયોજકે સૌરાષ્ટ્ર વિસ્તારના સાત જિલ્લાઓની જિલ્લા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ફરજ બજાવતા કુલ ૩૮૨૫ પ્રાથમિક શિક્ષકોને પાત્રો તરીકે પસંદ કરી માહિતી મેળવી હતી. જેની વિશેષ માહિતી પ્રસ્તુત અભ્યાસના પ્રકરણ નંબર – ત્રણ ની સારણી ૩.૪ માં દર્શાવવામાં આવેલ છે.

માહિતી પ્રાપ્ત થયે ગુણાંકન યોજના પ્રમાણે બધા માપદંડો તપાસવામાં આવ્યા હતા. જેમાં જે તે વિધાન સામે આપેલાં સંપૂર્ણ સંમંત, સંમંત, તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત વગેરે ખાનાઓને ધ્યાનમાં રાખી પ્રતિચાર દાતાએ જે ખાનામાં ખરાનું નિશાન કર્યું હોય તે પ્રમાણે હકારાત્મક વિધાન માટે ૫, ૪, ૩, ૨, ૧ અને નકારાત્મક વિધાન માટે ૧, ૨, ૩, ૪, ૫ પ્રાપ્તાંકો આપવામાં આવ્યા હતા. આમ, પ્રત્યેક પ્રતિચાર દાતાને ઓછામાં ઓછા બત્રીસ અને વધુમાં વધુ ૧૬૦ પ્રાપ્તાંકો આપવામાં આવ્યા હતા. આ માપદંડનું ગુણાંકન કેમ કરવું તેની માહિતી માર્ગદર્શિકામાં આપવામાં આવેલ છે.

## ૪.૧૨ વલણ માપદંડની વિશ્વસનીયતા :

કસોટીની અજમાયશ કરતા પહેલાં કસોટીની વિશ્વસનીયતા અને યથાર્થતા સારી હોય તો જ તે કસોટીનો ઉપયોગ કરી શકાય. પ્રસ્તુત કસોટીની વિશ્વસનીયતા અને યથાર્થતા તપાસવામાં આવી હતી.

### ➢ ***કસોટીની વિશ્વસનીયતા :***

જે કસોટીના વારંવાર ઉપયોગ છતાં ચકાસણી દરમિયાન જે તે પાત્રો સરખાં જ પ્રાપ્તાંક મેળવે તો તે કસોટી વિશ્વસનીય છે તેમ કહેવાય. કસોટીની વિશ્વસનીયતા શોધવાની અનેક રીતો પૈકી આ કસોટીની વિશ્વસનીયતા કસોટી – પુનઃકસોટી અને અર્ધવિચ્છેદન પદ્ધતિએ શોધવામાં આવી હતી.

### *(૧) કસોટી – પુનઃકસોટી પદ્ધતિ :*

આ માટે જે જૂથના પાત્રોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો અને જેમને લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપદંડ આપી પ્રાપ્તાંકો મેળવેલા હતા તેવા ૧૦૦ પ્રાથમિક શિક્ષકોને ત્રીસ દિવસ પછી ફરીથી વલણમાપદંડ કસોટી આપી પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યાં હતાં. પ્રાપ્તાંકોની મળેલી આ બન્ને શ્રેણી વચ્ચે પરિબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાંક શોધવામાં આવ્યો હતો. કસોટી પુનઃકસોટીની રીતે વિશ્વસનીયતા શોધવા માટે વઢવાણ તાલુકાની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓના પંચાવન સ્ત્રી અને પિસ્તાલીસ પુરુષ પ્રાથમિક શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેની માહિતી સારણી ૪.૧૪ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૧૪ ના અવલોકન પરથી જોઈ શકાય છે કે કુલ ૧૦૦ પાત્રોએ કસોટી પુનઃકસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા છે તેનો સહસંબંધાંક પરિબળ ગુણાકાર પદ્ધતિએ શોધેલ છે જે ૦.૯૮ જોવા મળ્યો છે. બન્ને કસોટી પ્રાપ્તાંકો વચ્ચે જોવા મળેલો આ સહસંબંધાંક ઘણો સારો છે અને તે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આમ, આ કસોટીને વિશ્વસનીય ગણી તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

*(૨) કસોટીની અર્ધવિચ્છેદન પદ્ધતિ :*

આ પદ્ધતિએ વિશ્સનીયતા શોધવા માટે ૧૦૦ પ્રાથમિક શિક્ષકોનો નમૂનો લેવામાં આવ્યો હતો. આ પ્રાથમિક શિક્ષકોએ વલણમાપદંડ કસોટીની એકી કલમોમાં મેળવેલ પ્રાપ્તાંકો અને બેકી કલમોમાં મેળવેલ પ્રાપ્તાંકો નોધવામાં આવ્યા હતાં. પ્રાપ્તાંકોની બે શ્રેણી વચ્ચે પરિબળ – ગુણાકાર પદ્ધતિએ સહસંબધાંક શોધવામાં આવ્યો હતો. જેની માહિતી સારણી ૪.૧૫ માં આપવામાં આવેલ છે.

## સારણી – ૪.૧૫
## કસોટી અર્ધવિચ્છેદન પદ્ધતિ પ્રાપ્તાંક

| | બેકી કલમ પ્રાપ્તાંક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | *પ્રાપ્તાંક વર્ગ* | *૪૧-૪૫* | *૪૬-૫૦* | *૫૧-૫૫* | *૫૬-૬૦* | *૬૧-૬૫* | *૬૬-૭૦* | *કુલ* |
| એકી કલમ પ્રાપ્તાંક | ૬૬-૭૦ | | | | | ૦૧ | ૦૨ | ૦૩ |
| | ૬૧-૬૫ | | | | ૦૪ | ૧૨ | | ૧૬ |
| | ૫૬-૬૦ | | | | ૨૨ | ૧૬ | | ૩૮ |
| | ૫૧-૫૫ | | | ૧૮ | ૦૮ | ૦૯ | | ૩૫ |
| | ૪૬-૫૦ | | ૦૨ | ૦૧ | ૦૩ | | | ૦૬ |
| | ૪૧-૪૫ | ૦૨ | | | | | | ૦૨ |
| | કુલ | ૦૨ | ૦૨ | ૧૯ | ૩૭ | ૩૮ | ૦૨ | ૧૦૦ |

**સારણી ફલિતાર્થઃ**

સારણી ૪.૧૫ ના અવલોકન પરથી જોઈ શકાય છે કે કુલ ૧૦૦ પાત્રોએ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા. તેની એકી કલમો અને બેકી કલમોના પ્રાપ્તાંકોનો પરિબળ ગુણાકાર સહસંબંધાંક ૦.૬૮ જોવા મળ્યો છે. બન્ને વિભાગના પ્રાપ્તાંકો વચ્ચે જોવા મળેલો આ સહસંબંધાંક ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આથી આ કસોટીને વિશ્વસનીય ગણી તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૪.૧૩ વલણ માપદંડની યથાર્થતા :

કોઈપણ કસોટી જે લક્ષણ માપવા માટે બનાવવામાં આવી હોય તે જ લક્ષણનું ખરેખર માપન કરે અન્યનું નહીં ત્યારે તે યથાર્થ ગણી શકાય.

કસોટીની યથાર્થતા પ્રસ્થાપિત કરવા માટે ઘણી રીતો છે. તેમાંથી પ્રસ્તુત વલણમાપદંડની યથાર્થતા શોધવા માટે સહસામયિક યથાર્થતાની રીતની પસંદગી કરવામાં આવી હતી. સહસામયિક યથાર્થતા શોધવા માટે નવી કસોટી જેવી કોઈ જાણીતી અને સારા પ્રમાણમાં વપરાયેલી કસોટી ઉપલબ્ધ હોય તો એક જૂથની વ્યક્તિઓને બન્ને કસોટીઓ આપી તે ઉપરના પ્રાપ્તાંકો વચ્ચે સહસંબંધાંક શોધી શકાય. પ્રસ્તુત વલણમાપદંડની યથાર્થતા પણ આ રીતે અનુસરીને પ્રસ્થાપિત કરવામાં આવી હતી.

પ્રસ્તુત વલણમાપદંડની યથાર્થતા અન્ય પ્રમાણિત વલણમાપદંડ કસોટી સાથે સહસંબંધાંક શોધીને પ્રસ્થાપિત કરવામાં આવી હતી. તેની વિગત આ પ્રમાણે છે.

ડૉ. ચંદ્રમૌલી વી.જોષીની પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિ પ્રેરણા મૂલ્યો તથા શીખવવા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ. તેમાંથી પ્રાથમિક શાળાનાં શિક્ષકોનાં અધ્યાપન પ્રત્યેનાં વલણ – વલણમાપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ માટે ૧૦૦ પ્રાથમિક શિક્ષકોને જેમાં પિસ્તાલીસ પુરુષ શિક્ષકો અને પંચાવન સ્ત્રી શિક્ષકોનો પ્રયોજકે રચેલ લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપદંડ કસોટી પ્રથમ આપવામાં આવી અને પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. ત્યારબાદ ડૉ. ચંદ્રમૌલી વી. જોષીની વલણમાપદંડ કસોટી આપવામાં આવી હતી અને પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. કુલ ૧૦૦ પ્રાથમિકોને

પ્રયોજકે રચેલ વલણમાપદંડ ઉપર મેળવેલા પ્રાપ્તાંકો અને ડૉ. ચંદ્રમૌલી વી. જોષીના રચેલ વલણમાપદંડ ઉપર મેળવેલા પ્રાપ્તાંકો પરથી પરિબળ ગુણાકાર પદ્ધતિએ સહસંબંધાક શોધવામાં આવ્યો હતો. જેની માહિતી સારણી ૪.૧૬ માં દર્શાવવામાં આવેલ છે. આ કસોટીનો એક પ્રત પરિશિષ્ટ – ૮ માં આપવામાં આવેલ છે.

## સારણી – ૪.૧૬
## ડૉ. ચંદ્રમૌલિ વલણમાપદંડ સાથેના પ્રયોજક વલણમાપદંડના પ્રાપ્તાંકો

| | ડૉ. ચંદ્રમૌલી વલણમાપદંડ પ્રાપ્તાંકો | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પ્રાપ્તાંક વર્ગ | ૭૦-૭૪ | ૭૫-૭૯ | ૮૦-૮૪ | ૮૫-૮૯ | ૯૦-૯૪ | કુલ |
| પ્રયોજક વલણમાપદંડ પ્રાપ્તાંક | ૧૫૦-૧૫૪ | | | | ૦૧ | ૦૬ | ૦૭ |
| | ૧૪૫-૧૪૯ | | | | ૦૯ | ૦૭ | ૧૬ |
| | ૧૪૦-૧૪૪ | | | ૧૪ | ૨૪ | | ૩૮ |
| | ૧૩૫-૧૩૯ | | | ૨૬ | | | ૨૬ |
| | ૧૩૦-૧૩૪ | | ૦૮ | | | | ૦૮ |
| | ૧૨૫-૧૨૯ | ૦૫ | | | | | ૦૫ |
| | કુલ | ૦૫ | ૦૮ | ૪૦ | ૩૪ | ૧૩ | ૧૦૦ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૧૬ના અવલોકન પરથી જોઈ શકાય છે કે કુલ ૧૦૦ પાત્રોએ સહસામયિક યથાર્થતા કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા છે તેનો સહસંબંધાંક પરિબળ – ગુણાકાર પદ્ધતિએ ૦.૭૨ જોવા મળ્યો છે. બન્ને કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે જોવા મળેલો આ સહસંબંધાંક 0.01 કક્ષાએ સાર્થક છે. નિમાવત અભિપ્રાયવલિના પ્રાપ્તાંકોની માહિતી સારણી ૪.૧૭ માં દર્શાવવામાં આવેલ છે. તથા આ કસોટીની એક પ્રત પરિશિષ્ટ – ૯ માં આપેલ છે.

## સારણી – ૪.૧૭

## નિમાવત અભિપ્રાયવતિ અને પ્રયોજક વલણમાપદંડના પ્રાપ્તાંકો

| નિમાવત અભિપાયવલિના પ્રાપ્તાંકો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| *પ્રાપ્તાંક વર્ગ* | ૨૨૧-૨૨૫ | ૨૨૬-૨૩૦ | ૨૩૧-૨૩૫ | ૨૩૬-૨૪૦ | ૨૪૧-૨૪૫ | ૨૪૬-૨૫૦ | કુલ |
| ૧૫૦-૧૫૪ | | | | | ૦૬ | ૦૨ | ૦૮ |
| ૧૪૫-૧૪૯ | | | | ૦૧ | ૧૧ | | ૧૨ |
| ૧૪૦-૧૪૪ | | | ૦૧ | ૨૨ | ૦૪ | | ૨૭ |
| ૧૩૫-૧૩૯ | | | ૧૮ | ૧૭ | | | ૩૫ |
| ૧૩૦-૧૩૪ | | ૧૧ | | | | | ૧૧ |
| ૧૨૫-૧૨૯ | ૦૬ | ૦૧ | | | | | ૦૭ |
| કુલ | ૦૬ | ૧૨ | ૧૯ | ૪૦ | ૨૧ | ૦૨ | ૧૦૦ |

**સારણી ફલિતાર્થ :**

સારણી ૪.૧૭ના અવલોકનથી જોઈ શકાય છે કે કુલ ૧૦૦ પાત્રોએ સહસામયિક યથાર્થતા કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા છે તેનો સહસંબંધાંક પરિબળ – ગુણાકાર પદ્ધતિએ શોધેલ છે, જે ૦.૮૭ જોવા મળ્યો છે. બન્ને કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે જોવા મળેલો આ સહસંબંધાંક સારો સહસંબંધાંક છે અને ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

## ૪.૧૪ વલણ માપદંડની માર્ગદર્શિકા :

પ્રસ્તુત વલણમાપદંડનો ભાવિ ઉપયોગ કરનારાઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી સંશોધકે માર્ગદર્શિકા તૈયાર કરી હતી. જેમાં માપદંડનો સમય, માપદંડ આપવાની વિધિ, પ્રતિચારની રીત, ગુણાંકન, વિશ્વસનીયતા, યથાર્થતા વગેરેની માહિતી આપવામાં આવેલી છે. આ માર્ગદર્શિકાની એક નકલ પરિશિષ્ટ – ૧૦ માં મૂકેલી છે.

..✍

# પ્રકરણ - ૫
# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન


૫.૧ *ભૂમિકા*

૫.૨ અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓ

૫.૩ પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

૫.૪ શહેરી અને અર્ધશહેરી વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

૫.૫ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

૫.૬ અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

૫.૭ કુમાર અને કન્યાશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

૫.૮ કુમાર અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શાળાનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૯ કન્યા અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શાળાનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૦ સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૧ સવર્ણ અને એસ.સી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૨ સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૩ સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૪ એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૫ એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૬ એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૭ પરિણીત અન અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૮ શિક્ષિત અને અશિક્ષિત માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૧૯ શિક્ષત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૦ નોકરી અને ખેતી કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૧ નોકરી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૨ ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૩ શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૪ શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૫ પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને બી.એડ્.તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૬ પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૭ બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૮ પાંચ વર્ષથી ઓછા અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૨૯ પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૩૦ પાંચથી દશ વર્ષનો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૩૧ નિયમસરનો પગાર લેતાં અને નિયમ કરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

૫.૩૨ લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતાં અને લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

# પ્રકરણ - ૫
# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

## ૫.૧ ભૂમિકા

પ્રસ્તુત સંશોધનમાં સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણોનો તેમની જાતીયતા, વિસ્તાર, શાળાનો પ્રકાર, કુટુંબનો પ્રકાર, સામાજિક જૂથ, વૈવાહિક સ્થિતિ, માતા પિતાનો અભ્યાસ, પિતાનો વ્યવસાય, શિક્ષક માતાપિતાના સંતાન, બિન શિક્ષક માતાપિતાના સંતાન, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, પગારનું ધોરણ અને તજ્જ્ઞ તરીકેનું કાર્ય જેવા ચલોને ધ્યાનમાં રાખી અભ્યાસ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને કુલ ત્રીસ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણો જાણવા માટે પ્રયોજક રચિત લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

માહિતીનું એકત્રીકરણ કર્યા પછી ગુણાંકન યોજના પ્રમાણે કસોટીઓ તપાસવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન સરળ બને એ હેતુથી સમગ્ર પ્રાથમિક શિક્ષકોને વિવિધ જૂથમાં વિભાજિત કરવામાં આવ્યા હતા તે આ પ્રમાણે છે.

*જૂથો :*

૧. પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકો.
૨. શહેરી અને અર્ધશહેરી વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકો.
૩. શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકો.
૪. અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકો.
૫. કુમાર અને કન્યાશાળાનાં પ્રાથમિક શિક્ષકો.
૬. કુમાર અને મિશ્રશાળાનાં પ્રાથમિક શિક્ષકો.
૭. કન્યા અને મિશ્રશાળાનાં પ્રાથમિક શિક્ષકો.
૮. સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકો.

૯. સવર્ણ અને એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકો.
૧૦. સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકો.
૧૧. સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકો.
૧૨. એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકો.
૧૩. એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકો.
૧૪. એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકો.
૧૫. પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકો.
૧૬. શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાન પ્રાથમિક શિક્ષકો.
૧૭. શિક્ષિત અને અશિક્ષિત પિતાના સંતાન પ્રાથમિક શિક્ષકો.
૧૮. નોકરી અને ખેતી કરતા પિતાના સંતાન પ્રાથમિક શિક્ષકો.
૧૯. નોકરી અને અન્ય વ્યવસાય કરતા પિતાનાં સંતાન પ્રાથમિક શિક્ષકો.
૨૦. ખેતી અને અન્ય વ્યવસાય કરતા પિતાનાં સંતાન શિક્ષકો.
૨૧. શિક્ષક અને બિનશિક્ષક પિતાના સંતાન શિક્ષકો.
૨૨. શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાન શિક્ષકો.
૨૩. પી.ટી.સી. અને બી.એડ્. થયેલાં પ્રાથમિક શિક્ષકો.
૨૪. પી.ટી.સી. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકો.
૨૫. બી.એડ્. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકો.
૨૬. પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો.
૨૭. પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો.
૨૮. પાંચથી દશ વર્ષનો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો.
૨૯. નિયમસરનો અને નિયમ કરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકો.
૩૦. લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતાં અને લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતાં પ્રાથમિક શિક્ષકો.

## ૫.૨ આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ :

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્કલ્પનાના સંદર્ભમાં માહિતીના પૃથક્કરણ માટે સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–ગુણોત્તર પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૫.૩ પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સાત જિલ્લાઓની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓનાં નોકરી કરતાં અને નિર્દેશમાં સમાવિષ્ટ ૨૨૧૩ પુરુષ શિક્ષકો અને ૧૬૧૨ સ્ત્રી શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧
### પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સંખ્યા, સરાસરી પ્રમાણ વિચલન સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ | ૨૨૧૩ | ૧૨૮.૧૩ | ૧૬.૦૩ | ૬.૯૮ | ૧૫.૨૭** |
| ૨. | સ્ત્રી | ૧૬૧૨ | ૧૩૫.૧૨ | ૧૨.૨૫ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧ નું અવલોકન દર્શાવે છે કે પુરુષ અને સ્ત્રી શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૧૫.૨૭ જોવા મળ્યું છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે પુરુષો કરતાં સ્ત્રી શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૪ શહેરી અને અર્ધશહેરી વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણાંકો

નમૂનામાં સમાવિષ્ટ ૧૬૮૨ શહેરી અને ૧૧૪૩ અર્ધશહેરી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અર્થઘટન સારણી – ૫.૨ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨
### શહેરી અને અર્ધશહેરી વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૮૨ | ૧૩૫.૮૨ | ૧૨.૦૭ | ૬.૦૫ | ૧૦.૮૯** |
| ૨. | અર્ધ શહેરી | ૧૧૪૩ | ૧૨૯.૭૬ | ૧૫.૯૫ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨ નું અવલોકન દર્શાવે છે કે શહેરી અને અર્ધશહેરી વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૧૦.૮૯ જોવા મળ્યું છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે અર્ધશહેરી કરતાં શહેરી વિસ્તારના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૫ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નમૂનામાં સમાવિષ્ટ શહેરી વિસ્તારના ૧૬૮૨ અને ગ્રામીણ વિસ્તારનાં ૧૦૦૦ પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા. તેની માહિતી અને અર્થઘટન સારણી – ૫.૩ માં દર્શાવવામા આવેલ છે.

### સારણી – ૫.૩
### શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૮૨ | ૧૩૫.૮૨ | ૧૨.૦૭ | ૧૧.૨૧ | ૧૯.૬૭** |
| ૨. | ગ્રામીણ | ૧૦૦૦ | ૧૨૪.૬૧ | ૧૫.૪૨ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે

*સારણી ફલિતાર્થ :*

સારણી ૪.૩ નું અવલોકન દર્શાવે છે કે શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૧૯.૬૭ જોવા મળે છે જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે ગ્રામીણ કરતાં શહેરી વિસ્તારનાં શિક્ષકોનું અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૬ અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નમૂનામાં સમાવિષ્ટ અર્ધશહેરી વિસ્તારનાં ૧૧૪૩ અને ગ્રામીણ વિસ્તારનાં ૧૦૦૦ પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી – ૫.૪ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી ૫.૪
### અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | અર્ધશહેરી | ૧૧૪૩ | ૧૨૯.૭૬ | ૧૫.૯૫ | ૫.૧૫ | ૭.૫૯ ** |
| ૨. | ગ્રામીણ | ૧૦૦૦ | ૧૨૪.૬૧ | ૧૫.૪૨ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૪ નું અવલોકન દર્શાવે છે કે અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતોની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૭.૫૯ જોવા મળે છે જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે ગ્રામીણ કરતા અર્ધશહેરી વિસ્તારનાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૭ કુમાર અને કન્યાશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણાંકો

નમૂનામાં સમાવિષ્ટ કુમાર શાળાનાં ૧૩૦૧ અને કન્યાશાળાનાં ૧૨૭૭ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૫ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૫
### કુમાર અને કન્યાશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | કુમારશાળા | ૧૩૦૧ | ૧૩૩.૪૬ | ૧૫.૪૭ | ૨.૫૦ | ૪.૧૧ ** |
| ૨. | કન્યાશાળા | ૧૨૭૭ | ૧૩૦.૯૬ | ૧૫.૩૭ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૫ નું અવલોકન દર્શાવે છે કે કુમારશાળાના અને કન્યાશાળામા શિક્ષકોનાં  લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૪.૧૧ જોવા મળે છે જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે કન્યાશાળાના શિક્ષકો કરતાં કુમાર શાળાના શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૮ કુમાર અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષાં પ્રત્યેના વલણાંકો

નમૂનામાં સમાવિષ્ટ કુમાર શાળાના ૧૩૦૧ અને મિશ્રશાળામાં ૧૨૪૭ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમા જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી સારણી ૫.૬ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૬
### કુમાર અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | કુમાર શાળા | ૧૩૦૧ | ૧૩૩.૪૬ | ૧૫.૪૭ | ૪.૭૪ | ૮.૨૪** |
| ૨. | મિશ્રશાળા | ૧૨૪૭ | ૧૨૮.૭૨ | ૧૩.૫૨ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૬ નું અવલોકન દર્શાવે છે કે કુમારશાળાનાં અને મિશ્રશાળામાં કામ કરતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષાઃ પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૮.૨૪ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે મિશ્રશાળા કરતાં કુમારશાળાનાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૯ કન્યા અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શાળાનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નમૂનામાં સમાવિષ્ટ કન્યાશાળામાં ૧૨૭૭ શિક્ષકો અને મિશ્રશાળાનાં ૧૨૪૭ પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી સારણી – ૫.૭ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૭
### કન્યા અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીના તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | કન્યાશાળા | ૧૨૭૭ | ૧૩૦.૯૬ | ૧૫.૩૭ | ૨.૨૪ | ૩.૮૯** |
| ૨. | મિશ્રશાળા | ૧૨૪૭ | ૧૨૮.૭૨ | ૧૩.૫૨ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ*

સારણી ૫.૭ નું અવલોકન દર્શાવે છે કે કન્યાશાળાના અને મિશ્રશાળાનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૩.૮૯ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે મિશ્રશાળા કરતા કન્યાશાળાનાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કથા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૧૦ સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શનમાં સમાવિષ્ટ સંયુક્ત કુટુંબમાં રહેતાં ૨૧૨૪ અને વિભક્ત કુટુંબમાં રહેતા ૧૭૦૧ પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૮ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૮
### સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–મૂલ્ય

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | ટી–ગુણોત્તર |
|---|---|---|---|---|---|---|
| ૧. | સયુંક્ત કુટુંબ | ૨૧૨૪ | ૧૩૩.૨૦ | ૧૪.૫૩ | ૪.૭૭ | ૯.૮૯** |
| ૨. | વિભક્ત કુટુંબ | ૧૭૦૧ | ૧૨૮.૪૩ | ૧૫.૦૬ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ*

સારણી ૫.૮ નું અવલોકન દર્શાવે છે કે સંયુક્ત કુટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૯.૮૯ જોવા મળે છે જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે વિભક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકો કરતાં સંયુક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૧૧ સવર્ણ અને એસ.સી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

નિદર્શમાં સમાવિષ્ટ ૨૦૮૬ સવર્ણ અને ૪૧૧ એસ.સી. પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી – ૫.૯ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૯
### સવર્ણ અને એસ.સી. પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોતર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | સવર્ણ શિક્ષકો | ૨૦૮૬ | ૧૨૮.૨૮ | ૧૫.૭૦ | ૯.૨૨ | ૧૫.૨૮** |
| ૨. | એસ.સી. શિક્ષકો | ૪૧૧ | ૧૩૭.૫૦ | ૧૦.૦૬ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૯ નું અવલોકન દર્શાવે છે કે સવર્ણ બને એસ.સી. શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૧૫.૨૮ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે સવર્ણ કરતાં એસ.સી. શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૧૨ સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૨૦૮૬ સવર્ણ અને ૧૭૦ એસ.ટી. પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧૦ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧૦
### સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિનાં પ્રાપ્તાંકો શિક્ષકોની સંખ્યા સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીને તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોતર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | સવર્ણ શિક્ષકો | ૨૦૮૬ | ૧૨૮.૨૮ | ૧૫.૭૦ | ૯.૯૩ | ૧૩.૯૦** |
| ૨. | એસ.ટી. શિક્ષકો | ૧૭૦ | ૧૩૮.૨૧ | ૮.૧૦ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૦ નું અવલોકન દર્શાવે છે કે સવર્ણ અને એસ.ટી જ્ઞાતિના શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૧૩.૯૦ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે સવર્ણ કરતાં એસ.ટી. જ્ઞાતિના શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૧૩ સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૨૦૮૬ સવર્ણ અને ૧૧૫૯ બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧૧ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧૧
### સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોતર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | સવર્ણ શિક્ષકો | ૨૦૮૬ | ૧૨૮.૨૮ | ૧૫.૭૦ | ૪.૫૨ | ૮.૨૬** |
| ૨. | બક્ષીપંચમા સમાવિષ્ટ શિક્ષક | ૧૧.૫૮ | ૧૩૨.૮૦ | ૧૪.૪૯ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૧ નું અવલોકન દર્શાવે છે કે સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૮.૨૬ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે સવર્ણ કરતાં બક્ષીપંચ શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૧૪ એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિર્દશમાં સમાવિષ્ટ ૪૧૧ એસ.સી. અને ૧૭૦ એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧૨ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧૨
### એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિના શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | ટી–ગુણોતર |
|---|---|---|---|---|---|---|
| ૧. | એસ.સી. શિક્ષકો | ૪૧૧ | ૧૩૭.૫૦ | ૧૦.૦૬ | ૦.૭૧ | ૦.૮૯ |
| ૨. | એસ.ટી. શિક્ષકો | ૧૭૦ | ૧૩૮.૨૧ | ૮.૧૦ | | |

કોઈ કક્ષાએ સાર્થક નથી.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૨ નું અવલોકન દર્શાવે છે કે એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિમાં સમાવિષ્ટ શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૦.૮૯ જોવા મળે છે. જે કોઈ કક્ષાએ સાર્થક નથી.

આથી કહી શકાય કે એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિનાં સમાવિષ્ટ શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સરખું છે.

## ૫.૧૫ એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નમૂનામાં સમાવિષ્ટ ૪૧૧ એસ.સી. અને ૧૧૫૯ બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષાઃ વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી સારણી ૫.૧૩ માં દર્શાવવામાં આવેલી છે.

### સારણી – ૫.૧૩
### એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | ટી–ગુણોતર |
|---|---|---|---|---|---|---|
| ૧. | એસ.સી. શિક્ષકો | ૪૧૧ | ૧૩૭.૫૦ | ૧૦.૦૬ | ૪.૭૦ | ૭.૧૯** |
| ૨. | બક્ષીપંચ શિક્ષકો | ૧૧૫૯ | ૧૩૨.૮૦ | ૧૪.૪૯ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૩ નું અવલોકન દર્શાવે છે કે એસ.સી. શિક્ષકો અને બક્ષીપંચમાં સમાવિષ્ટ શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૭.૧૯ જોવા મળે છે. જે. ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે બક્ષીપંચમાં સમાવિષ્ટ શિક્ષકો કરતાં એસ.સી. શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૧૬ એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિર્દેશમાં સમાવિષ્ટ ૧૭૦ એસ.ટી. અને ૧૧૫૯ બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧૪ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧૪
### એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોતર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | એસ.સી. શિક્ષકો | ૧૭૦ | ૧૩૮.૨૧ | ૮.૧૦ | ૫.૪૧ | ૭.૧૮** |
| ૨. | બક્ષીપંચ શિક્ષકો | ૧૧૫૯ | ૧૩૨.૮૦ | ૧૪.૪૯ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૪ નું અવલોકન દર્શાવે છે કે એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૭.૧૮ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે બક્ષીપંચના શિક્ષકો કરતાં એસ.ટી. શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૧૭ પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૨૩૪૩ પરિણીત અને ૧૪૮૨ અપરિણીત પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી અને અર્થઘટન સારણી – ૫.૧૫ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧૫
### પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણક વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોતર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | પરિણીત શિક્ષકો | ૨૩૪૩ | ૧૩૦.૮૪ | ૧૬.૩૫ | ૦.૬૨ | ૧.૩૩ |
| ૨. | અપરિણીત શિક્ષકો | ૧૪૮૨ | ૧૩૧.૪૬ | ૧૨.૪૩ | | |

કોઈ કક્ષાએ સાર્થક નથી.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૫ નું અવલોકન દર્શાવે છે, કે પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું ટી–મૂલ્ય ૧.૩૩ જોવા મળ્યું છે જે કોઈ કક્ષાએ સાર્થક નથી.

આથી કહી શકાય કે પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સમાન છે.

## ૫.૧૮ શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૧૪૩૦ શિક્ષિત અને ૨૩૯૫ અશિક્ષિત માતાના સંતાન એવા પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧૬ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી ૫.૧૬
### શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | શિક્ષિત માતાના સંતાન | ૧૪૩૦ | ૧૩૩.૯૪ | ૧૨.૭૨ | ૪.૫૭ | ૯.૭૮** |
| ૨. | અશિક્ષિત માતાના સંતાન | ૨૩૯૫ | ૧૨૯.૩૭ | ૧૫.૯૦ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૬ નું અવલોકન દર્શાવે છે કે શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાન એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું ટી–મૂલ્ય ૯.૭૮જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે અશિક્ષિત માતાના સંતાન એવા શિક્ષકો કરતાં શિક્ષિત માતાના સંતાન એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૧૯ શિક્ષિત અને અશિક્ષિત પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૨૩૪૬ શિક્ષિત અને ૧૪૭૯ અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧૭ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧૭
### શિક્ષિત અને અશિક્ષિત પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીની તફાવત અને ટી–ગુણોત્તર

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | ટી–ગુણોત્તર |
|---|---|---|---|---|---|---|
| ૧. | શિક્ષિત પિતાના સંતાનો | ૨૩૪૬ | ૧૩૦.૦૪ | ૧૬.૨૧ | ૨.૬૭ | ૫.૭૧** |
| ૨. | અશિક્ષિત પિતાના સંતાનો | ૧૪૭૯ | ૧૩૨.૭૧ | ૧૨.૫૫ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૭ નું અવલોકન દર્શાવે છે કે શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાન એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૫.૭૧ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે શિક્ષિત કરતાં અશિક્ષિત પિતાના સંતાન એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૨૦ નોકરી અને ખેતી કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણાંકો.

નિર્દેશમાં સમાવિષ્ટ ૧૧૦૩ નોકરી કરતાં અને ૧૬૫૧ ખેતી કરતા પિતાનાં સંતાન એવા પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧૮ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧૮
### નોકરી કરતાં અને ખેતી કરતા પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | નોકરી કરતાં પિતાના સંતાનો | ૧૧૦૩ | ૧૩૨.૧૬ | ૧૨.૯૯ | ૦.૪૬ | ૦.૮૩ |
| ૨. | ખેતી કરતા પિતાના સંતાનો | ૧૬૫૧ | ૧૩૧.૭૦ | ૧૬.૧૬ | | |

કોઈ કક્ષાએ સાર્થક નથી.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૮ નું અવલોકન દર્શાવે છે કે નોકરી કરતા અને ખેતી કરતા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરોરાશકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૦.૮૩ જોવા મળ્યું છે. જે કોઈ કક્ષાએ સાર્થક નથી.

આથી કહી શકાય કે નોકરી કરતા અને ખેતી કરતા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સમાન છે.

## ૫.૨૧ નોકરી અને અન્ય વ્યવસાય કરતા પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૧૧૦૩ નોકરી કરતાં અને ૧૦૭૧ અન્ય વ્યવસાય કરતાં પિતાનાં સંતાન એવા પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા. તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૧૯ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૧૯
### નોકરી કરતા અને અન્ય વ્યવસાય કરતા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | નોકરી કરતા પિતાના સંતાન | ૧૧૦૩ | ૧૩૨.૧૬ | ૧૨.૯૯ | ૩.૧૭ | ૫.૩૨** |
| ૨. | અન્ય વ્યવસાય કરતાં પિતાના સંતાન | ૧૦૭૧ | ૧૨૮.૯૯ | ૧૪.૭૧ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૧૯ નું અવલોકન દર્શાવે છે કે નોકરી કરતા અને અન્ય વ્યવસાય કરતા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૫.૩૨ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે અન્ય વ્યવસાય કરતા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં નોકરી કરતા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૨૨ ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૧૬૫૧ ખેતી કરનાર અને ૧૦૭૧ અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૨૦ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨૦
### ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનો સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | ખેતી કરનાર પિતાના સંતાનો | ૧૬૫૧ | ૧૩૧.૭૦ | ૧૬.૧૬ | ૨.૭૧ | ૪.૫૨** |
| ૨. | અન્ય વ્યવસાય કરતાં પિતાના સંતાનો | ૧૦૭૧ | ૧૨૮.૯૯ | ૧૪.૭૧ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૦ નું અવલોકન દર્શાવે છે કે ખેતી કરનાર અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું ટી–મૂલ્ય ૪.૫૨ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે અન્ય વ્યવસાય કરનારા પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં ખેતી કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૨૩ શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

નિદર્શમાં સમાવિષ્ટ ૧૪૮૫ શિક્ષક પિતાનાં અને ૨૩૪૦ બિનશિક્ષક પિતાનાં સંતાન એવા પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી – ૫.૨૧ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨૧
### શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ – વિચલન, સરાસરીના તફાવત અને ટી–ગુણોત્તર

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | ટી–ગુણોત્તર |
|---|---|---|---|---|---|---|
| ૧. | શિક્ષક પિતાના સંતાનો | ૧૪૮૫ | ૧૨૮.૭૯ | ૧૫.૫૨ | ૩.૭૩ | ૭.૪૫** |
| ૨. | બિનશિક્ષક પિતાના સંતાન | ૨૩૪૦ | ૧૩૨.૫૩ | ૧૪.૪૦ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૧ નું અવલોકન દર્શાવે છે કે શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૭.૪૫ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથીકહી શકાય કે બિન શિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ શિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતા વધારે સારું છે.

## ૫.૨૪ શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૧૮૨૩ શિક્ષક માતાનાં ૨૦૦૨ બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૨૨ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨૨
### શિક્ષક અને બિન શિક્ષક માતાના સંતાન એવા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | શિક્ષક માતાના સંતાનો | ૧૮૨૩ | ૧૩૦.૬૧ | ૧૪.૮૫ | ૦.૮૩ | ૧.૮૩** |
| ૨. | બિન શિક્ષક માતાના સંતાનો | ૨૦૦૨ | ૧૩૧.૫૦ | ૧૫.૦૪ | | |

કોઈ કક્ષાએ સાર્થક નથી.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૨ નું અવલોકન દર્શાવે છે કે શિક્ષક માતા અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૧.૮૩ જોવા મળ્યું છે. જે કોઈ કક્ષાએ સાર્થક નથી.

આથી કહી શકાય કે શિક્ષક માતા અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સમાન છે.

## ૫.૨૫ પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૩૬૯૬ પી.ટી.સી. તરીકેની અને ૭૩ બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૨૩ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨૩
### પી.ટી.સી. તરીકેની અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ–વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | પી.ટી.સી. શિક્ષક | ૩૬૯૬ | ૧૩૦.૮૬ | ૧૫.૦૨ | ૮.૩૪ | ૭.૪૮** |
| ૨. | બી.એડ્. શિક્ષક | ૭૩ | ૧૩૯.૨૦ | ૯.૨૯ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૩ નું અવલોકન દર્શાવે છે કે પી.ટી.સી. અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૭.૪૮ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે પી.ટી.સી. કરતા બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૨૬ પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નિદર્શમાં સમાવિષ્ટ ૩૬૯૬ પી.ટી.સી. તરીકેની અને ૫૬ અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેન માહિતી અને અર્થઘટન સારણી ૫.૨૪ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨૪
### પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | ટી–ગુણોત્તર |
|---|---|---|---|---|---|---|
| ૧. | પી.ટી.સી. | ૩૬૯૬ | ૧૩૦.૮૬ | ૧૫.૦૨ | ૩.૭૪ | ૨.૧૪* |
| ૨. | અન્ય | ૫૬ | ૧૩૪.૬૧ | ૧૨.૯૯ | | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૪ નું અવલોકન દર્શાવે છે કે પી.ટી.સી. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૨.૧૪ જોવા મળે છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે પી.ટી.સી. કરતાં અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોનું લઘુત અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૨૭ બી.એડ્. તરીકેની અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

નિર્દેશમાં સમાવિષ્ટ ૭૩ બી.એડ્. તરીકેની અને ૫૬ અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી – ૫.૨૫ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨૫
### બી.એડ્. તરીકેની અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | બી.એડ્. | ૭૩ | ૧૩૯.૨૦ | ૯.૨૯ | ૪.૫૯ | ૨.૨૪* |
| ૨. | અન્ય | ૫૬ | ૧૩૪.૬૧ | ૧૨.૯૯ | | |

*૦.૦૫ કક્ષાસે સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૫ નું અવલોકન દર્શાવે છે કે અન્ય તરીકેની અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૨.૨૪ જોવા મળે છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકો કરતાં બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૨૮ પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

નિર્દેશમાં સમાવિષ્ટ ૯૧૭ પાંચ વર્ષથી ઓછો અને ૧૩૨૩ પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૨૬ માં દર્શાવવામાં આવી છે.

### સારણી – ૫.૨૬
### પાંચ વર્ષથી ઓછો અને પાંચ થી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | પાંચ વર્ષથી ઓછો | ૯૧૭ | ૧૩૩.૧૭ | ૧૨.૪૫ | ૧.૩૪ | ૨.૫૪* |
| ૨. | પાંચ થી દશ વર્ષ | ૧૩૨૩ | ૧૩૪.૫૦ | ૧૧.૯૦ | | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી – ૫.૨૬ નું અવલોકન દર્શાવે છે કે પાંચ વર્ષથી ઓછો અને પાંચ થી દશ સુધીનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૨.૫૪ જોવા મળે છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે પાંચ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો કરતાં પાંચથી દશ વર્ષ સુધીનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

### ૫.૨૯ પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવનારાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

નમૂનામાં સમાવિષ્ટ ૯૧૭ પાંચ વર્ષથી ઓછો અને ૧૫૮૫ દશ વર્ષથી વધુ અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોએ લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમા જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૨૭ માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૫.૨૭
## પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | ટી–ગુણોત્તર |
|---|---|---|---|---|---|---|
| ૧. | પાંચ વર્ષથી ઓછો | ૯૧૭ | ૧૩૩.૧૭ | ૧૨.૪૫ | ૬.૧૬ | ૧૦.૨૬** |
| ૨. | દશ વર્ષથી વધુ | ૧૫૮૫ | ૧૨૭.૦૧ | ૧૭.૪૦ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૭ નું અવલોકન દર્શાવે છે કે પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકરણ માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૧૦.૨૬ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો કરતાં પાંચ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૩૦ પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

નમૂનામાં સમાવિષ્ટ ૧૩૨૩ પાંચથી દશ વર્ષ અને ૧૫૮૫ દશથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા ફ વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતાં તેની માહિતી અન્ય અર્થઘટન સારણી ૫.૨૮ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨૮
### પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | પાંચ થી દશ વર્ષ | ૧૩૨૩ | ૧૩૪.૫૦ | ૧૧.૮૦ | ૭.૪૯ | ૧૩.૭૨** |
| ૨. | દશ થી વધુ | ૧૫૮૫ | ૧૨૭.૦૧ | ૧૭.૪૦ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૮ નું અવલોકન દર્શાવે છે કે પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૧૩.૭૨ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો કરતાં પાંચથી દશ વર્ષથી શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૩૧ નિયમસરનો પગાર લેતાં અને નિયમ કરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

નિદર્શમાં સમાવિષ્ટ નિયમસરનો પગાર લેતાં ૩૦૨૦ અને ૮૦૫ નિયમકરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી – ૫.૨૯ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૨૯
### નિયમસરનો પગાર લેતાં અને નિયમ કરતાં ઓછો પગાર લેતા શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | નિયમસરનો પગાર લેતા | ૩૦૨૦ | ૧૩૦.૭૧ | ૧૫.૫૯ | ૧.૭૩ | ૩.૩૬** |
| ૨. | નિયમ કરતાં ઓછો પગાર | ૮૦૫ | ૧૩૨.૪૪ | ૧૨.૧૯ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ :*

સારણી ૫.૨૯ નું અવલોકન દર્શાવે છે કે નિયમસરનો પગાર લેતા અને નિયમ કરતાં ઓછો પગાર લેતા શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૩.૩૬ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે નિયમ સરનો પગાર લેતા શિક્ષકો  કરતાં નિયમ કરતાં ઓછો પગાર લેતાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૫.૩૨ લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા અને તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો.

નિર્દેશમાં સમાવિષ્ટ ૨૩૪ તજ્જ્ઞ તરીકેની અને ૩૫૯૧ તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા : વલણમાપદંડ કસોટીમાં જે પ્રાપ્તાંકો મેળવ્યા હતા તેની માહિતી અને અર્થઘટન સારણી ૫.૩૦ માં દર્શાવવામાં આવેલ છે.

### સારણી – ૫.૩૦
### લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા અને તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* | *સરાસરીનો તફાવત* | *ટી–ગુણોત્તર* |
|---|---|---|---|---|---|---|
| ૧. | તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતાં | ૨૩૪ | ૧૩૩.૨૮ | ૯.૬૨ | ૨.૩૪ | ૩.૪૬** |
| ૨. | તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા | ૩૫૯૧ | ૧૩૦.૯૩ | ૧૫.૨૩ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

*સારણી ફલિતાર્થ*

સારણી ૫.૩૦ નું અવલોકન દર્શાવે છે કે તજ્જ્ઞ તરીકેની અને તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૩.૪૬ જોવા મળે છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

આથી કહી શકાય કે તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતાં શિક્ષકો કરતાં તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

આમ, આ પ્રકરણમાં માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટનની વિગતો ક્રમશ : રજૂ કરવામાં આવી.

પૃથક્કરણ અને અર્થઘટનના આધારે જે પરિણામો પ્રાપ્ત થયા હતાં તેનો સારાંશ, તારણો, ફલિતાર્થો અને તેને આધારે કરવામાં આવેલી ભાવિ સંશોધન માટેની ભલામણો પ્રસ્તુત અભ્યાસના પ્રકરણ – ૬ માં દર્શાવવામાં આવેલ છે.

..✍

# પ્રકરણ - ૬
# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભલામણો


૬.૧ સારાંશ

૬.૨ તારણો

૬.૩ ફલિતાર્થો

૬.૪ ભલામણો

# પ્રકરણ - ૬
# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભલામણો

## ૬.૧ સારાંશ

પ્રયોજક પોતાના સંશોધન કાર્ય માટે જે સમસ્યા પસંદ કરી હતી તે આ પ્રમાણે છે.

**"પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ"**

આ અભ્યાસ કાર્યના જે હેતુઓ રાખવામાં આવ્યા હતા તે આ પ્રમાણે છે :

૧. સૌરાષ્ટ્ર વિસ્તારની પ્રાથમિક શાળાઓનાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો જાણવા માટે ગુજરાતી ભાષામાં વલણમાપદંડની રચના કરી તેનું પ્રમાણીકરણ કરવું.

૨. સૌરાષ્ટ્ર વિસ્તારના પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૩. શહેરી અને અર્ધશહેરી વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૪. શહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૫. અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૬. કુમાર પ્રાથમિક શાળા અને કન્યા પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૭. કુમાર પ્રાથમિક શાળા અને મિશ્ર પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રૃત્યેનાં વલણોનાં અભ્યાસ કરવો.

૮. કન્યા પ્રાથમિક શાળા અને મિશ્ર પ્રાથમિક શાળાઓમાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૯. સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણોની તુલના કરવી.

૧૦. સવર્ણ અને એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો તપાસવા.

૧૧. સવર્ણ અને એસ.ટી જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૧૨. સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૩. એસ.સી અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો તપાસવા.

૧૪. એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૧૫. એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૬. પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૭. શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૮. શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૧૯. નોકરી અને ખેતી કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૦. નોકરી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૧. ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૨. શિક્ષક અને બિન શિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૩. શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૪. પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શક્ષિકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

૨૫. પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૬. બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૭. પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૮. પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૨૯. પાંચથી દશ વર્ષનો અને દશથી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૩૦. નિયમસરનો પગાર લેતા અને નિયમ કરતાં ઓછો પગાર લેતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોની તુલના કરવી.

૩૧. લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા અને લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

પ્રયોજકે પોતાના અભ્યાસકાર્ય માટે ત્રીસ ઉત્કલ્પનાઓની રચના કરી હતી. આ અભ્યાસ કાર્યમાં માહિતીની એકત્રીકરણ માટે જે ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેની માહિતી આ પ્રમાણે છે.

*સ્વરચિત "વલણમાપદંડ કસોટી" :*

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં સૌરાષ્ટ્ર વિસ્તારના સાત જિલ્લાઓમાં આવેલી સરકાર માન્ય જિલ્લા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં સને ૨૦૦૦ થી ૨૦૦૧ના શૈક્ષણિક વર્ષ દરમિયાન નોકરી કરતાં પ્રાથમિક શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૨૧૧૭ પુરુષ અને ૧૬૦૮૮ સ્ત્રી પ્રાથમિક શિક્ષકો મળીને કુલ ૩૮૨૦૫ શિક્ષકોમાંથી દશ ટકા નમૂના નક્કી કરતાં ૨૨૧૩ પુરુષ શિક્ષકો અને ૧૬૧૨ સ્ત્રી શિક્ષકો મળી કુલ ૩૮૨૫ શિક્ષકોને સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા પદ્ધતિએ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

કસોટીઓ લીધા બાદ પ્રયોજકે તૈયાર કરેલ ગુણાંકન યોજના પ્રમાણે બધી કસોટીઓ તપાસવામાં આવી હતી. ત્યારબાદ ઉત્કલ્પનાઓના સંદર્ભમાં પૃથક્કરણ કરી પરિણામો મેળવવામાં આવ્યાં હતાં. પૃથક્કરણ માટે સરાસરી, પ્રમાણ વિચલન,

સરાસરીનો તફાવત અને ટી–ગુણોત્તર જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૬.૨ તારણો

પ્રસ્તુત અભ્યાસ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો જાણવા માટેનો હતો.

આ અભ્યાસના અંતે જે પરિણામો જોવા મળ્યાં હતાં તેની વિગતવાર માહિતી પ્રકરણ–૫માં આપેલ છે. અહીં તેને આધારે તારવવામાં આવેલા તારણો ક્રમશઃ રજૂ કરેલ છે.

૧. પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં પુરૂષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૧ "પુરૂષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૨. શહેરી અને અર્ધ શહેરી વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં અર્ધશહેરી કરતાં શહેરી વિસ્તારના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૨ "શહેરી અને અર્ધશહેરી વિસ્તારનાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૩. શહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં ગ્રામીણ

કરતા શહેરી વિસ્તારના શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૩ "શહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૪. અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘતુમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં ગ્રામીણ કરતાં અર્ધશહેરી વિસ્તારના શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૪ "અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવ્યો છે.

૫. કુમાર અને કન્યાશાળામાં કામ કરતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં કન્યાશાળાના શિક્ષકો કરતાં કુમારશાળાના શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૫ "કુમાર અને કન્યા પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૬. કુમાર અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં મિશ્રશાળામાં કામ કરતાં શિક્ષકો કરતાં કુમાર શાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૬ "કુમાર અને મિશ્ર પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવે છે.

૭. કન્યા અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં મિશ્રશાળા કરતાં કન્યાશાળાના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૭ "કન્યા અને મિશ્ર પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૮. સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં વિભક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકો કરતાં સંયુક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક–૮ "સયુંક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવ્યો છે.

૯. સવર્ણ અને એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં સવર્ણ કરતાં એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૯ "સવર્ણ અને એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનાં લધતુમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૧૦. સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં સવર્ણ કરતા એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારુ છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૧૦ "સવર્ણ અને**

**એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય''** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૧૧. સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં સવર્ણ કરતાં બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૧૧ ''સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય''** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૧૨. એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી. અહીં એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સમાન છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૧૨ ''એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય''** નો અસ્વીકાર કરવામાં આવેલ નથી.

૧૩. એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં બક્ષીપંચમાં સમાવિષ્ટ શિક્ષકો કરતાં એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલપના **ક્રમાંક – ૧૩ ''એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય''** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૧૪. એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. અહીં

બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકો કરતાં એસ.ટી. શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૧૪ "એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવે છે.

૧૫. પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી. અહીં પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સમાન છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલપના **ક્રમાંક – ૧૫ "પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલો નથી.

૧૬. શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં શિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું જોવા મળે છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૧૬ "શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૧૭. શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં શિક્ષિત કરતાં અશિક્ષિત પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક–૧૭ "શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા**

**પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવે છે.

૧૮. નોકરી કરતાં અને ખેતી કરતાં પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. અહીં નોકરી કરતા અને ખેતી કરતાં પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સરખું છે. આથી પ્રસ્તુત અભ્યાસની **ઉત્કલ્પના ક્રમાંક – ૧૮ "નોકરી અને ખેતી કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

૧૯. નોકરી કરતાં અને અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં અન્ય વ્યવસાય કરતા પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં નોકરી કરતા પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની **ઉત્કલ્પના ક્રમાંક – ૧૯ "નોકરી અને અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૨૦. ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતા ખેતી કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્**પના ક્રમાંક – ૨૦ "ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવ્યો છે.

૨૧. શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ શિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૨૧ "શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૨૨. શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં શિક્ષક માતા અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સમાન છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૨૨ "શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

૨૩. પી.ટી.સી. તરીકેની અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં પી.ટી.સી. કરતાં બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૨૩ "પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવે છે.

૨૪. પી.ટી.સી. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ

છે. અહીં પી.ટી.સી. કરતાં અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૨૪ "પી.ટી.સી. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૨૫. બી.એડ્. તરીકેની અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકો કરતાં બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૨૫ "બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૨૬. પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતાં શિક્ષકો કરતાં પાંચથી દશ વર્ષ સુધીનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના **ક્રમાંક – ૨૬ "પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૨૭. પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં

પ્રાથમિક શિક્ષકો કરતાં પાંચ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના ક્રમાંક – ૨૭ **"પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૨૮. પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો કરતાં પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના ક્રમાંક – ૨૮ **"પાંચથી દશ વર્ષનો અને દશ વર્ષથી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

૨૯. નિયમસરનો પગાર લેતાં અને નિયમ કરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં નિયમસરનો પગાર લેતાં શિક્ષકો કરતાં નિયમ કરતાં ઓછો પગાર લેતાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના ક્રમાંક – ૨૯ **"નિયમસરનો પગાર લેતા અને નિયમ કરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવ્યો છે.

૩૦. લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતાં અને તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો

વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકો કરતાં તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે. આથી પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના ક્રમાંક – ૩૦ **"લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતાં અને લઘુતમ અધ્યયન કક્ષા તરીકેની ફરજ ના બજાવતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય"** નો અસ્વીકાર કરવામાં આવેલ છે.

## ૬.૩ ફલિતાર્થ :

પ્રસ્તુત અભ્યાસના ફલિતાર્થો આ પ્રમાણે છે.

૧. પુરુષ અને સ્ત્રી પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં પુરૂષ શિક્ષક કરતાં સ્ત્રી શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨. શહેરી અને અર્ધ શહેરી વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં અર્ધશહેરી કરતાં શહેરી વિસ્તારના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૩. શહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં ગ્રામીણ કરતા શહેરી વિસ્તારના શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૪. અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના લધતુમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં ગ્રામીણ કરતાં અર્ધશહેરી વિસ્તારના શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૫. કુમાર અને કન્યાશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં કન્યાશાળાના શિક્ષકો કરતાં કુમાર શાળાના શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૬. કુમાર અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં મિશ્રશાળામાં કામ કરતાં શિક્ષકો કરતાં કુમાર શાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૭. કન્યા અને મિશ્રશાળામાં કામ કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં મિશ્રશાળા કરતાં કન્યાશાળાના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૮. સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં પ્રાથમિક શિક્ષકોનાં લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં વિભક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકો કરતાં સંયુક્ત કુટુંબમાં રહેતા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૯. સવર્ણ અને એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. અહીં સવર્ણ કરતાં એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૧૦. સવર્ણ અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. અહીં સવર્ણ કરતા એસ.ટી. જ્ઞાતિનાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારુ છે.

૧૧. સવર્ણ અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. અહીં સવર્ણ કરતાં

બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૧૨. એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી. અહીં એસ.સી. અને એસ.ટી. જ્ઞાતિમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સરખુ છે.

૧૩. એસ.સી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. અહીં બક્ષીપંચમાં સમાવિષ્ટ શિક્ષકો કરતાં એસ.સી. જ્ઞાતિના પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૧૪. એસ.ટી. અને બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. અહીં બક્ષીપંચમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકો કરતાં એસ.ટી. શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૧૫. પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ નથી. અહીં પરિણીત અને અપરિણીત પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સમાન છે.

૧૬. શિક્ષિત અને અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં અશિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં શિક્ષિત માતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું જોવા મળે છે.

૧૭. શિક્ષિત અને અશિક્ષિત પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં

શિક્ષિત પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં અશિક્ષિત પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૧૮. નોકરી કરતાં અને ખેતી કરતાં પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. અહીં નોકરી કરતા પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં ખેતી કરતાં પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સરખું છે.

૧૯. નોકરી કરતાં અને અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં અન્ય વ્યવસાય કરતા પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં નોકરી કરતા પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨૦. ખેતી અને અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં અન્ય વ્યવસાય કરનાર પિતાના સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨૧. શિક્ષક અને બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં બિનશિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ શિક્ષક પિતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકો કરતાં વધારે સારું છે.

૨૨. શિક્ષક અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં

શિક્ષક માતા અને બિનશિક્ષક માતાનાં સંતાનો એવા પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ લગભગ સમાન છે.

૨૩. પી.ટી.સી. તરીકેની અને બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં પી.ટી.સી. કરતાં બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨૪. પી.ટી.સી. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહી પી.ટી.સી. કરતાં અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨૫. બી.એડ્. તરીકેની અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકો કરતાં બી.એડ્. તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨૬. પાંચ વર્ષથી ઓછો અને પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં પાંચ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકો કરતાં પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨૭. પાંચ વર્ષથી ઓછો અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો

કરતાં પાંચ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨૮. પાંચથી દશ વર્ષ અને દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં દશ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શિક્ષકો કરતાં પાંચથી દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૨૯. નિયમસરનો પગાર લેતાં અને નિયમ કરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં નિયમસરનો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકો કરતાં નિયમ કરતાં ઓછો પગાર લેતાં પ્રાથમિક શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

૩૦. લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતાં અને તજ્જ્ઞ તરીકેની ફરજ ના બજાવતા પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે. અહીં લઘુતમ અધ્યયન કક્ષાના તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવતા શિક્ષકોનું લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનું વલણ વધારે સારું છે.

## ૬.૪ ભલામણો :

૧. પ્રસ્તુત અભ્યાસ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સાત જિલ્લાઓની જિલ્લા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણાંકો જાણવા પૂરતો મર્યાદિત હતો. આવો અભ્યાસ ગુજરાતના અન્ય વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓના શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણો જાણવા માટે હાથ ધરી શકાય.

૨. પ્રસ્તુત અભ્યાસ લઘુતમ અધ્યયન કક્ષાના માત્ર આઠ ઘટકો પ્રત્યેનાં પ્રાથમિક શિક્ષકોના વલણાંકો જાણવા પૂરતો હતો. આ આઠ ઘટકો સિવાયના બીજા ઘટકોના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષકોના વલણાંકો જાણવા માટે હાથ ધરી શકાય.

૩. પ્રસ્તુત અભ્યાસ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલી જિલ્લા સંચાલિત પ્રાથમિક શાળામાં નોકરી કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેનાં વલણાંકો જાણવા માટેનો હતો. આવો અભ્યાસ ખાનગી પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતાં અને મ્યુનિસિપલ સંચાલિત પ્રાથમિક શાળામાં નોકરી કરતાં પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો જાણવા માટે હાથ ધરી શકાય.

૪. પ્રસ્તુત અભ્યાસ જિલ્લા સંચાલિત ગુજરાતી માધ્યમ વાળી પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતા શિક્ષકો વિશે કરવામાં આવ્યો હતો. આવો અભ્યાસ હિન્દી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ વાળી પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતાં શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો જાણવા માટે હાથ ધરી શકાય.

૫. પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતાં શિક્ષકો પૂરતો હાથ ધરવામા આવ્યો હતો. આવો અભ્યાસ અધ્યાપન મંદિરમાં નોકરી કરતાં અધ્યાપકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણાંકો જાણવા માટે હાથ ધરી શકાય.

૬. પ્રસ્તુત અભ્યાસ લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના પ્રાથમિક શિક્ષકોના વલણાંકો જાણવા માટે કરવામાં આવ્યો હતો. તેના બદલે અધ્યાપન મંદિરમાં તાલીમ લેતા પ્રશિક્ષણાર્થીઓના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણો જાણવા માટે હાથ ધરી શકાય.

# સંદર્ભ સૂચિ

# સંદર્ભ સૂચિ


*(અ) ગ્રંથો :*

દવે જયેન્દ્ર અને અન્ય. ***અધ્યાપન–અધ્યયન પ્રવિધિ અને શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન અને આંકડાશાસ્ત્ર***. અમદાવાદ, બી. એસ. શાહ પ્રકાશન, ૧૯૮૭–૮૮, ચોથી આવૃત્તિ, વિભાગ–૧.

દેસાઈ એચ. જી. અને દેસાઈ કે. જી. ***સંશોધન પ્રદ્ધતિ અને પ્રવિધિઓ.*** અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૨, પાંચમી આવૃત્તિ.

દેસાઈ કે. જી. ***મનોવિજ્ઞાન માપન***. અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૮૯, બીજી આવૃત્તિ, ૫૬૮.

દેસાઈ એચ. જી. અને ત્રિવેદી એમ. ડી. (સંપાદકો). ***શૈક્ષણિક સંશોધનની રૂપરેખા.*** રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૧૯૮૨, પ્રથમ આવૃત્તિ, ૩૩૫.

દેસાઈ કે. જી., શાહ જે. એચ. અને શાહ આર. પી. ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.*** અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૮૪, પ્રથમ આવૃત્તિ, ૨૮૪.

દેસાઈ કે. જી. અને દેસાઈ એચ. જી. ***મનોવૈજ્ઞાનિક માપન.*** યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, તૃતીય આવૃત્તિ, ૧૯૯૪, પૃષ્ઠ નં. ૪૬ થી ૬૧.

પારસનાથરાય. ***અનુસંધાન પરિચય***, લક્ષ્મીનારાયણ અગ્રવાલ, આગ્રા, ૧૯૮૧, પૃ.૧૦૩.

શર્મા આર. એ. ***શિક્ષા અનુસંધાન***. લાયકા બુક ડીપો, મેરઠ, ૧૯૮૬, પૃ. ૭૧.

Best J. W. ***Research in Education***. Prentice, Hate, 1959, p.30.

Edwards A. L. ***Techniques of Attitude Scale Constructions***. Bombay, Vakils, Foffer and Simon, 1965, pp. 152-157.

Good, C. V. ***Research in Education***. Macmillon, 1959.

Moole G. J. ***The Science of Educational Research***. Ureshia Pub. House, New Delhi, p. 382.

Mouly G. J. ***The Science of Educational Research***. (New Delhi, Eurasia, Publishing House Pvt. Ltd., 1979), p. 111.

Tackman B. W. ***Fundamentals of Educational Research***, Layka Book Depot, Meerut, 1986, p. 67.

***(બ) સામયિકો અને લેખો :***

ગોર, પ્રવિણચંદ્ર ; પ્રાથમિક શાળાનાં ક્ષમતાલક્ષી પાઠયપુસ્તકો, ગતિશીલ શિક્ષણ, ૧–૨, જાન્યુ. ફેબ્રુ. ૧૯૯૫.

ગોર, પ્રવિણચંદ્ર ; ક્ષમતાકેન્દ્રી પાઠયપુસ્તકોની વિશિષ્ટતા, ગતિશીલ શિક્ષણ, ૧–૨ જાન્યુ., ફેબ્રુ, ૧૯૯૫.

ચોધરી, આર. કે., જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ, DPEP માર્ગદર્શિકા (અનુવાદ), અમદાવાદ : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ૧૯૯૬.

ત્રિપાઠી, વિનોદભાઈ, રે., પ્રાથમિક શિક્ષણમાં લઘુતમ અધ્યયનકક્ષા, શિક્ષણ મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, (ડિસેમ્બર – ૧૯૯૪), પૃ. ૭.

પટેલ, મોહનભાઈ., ક્ષમતાકેન્દ્રી શિક્ષણક્ષેત્રે થેલાં સંશોધનોનાં તારણો, મૈત્રી વિદ્યાપીઠ, ૨૦, ૨, એપ્રિલ–મે–જૂન, ૧૯૯૭.

પટેલ, પુરષોત્તમભાઈ, અં., પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણાની મથામણ, ગતિશીલ શિક્ષણ, ૧૦–૧૧, ઓકટો, નવે, ૧૯૯૫.

ભોગાયતા, ચંદ્રકાન્ત., શિક્ષણમાં ગુણવત્તા સુધારણા : અર્થ અને ઉકેલ, ગતિશીલ શિક્ષણ, ૧૦–૧૧, ઓકટો, નવે, ૧૯૯૫.

***(ક) સંશોધન અહેવાલ :***

ભટ્ટ દિપકભાઈ, "પ્રાથમિક શાળાના શિક્ષકોના ક્ષમતાકેન્દ્રી શિક્ષણ પ્રત્યેના વલણોનો અભ્યાસ", ***અપ્રકાશિત મહાનિબંધ***, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૬.

ભટ્ટ ઉષાબહેન, "અમદાવાદ શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની (એમ.એલ.એલ.) પ્રોજેકટનો અમલ કરતી શાળાઓના ધોરણ–૪ના વિદ્યાર્થીઓની ભાષા ક્ષમતાની સિદ્ધિ અને કચાશની ચકાસણી", *અપ્રકાશિત મહાનિબંધ*, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૩.

ભોરણિયા શાંતિલાલ, "સૌરાષ્ટ્રમાં પ્રાથમિક શાળાના શિક્ષકોએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં શ્રેણી–૬ એમ.એલ.એલ.ની મેળવેલ તાલીમની અસરકારકતાનું તેમને સિદ્ધિપ્રેરણા અને વ્યવસાય પ્રત્યેના વલણનાં સંદર્ભમાં અભ્યાસ", *અપ્રકાશિત મહાનિબંધ*, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૧.

ડાભી પ્રવિણભાઈ, "પર્યાવરણ ક્ષમતાકેન્દ્રી શિક્ષણ : એક અભ્યાસ". *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૨.

દેવડા દીપુબા, "પ્રાથમિક કક્ષાએ એમ.એલ.એલ.ના સંદર્ભમાં ક્ષમતાલક્ષી કસોટી રચના અને યથાર્થીકરણ", *અપ્રકાશિત મહાનિબંધ,* સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૬.

દેશમુખ સીતારામ, "બિનતાલીમી આદિવાસી શિક્ષકોની ધોરણ–૪ની ક્ષમતાઓનાં સંદર્ભમાં સિદ્ધિનો અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૪.

ગોર પ્રવિણચંદ્ર, "પ્રાથમિક શાળાના બાળકો માટે લઘુતમ અધ્યાપન કક્ષાના સંદર્ભમાં ક્ષમતાલક્ષી કસોટીઓ દ્વારા સિદ્ધિ માપન". *અપ્રકાશિત મહાનિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૮.

ગઢવી રાજેન્દ્ર, "ગુજરાત રાજયના અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની ગણિત વિષયની સિદ્ધિ કક્ષાનો અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૪.

ગુપ્તા રામકુમાર, "અમદાવાદ સ્કૂલ બોર્ડ સંચાલિત એમ.એલ.એલ. પ્રોજેકટ હેઠળ ચાલતી શાળાઓ અને સામાન્ય મ્યુનિસિપલ શાળાઓના ધોરણ–૩ના વિદ્યાર્થીઓની ગણિત અને પર્યાવરણ વિષયની સિદ્ધિઓનો તુલનાત્મક અભ્યાસ". અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૩.

કોરડિયા મનોજ, "એમ.એલ.એલ. અભિગમ પ્રત્યેના પ્રાથમિક શિક્ષકોના મનોવલણોનો અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૧.

નિમાવત છબીલદાસ, "લઘુતમ અધ્યયન કક્ષા કાર્યક્રમ (એમ.એલ.એલ.) યોજના અંગે લોધીકા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૦.

પટેલ ભગવાનભાઈ, "અવૈધિક શિક્ષણકેન્દ્રોનાં વિદ્યાર્થીઓની ક્ષમતાસિદ્ધિનો અભ્યાસ" *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૫.

પટેલ જ્યોત્સનાબેન, "ગુજરાત રાજયની આશ્રમ શાળાઓનાં ધોરણ–૫નાં વિજ્ઞાન વિષયની ક્ષમતાકેન્દ્રી કસોટીઓમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ અને કચાસનો અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૪.

પટેલ જિતેન્દ્રભાઈ, "અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ધોરણ–૪નાં વિદ્યાર્થીઓની ગણિત ક્ષમતાઓની સિદ્ધિ ચકાસણી", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૯૭.

પટેલ મનસુખભાઈ, "અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ક્ષમતાકેન્દ્રી અને બિનક્ષમતાકેન્દ્રી પ્રાથમિક શાળાઓના ધોરણ ૧ થી ૪માં બાળકોનાં ગણિત વિષયની કસોટીઓનાં પરિણામોનો તુલનાત્મક અભ્યાસ". *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૩.

પટેલ મયંકભાઈ, "ઉત્તર ગુજરાતની આશ્રમશાળાઓના ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓની ગણિત વિષયની ક્ષમતાકેન્દ્રી પૂર્વકસોટીઓમાં સિદ્ધિ અને કચાશનો અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૨.

પટેલ પ્રેમીલાબહેન, "અમદાવાદ શહેરની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ–૫ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયમાં લઘુતમ સિદ્ધિ કક્ષાનો અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* શિક્ષણશાસ્ત્ર ભવન, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૮.

પટેલ રસિકભાઈ, "ઉત્તર ગુજરાતની આશ્રમશાળાઓની શ્રેણી ૧ થી ૪નાં પર્યાવરણ વિષયની ક્ષમતાકેન્દ્રી પૂર્વ કસોટીઓમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ અને કક્ષાનો અભ્યાસ" *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૨.

પટેલ વિમળાબેન, "અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનાં અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની ગુજરાતી વિષયની લઘુતમ સિદ્ધિકક્ષાનો અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૫.

રામાનુજ ચંદ્રકાન્ત, "લઘુતમ અધ્યયન કક્ષા અંતર્ગત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સિદ્ધિ કસોટીની રચના અને પ્રમાણીકરણ તથા સિદ્ધિ પર અસર કરતા પરિબળો", *અપ્રકાશિત મહાનિબંધ,* સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૨.

રાઠોડ દેવેન, "બુનિયાદી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓની સિદ્ધિ કક્ષા : એક અભ્યાસ", *અપ્રકાશિત લઘુશોધ નિબંધ,* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૪.

વિજાણી કલાબહેન, "લઘુતમ અધ્યયન કક્ષા અંતર્ગત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણ વિષયની સિદ્ધિ કસોટીની રચના કરી અને તેનું પ્રમાણીકરણ કરવું તથા સિદ્ધિ પર અસર કરતા પરિબળોનો અભ્યાસ", *અપ્રકાશિત મહાનિબંધ,* સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૨.

# પરિશિષ્ટ

# પરિશિષ્ટ – ૧

## *ઘટકોની પસંદગી માટે પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલ અનુભવી વ્યક્તિઓના નામોની યાદી*

| *ક્રમ* | *તજ્જ્ઞશ્રીનું નામ* | *જિલ્લો* |
|---|---|---|
| ૧. | શ્રી ગજેન્દ્રભાઈ જોષી | સુરેન્દ્રનગર |
| ૨. | શ્રી મનોજભાઈ આર. કોરડિયા | સુરેન્દ્રનગર |
| ૩. | શ્રી કે. વી. ચાવડા | જામનગર |
| ૪. | શ્રી લીના વી. વિસરોલિયા | જૂનાગઢ |
| ૫. | શ્રી કનુભાઈ કરકર | અમરેલી |
| ૬. | શ્રી બિલખિયા ઈલાબહેન | સાવરકુંડલા |
| ૭. | શ્રી મજેઠિયા રશ્મિબહેન | રાજકોટ |
| ૮. | શ્રી ધામી બાબુભાઈ | સુરેન્દ્રનગર |
| ૯. | શ્રી પરમાર પુરુષોતમભાઈ | સુરેન્દ્રનગર |
| ૧૦. | શ્રી લાઠીયા લાલજીભાઈ | સુરેન્દ્રનગર |
| ૧૧. | શ્રી ક્રિશ્ચિન કુસુમબહેન આર. | સુરેન્દ્રનગર |
| ૧૨. | શ્રી રાજયગોર પ્રવીણાબહેન | સુરેન્દ્રનગર |
| ૧૩. | શ્રી સોમપુરા સુધાબહેન | સુરેન્દ્રનગર |
| ૧૪. | શ્રી લાંધણોજી વિનોદીનીબહેન પી. | સુરેન્દ્રનગર |
| ૧૫. | શ્રી દુલેરા સાહેબ | સુરેન્દ્રનગર |
| ૧૬. | શ્રી દુધરેજિયા મીતા જે. | ભાવનગર |
| ૧૭. | શ્રી તારપરા લાભુબહેન | સુરેન્દ્રનગર |
| ૧૮. | શ્રી અગ્રવાત શોભના | સુરેન્દ્રનગર |
| ૧૯. | શ્રી નિમાવત સી. એ. | સુરેન્દ્રનગર |
| ૨૦. | શ્રી ઝાલા અનિલાબા | સુરેન્દ્રનગર |

## પરિશિષ્ટ – ૨

*લઘુતમ અધ્યયન કક્ષાના ઘટકોની પસંદગી કરવા માટે તજ્જ્ઞશ્રીઓને વિનંતી પત્ર*

પ્રયોજક :
***શ્રી શેખ નસરીન એમ.***
અધ્યાપક
શ્રીમતી સદગુણાબહેન સી.યુ.શાહ
અભ્યાપન મંદિર, વિકાસ વિદ્યાલય,
વઢવાણ

માર્ગદર્શક :
***ડો. જી. જી. નકુમ***
વ્યાખ્યાતા
શ્રીમતી એમ.એમ.શાહ
બી. એડ્. કોલેજ,
વઢવાણ

પ્રતિશ્રી,

..............................

..............................

ભાવવંદન,

જયભારત સાથ જણાવવાનું કે હું પીએચ.ડી. (શિક્ષણ)નો અભ્યાસ કરી રહી છું. મારા આ અભ્યાસના સંશોધનનો વિષય આ મુજબ છે :

"પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણોનો અભ્યાસ"

આ સંશોધન સંદર્ભે પ્રાથમિક શિક્ષકોનાં વલણો જાણવા માટે એક વલણમાપદંડ તૈયાર કરવાની જરૂર છે. તેમાં લઘુતમ અધ્યયન કક્ષાનાં કયાં કયાં ઘટકોનો સમાવેશ કરવો તે અંગે તજ્જ્ઞ તરીકે આપશ્રીનો અભિપ્રાય મેળવવો જરૂરી છે. આપશ્રીનો ઘટક અંગેનો અભિપ્રાય આ સાથે જોડાયેલ પત્રમાં આપવા નમ્ર વિનંતી.

સરકારની અપેક્ષા સહ,

આપની વિશ્વાસુ
શેખ નસરીન એમ.

# પરિશિષ્ટ – ૩

## *વિધાનોની ચકાસણી કરી આપનાર નિષ્ણાતોના નામની યાદી*

| *ક્રમ* | *નિષ્ણાતશ્રીનું નામ* | *સંસ્થા* |
|---|---|---|
| ૧. | ડૉ. વિનાયક કે. ધોત્રે | નિવૃત નાયબ નિયામક, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદ |
| ૨. | ડૉ. યશોમતી પટેલ | નિવૃત્ત પ્રાચાર્ય, એસ.એસ.યુ. કોલેજ ઓફ એજયુકેશન, અમદાવાદ |
| ૩. | ડૉ. આરતીબહેન કસ્વેકર | અધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪. | ગજેન્દ્ર જોષી | પ્રાચાર્યા, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, સુરેન્દ્રનગર |
| ૫. | રમેશ કોઠારી | રીડર, શિક્ષણ વિભાગ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા |
| ૬. | ડૉ. દીપુબા દેવડા | વ્યાખ્યાતા, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૭. | ડૉ. પ્રવીણભાઈ ડાભી | વ્યાખ્યાતા, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૮. | ડૉ. પ્રવીણભાઈ ગોર | વ્યાખ્યાતા, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૯. | ડૉ. કાન્તીભાઈ પરમાર | વ્યાખ્યાતા, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૦. | લાલજીભાઈ લાઠિયા | આચાર્ય, લ. ન. મૈત્રી અધ્યાપન મંદિર, સુરેન્દ્રનગર |
| ૧૧. | ડૉ. ચન્દ્રકાન્ત ભોગાયતા | પ્રોફેસર અને હેડ ઓડ ડિપાર્ટમેન્ટ, શિક્ષણશાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર |

| | | |
|---|---|---|
| ૧૨. | ડૉ. મોતીભાઈ પટેલ | પ્રાચાર્ય, મૈત્રી વિદ્યાપીઠ, માનવ મંદિર, સુરેન્દ્રનગર |
| ૧૩. | ડૉ. માંડલિક સાહેબ | પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ |
| ૧૪. | ડૉ. દિનેશભાઈ ઉચાટ | પ્રોફેસર અને હેડ ઓડ ડિપાર્ટમેન્ટ, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૧૫. | ડૉ. પ્રવીણાબહેન બુદ્ધદેવ | અધ્યક્ષ, એકેડેમિક સ્ટાફ કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૧૬. | ડૉ. રસિકભાઈ ઠકકર | વ્યાખ્યાતા, એમ. એમ. શાહ બી.એડ્. કોલેજ, વઢવાણ |
| ૧૭. | ડૉ. બળવંતભાઈ વ્યાસ | વ્યાખ્યાતા, મૈત્રી વિદ્યાપીઠ, માનવ મંદિર, વઢવાણ |
| ૧૮. | ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર | પ્રોફેસર અને હેડ ઓડ ડિપાર્ટમેન્ટ, શિક્ષણશાસ્ત્ર ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૧૯. | ડૉ. બિન્દુબહેન પોપટ | પ્રાચાર્ય, એમ. એમ. શાહ બી. એડ્. કોલેજ, વઢવાણ |
| ૨૦. | મનોજ કોરડિયા | વ્યાખ્યાતા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર. |

# **પરિશિષ્ટ – ૪**

*વિધાનોની યાદી*

પ્રયોજક :
***શ્રી શેખ નસરીન એમ.***
અધ્યાપક
શ્રીમતી સદગુણાબહેન સી.યુ.શાહ
અધ્યાપન મંદિર, વિકાસ વિદ્યાલય,
વઢવાણ

માર્ગદર્શક :
***ડો. જી. જી. નકુમ***
વ્યાખ્યાતા
શ્રીમતી એમ.એમ.શાહ
બી. એડ્. કોલેજ,
વઢવાણ

પ્રતિશ્રી,

..............................

..............................

ભાવવંદન,

જયભારત સાથ મારા પીએચ.ડી.ના સંશોધનના ભાગ રૂપે પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણોનો અભ્યાસ કરવાનો હોવાથી મેં બે વિભાગોમાં હકારાત્મક અને નકારાત્મક વિધાનોની સૂચિ તૈયાર કરી છે.

બન્ને વિભાગના વિધાનો વાંચી આપની દૃષ્ટિએ જે વિધાન યોગ્ય લાગે તે વિધાનના સામેના ખાનામાં ✓ અને જે વિધાન યોગ્ય ન લાગે તે વિધાનના સામેના ખાનામાં X નું નિશાન કરી આપવા નમ્ર વિનંતી.

નિષ્ણાતનું નામ :

સરનામું :

સરકારની અપેક્ષા સહ,

આપની વિશ્વાસુ
શેખ નસરીન એમ.

# પ્રાથમિક શિક્ષકોના લઘુતમ અધ્યયન કક્ષા પ્રત્યેના વલણોનો અભ્યાસ

## હકારાત્મક વિધાનો

| ઘટક–૧ : ક્ષમતાકેન્દ્રી શિક્ષણ | | નિશાની |
|---|---|---|
| ૧._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એ પૂર્ણજીવન પ્રાપ્તિનો અભિગમ છે. | |
| ૨._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એ અધ્યેતાકેન્દ્રી છે. | |
| ૩._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એટલે ગુણાત્મક શિક્ષણનો સાર્વત્રિકરણનો કાર્યક્રમ | |
| ૪._ | બાળક જીવનની પાયાની બાબતો પારંગતતાની કક્ષાએ શીખે એ ક્ષમતાકેન્દ્રી શિક્ષણનું હાર્દ છે. | |
| ૫._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એ તમામ વિદ્યાર્થીઓમાં સમાનતા સ્થાપિત કરવાનું શિક્ષણ છે | |
| ૬._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એટલે ભાર વગરનું ભણતર | |
| ૭._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એટલે બધાને પાકું પાકું આવડે | |
| ૮._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એટલે કાર્યકૌશલ્યનું શિક્ષણ | |
| ૯._ | લઘુતમ અધ્યયન કક્ષા એટલે બુદ્ધિશક્તિની સાથે સ્નાયુઓના કૌશલ્યનું સંકલન | |
| ૧૦._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણમાં બાળકને શીખવા કરતાં શીખવાની ક્રિયા શીખવવા પર ભાર મુકવાનું શિક્ષણ | |
| ૧૧._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એટલે વર્ગનાં બધાં જ બાળકો પાયાનું લઘુતમ અધ્યયન પારંગતતાની કક્ષાએ મેળવે | |
| ૧૨._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણમાં સંકલ્પનાના શિક્ષણને સ્થાન છે. | |
| ૧૩._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એટલે ક્ષમતાઓના પૂર્ણ વિકાસનું શિક્ષણ | |
| ૧૪._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એટલે બાળકમાં રહેલી આંતરિક શક્તિઓને ક્ષમતાઓ દ્વારા પ્રકાશિત કરવાનું શિક્ષણ | |
| ૧૫._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ દ્વારા શિક્ષણની ગુણવતા વધે છે. | |
| ૧૬._ | ક્ષમતાકેન્દ્રી શિક્ષણ એટલે બાળકોની પ્રવૃત્તિઓની સાથે અધ્યયન પ્રક્રિયાને સાંકળવી | |

| | | |
|---|---|---|
